# કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર મ. રાવળ


પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

વર્ષ ૬૫મું
જુલાઇ, ૧૯૯૨
સળંગ અંક
૭૭૪
તંત્રી : ધીરુ પરીખ
સંપાદક : બિહારીલાલ ટાંક



વરસાદનાં એંધાણ • ફોટો : ઍન્સલ ઍડમ્સ

(ફોટો • 'યુસિસ'ના સૌજન્યથી)



તેજછાયાનું કાવ્ય . ઍન્સલ ઍડમ્સ

'કુમાર' વર્ષ પાંસઠમું

# સાંકળિયું

જુલાઈ ૧૯૯૨ · સળંગ અંક ૭૭૪



કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ : પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧.

વાર્ષિક લવાજમ રૂ. ૭૫; પરદેશમાં રૂ. ૩૫૦; આજીવન રૂ. ૭૫૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

## દિયો

હે ભુવન ભુવનના સ્વામી,
આ ઝરે આંસુની ધાર, દીન પોકાર,
પુનિત હે પાવન નામી!
હે ભુવન o

આથમણી આ સાંજ ભૂખરી ઝાંખી ધૂસર,
રે અંધ આંખ, સૌ અંગ ધ્રૂજતાં ભાગ્યાં જર્જર;
અને પગલે પલપલ થાક લથડતાં ડગમગ થરથર.
એને લિયો ઉઘાડી દ્વાર, પરમ આધાર,
શરણ રે ચરણે પામી.
હે ભુવન o

અંતરમાં સ્મરણો અગણિત શાં સૂતાં પલપલ,
એ જાગી દેતાં દાહ, દુઃખદાવાનલ પ્રજવલ,
એને અંક ધરી દો શાંતિ-સુખ હે શીતલ વત્સલ.
અને દિયો અભયનાં દાન, સુધાનાં પાન
અમલ, હે અન્તર્યામિ !
હે ભુવન o

પિનાકિન્ ઠાકોર

## મનાલીને/જશવંત લ. દેસાઈ

(વસંતતિલકા - સૉનેટ)

જોઉં તને પ્રથમ વાર જ હે મનાલી!
લાગે છતાં પરિચિતા અમથી જ વ્હાલી,
પાંખો ફૂટે નીરખતાં તરુ દેવદાર,
ઊડું વનેવન ઉમંગથી ડાળડાળ;

કિલ્લોલતાં નીરખી નિર્ઝરવૃંદ, ઊઠે
આલિંગવા ગજબ અંતરમાં ઉછાળ!
જાણે પડી રમત બંધ, પડ્યા વિખૂટા
ભેરુતણી મળી અચાનક આજ ભાળ!

આંબી શકું ન નભ ઉન્નત અદ્રિશૃંગ,
કિંતુ સમીપ લઘુ ટેકરી કૈંક ડુંગરા
ભાંખોડિયાં ભરીભરી ચઢી જાય મારું
જિદ્દે ચઢેલ મન હર્ષ થકી અનેરા!

હું ધન્ય આજ નીરખી તુજને મનાલી,
મારું હશે વતન કોઈક જન્મ આંહીં.

## અષાઢ/જયેશ ભટ્ટ

(શિખરિણી-સૉનેટ)

ફરી વ્યોમે જામી અરવ પગલે શીતળ હવા
અને ખંડેરોમાં, છલક પળ આવી જળ ભરી
સરી પાંદેપાંદે, મદિર જળથી સૂર્ય પલળે-
પછી ભીનાં અંગે, મૃદુલ કિરણે ફૂલ અડકે
જરી, ત્યાં તો આવે સુરભિ લઈને માદક હવા
અને મારી આંખે મધુર તડકે તેજ પ્રગટે.

પણે મીઠા કંઠે મયૂર કરતા નાદ હળવો;
થતી ઊંડે ઊંડે સજળ પળની તા થનક થૈ.
રગોમાં ઘૂંટાતું પુલકિત અષાઢી નભ ઝરે
બધું ભેદી છેદી ઝરણ નસમાં નૂતન અને
યુગોની આ તૃષ્ણા તળ-અતળમાં વાદળ ધરી
હયાતીમાં નાચે અમરત સમું રૂપ બદલી.

ધરાના ઊંડાણે સકળ નભ હેતાળ વરસી
મને આજે ઊંડે જલધિ પળમાં પાવન કરો !

## ભીંજવે છે/દીનેશ ડોંગરે 'નાદાન'

(ગઝલ)

અગમની અવિરત તરસ ભીંજવે છે,
ક્ષણે-ક્ષણ ને વરસોવરસ ભીંજવે છે.

કદી કો'ક ઘટના જ કોરાપણાની -
હયાતીને કેવી સરસ ભીંજવે છે !

વહી જાય જે મેઘ વરસ્યા વિનાના,
પછી એ જ દિવસોદિવસ ભીંજવે છે.

અહીં પ્રેમનો માત્ર અંજામ એક જ
નયનને અરસ ને પરસ ભીંજવે છે.

## સપનાનો તોલ/પીયૂષ પંડ્યા 'જ્યોતિ'

(ગાન)

સપનાનું તોળ્યે વજન કેટલું રે થાય?
ફૂલ તણી ફોરમ ભૈ કેટલે જોખાય?

નારીના હૈયામાં ઝીણા ધબકાર
કેવા રે અંકાતા એના આકાર!?
વાયરામાં વાદળાં જો સરતાં તોળાય!

નજરુંમાં જોણાનું કેટલું રે માપ?
સૂરમાં તું તોળી દે ઉરનો આલાપ!
બ્હાવરી ઉતાવળ આ પગલે અંકાય!

## છાંટો/સતીષ જે. દવે

(ગઝલ)

મળે ચાર આંખો થઈ જાય દરિયો,
પછી એક દરિયો થઈ જાય દરિયો.
થતી કેવી પીડા હશે રાતદિવસ,
વચાળેથી ઊંચો થઈ જાય દરિયો !
સૂરજ એટલે તો ડૂબી જાય અંદર,
રખે ક્યાંક ટાઢો થઈ જાય દરિયો.
નથી કોઈ કારણ જડ્યું શોધવાથી,
તને જોઈ ઑંખો થઈ જાય દરિયો.
બહુ જો લગાવીશ 'સતીષ' તું ધુબાકા,
દરિયાઈ છાંટો થઈ જાય દરિયો.

કલકત્તાની ઉત્તરે, થોડે દૂર કોન્નગર નામનું એક નાનકડું ગામ. ગંગા પાસેથી જ વહે છે. આ કોન્નગરમાં કલકત્તેથી અઢાર-ઓગણીસનો એક લવરમૂછ જુવાન પોતાને સાસરે આવ્યો છે. એના પિતા સિકરાકુલીન ગામના સંપત્તિવાન કુલીન જમીનદાર હતા. પુત્રની સગવડ ખાતર એ કલકત્તે વસતા હતા. જમાઈબાબુ પહેલી વાર સાસરે આવ્યા હતા એટલે સારી મહેમાનગત પામે એમાં નવાઈ શી? પાછા કલકત્તે જવા નીકળ્યા ત્યારે તેમની સાથે જવા તેમના સાળા મનમોહન પણ હતા.

સાસરેથી નીકળતી વખતે પત્નીને મળીને વિદાય લેવા જેવું બહુ ન હતું. કારણ, મનમોહનની બહેન વિશ્વેશ્વરી, કલકત્તાના યુવાનની પત્ની, માંડ અગિયાર વરસની હતી. આણું વળાવવા જેવડી ન હતી. છતાં, એ નાનકડી કિશોરીના કમળ સમા હૈયામાં સંસાર, સાસરું, પતિ ઇત્યાદિના ખ્યાલના બુદ્‌બુદો ઊઠવા લાગ્યા હશે. એ યુગમાં મુગ્ધતાયે વહેલી આવતી હશે ને? રૂઢિગત સમાજની મર્યાદામાં રહી, ઘરની મેડીની બારીમાંથી એણે પોતાના પતિને અને ભાઈને જતાં નિહાળ્યા હશે અને એ વયે શક્ય તે ભાવિનાં શમણાંમાં એ ખોવાઈ ગઈ હશે. આ તરફ એના પતિને પાછળ જોવાની પડીયે ન હતી.

મનમોહન અને એના બનેવી શ્રી રાખાલચંદ્ર ઘોષ કોન્નગરની હોડીમાં બેસી કલકત્તે આવતા હતા ત્યાં વચ્ચે દક્ષિણેશ્વર આવ્યું. ત્યાં રાણી રાસમણિએ ગંગાતટે બંધાવેલા ભવ્ય કાલીમંદિરનો ઘાટ આવતાં હોડી થોભી. જગદંબાનાં દર્શન-અર્થે બંન્ને જણ મંદિરના પટાંગણમાં દાખલ થયા. પરંતુ કરુણામયી જગદંબાના અને ત્યાં આવેલાં બીજાં દેવાલયોમાં દર્શન કરી પાછા હોડીમાં જવાને બદલે મનમોહન મંદિર ફરતા ચોગાનને વાયવ્ય ખૂણે આવેલા એક ઓરડા ભણી રાખાલચંદ્રને લઈ ગયા. ઓરડામાં પેસતાં જ રાખાલે અદ્‌ભુત તેજસ્વી, અતિ કોમળ અને સદા પ્રસન્ન એવા શ્રી રામકૃષ્ણનું પ્રથમ દર્શન કર્યું. પણ શ્રી રામકૃષ્ણને તો રાખાલનું દર્શન એના ત્યાં આવ્યાની થોડી ક્ષણ પહેલાં જ થયું હતું. એક કે બીજે રૂપે એવી અનુભૂતિ એમને ત્રણેક વેળા થઈ હતી.

કલકત્તાથી સવાસોએક કિલોમીટર દૂર આવેલા કામારપુકુર નામના ગામડાના એક ભક્તિપ્રિય બ્રાહ્મણ માતાપિતાને ત્યાં શ્રી રામકૃષ્ણનો જન્મ સને ૧૮૩૬માં થયો હતો. ગામડાં ભાંગવાની શરૂઆત થઈ ચૂકી હતી. એટલે થોડું બંગાળી લખતાંવાંચતાં શીખી, પોતાના મોટાભાઈના પુરોહિતકાર્યમાં સહાયરૂપ થવા શ્રી રામકૃષ્ણને કલકત્તે મોકલવામાં આવ્યા. તે વખતે તેમની વય સત્તર વરસની. મોટા ભાઈની સાથે જ, થોડા જ સમય પછી, એ દક્ષિણેશ્વર આવ્યા. આરંભના થોડા વાંધાવિરોધ પછી કાલીમાતાની પૂજાના કાર્યમાં મામૂલી પગારે તેઓ જોડાયા હતા. બાળપણથી જ તેઓ ઈશ્વરાનુરાગી હતા એટલે, મા જગદંબાની પૂજા તેઓ સાચા અંતઃકરણથી કરતા. પણ માનાં દર્શનની એમની લગન મા સંતોષતી નહોતી. આખરે એક રાતે એ યુવાન પૂજારીએ હઠ કરી અને મંદિરમાં ખૂણે પડેલું ખડ્ગ લઈ પોતાને ગળે મૂક્યું. માની કૃપા વિના, માનાં દર્શન વિના જીવનનો શો અર્થ ? એમની અનન્ય ભક્તિથી મા પ્રસન્ન થયાં.

પછી શ્રી રામકૃષ્ણે વિધિવત્ સાધના આરંભી. જુદા જુદા પંથના ગુરુઓ એમની પાસે આવ્યા અને એમણે હિંદુધર્મના વિવિધ સાધનામાર્ગો અનુસાર સાધના કરી. બહુ જ ટૂંકા સમયમાં દરેક માર્ગના સિદ્ધિના સર્વોચ્ચ શિખરે તેઓ જઈ પહોંચતા, જેથી તેમના ગુરુઓ પણ વિસ્મિત થઈ જતા. અદ્વૈતના ઉત્તુંગ શિખરને સર કર્યા પછી, મા જગદંબા પાસેથી એમને આદેશ મળ્યો : 'ભાવમુખે રહે'. માની ઇચ્છા તેમણે માથે ચડાવી. શિખ, ખ્રિસ્તી, ઇસ્લામ વગેરે ધર્મોની સાધના પણ તેમણે કરી. આ બધી વિવિધ વિશાળ અને ઊંડી અનુભૂતિને અંતે તેઓ એ નિર્ણય પર આવ્યા કે બધા ધર્મો, બધા સંપ્રદાયો, એક જ ઈશ્વરને પામવાના જુદા જુદા માર્ગો છે. આ બધું બાર વર્ષ ચાલ્યું.

હવે એમની પાસે ભક્તો અને અનુયાયીઓ આવવા માંડ્યા. એ સૌ સાથે તેઓ આનંદપૂર્વક ધર્માલાપ કરતા, પણ એમને માએ દેખાડી દીધું હતું કે એમની પાસે યુવાન શિષ્યોનું એક વૃંદ આવશે. મંદિરના મોરાના ભાગની અગાશી પર ચડી રોજ સાંજે કલકત્તા તરફ જોઈ તેઓ આતુરતાપૂર્વક અને કોઈક વાર આંસુ સાથે પોકારી ઊઠતા : 'ક્યાં છો તમે, દીકરાઓ ? આજેય ન આવ્યા ! જલદી જલદી આવો.'

શ્રી રામકૃષ્ણને વિવિધ દર્શનો થતાં. એક વેળા નરરૂપે તેમણે નારાયણને જોયેલા. એ નરેન્દ્ર - સ્વામી વિવેકાનંદ - હતા. એ જ રીતે દક્ષિણેશ્વરમાં રાખાલનું આવવાનું થયું એના થોડા દિવસ પહેલાં એમને એક અનુભૂતિ થયેલી. માએ એમને ખોળે એક બાળક મૂકી દીધો ને કહ્યું : 'આ તારો પુત્ર છે.'

'મારે કેવો પુત્ર, મા?' વિસ્મિત થઈને તથા જરા આંચકા સાથે શ્રી રામકૃષ્ણે માને પૂછ્યું. લગ્ન કર્યાં હોવા છતાં શ્રી રામકૃષ્ણ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા.

'ત્યાગી માનસપુત્ર. દૈહિક પુત્ર નહીં. તારું કાર્ય કરનારો,' મા બોલ્યાં. અને આ અનુભૂતિ પછી તરત જ એક દહાડે રાખાલનું ત્યાં આવવું થયું. રાખાલના આગમનની થોડીક વાર પહેલાં જ માએ શ્રી રામકૃષ્ણને આવતા રાખાલનું અદ્‌ભુત દર્શન કરાવી દીધું હતું. એટલે તદ્દન સ્વાભાવિકપણે તેમણે રાખાલનું સ્વાગત કર્યું. પોતાના ઉમળકાને અંતરમાં જ દબાવી રાખી, તેમણે રાખાલની ગોળ મુખમુદ્રાનું, એની આંખોમાંથી ડોકાતા નિષ્પાપ હૃદયનું, એના પવિત્ર મનોભાવનું અને સુદૃઢ દેહયષ્ટિનું નિરીક્ષણ કરી લીધું. પછી પોતાના પરિચિત ભક્ત મનમોહનને કહ્યુ : 'સુંદર આધાર છે.' ને પછી રાખાલ તરફ ફરી પૂછ્યું : 'તારું નામ શું છે?'

'રાખાલચંદ્ર ઘોષ' સ્થિર ભાવે રાખાલે ઉત્તર આપ્યો.

આ નામ સાંભળતાં જ અંતરમાં અત્યાર સુધી ધરબી રાખેલો ઉમળકો ફુવારાની જેમ ઊછળી ઊઠ્યો. ભાવવિભોર બની શ્રી રામકૃષ્ણ બોલી ઊઠ્યા : 'રાખાલ! વ્રજનો રાખાલ! બરાબર એ જ નામ!' માએ એમને પુત્રનું નામ પણ બતાવી દીધું હતું! (રાખાલ એટલે ગોપબાલ, વ્રજકિશોર, કૃષ્ણસમો) ને એ પ્રિયપુત્ર અહીં સામે જ બેઠો હતો. પોતે એને માટે કેટલું ઝૂરતા હતા! સ્વસ્થ થતાં થોડી વાર લાગી. પછી વાત્સલ્યભાવે કહે : 'લે ફરી આવજે હો!'

## સમૃદ્ધિની સોડ ત્યાગી આત્મોદ્ધારનો વૈરાગ્યપથ સ્વીકારનાર રાખાલચંદ્ર ઘોષ



# સ્વામી બ્રહ્માનંદ

દુષ્યંત પંડ્યા

આ તરફ રાખાલ પણ આ પ્રથમ મિલને જિતાઈ ગયા હતા. આ મહાપુરુષના પ્રથમ દર્શને એના હૃદયમાં વિદ્યુત્ઝંકાર કરી દીધો હતો. એનું હૃદય દિવ્ય પ્રકાશ, પરમ આનંદ અને આ દિવ્ય પુરુષ પ્રત્યેના અવર્ણનીય આકર્ષણનો ત્રિવેણીસંગમ બની ગયું હતું. ત્યાંથી ઊઠી કલકત્તે આવતાં આખી વાટમાં એના કાનમાં, એના હૃદયમાં પડઘા પડતા હતા : 'ફરી આવજે, હો!'

આનંદમોહન ઘોષ સુખી, સાધનસંપન્ન જમીનદાર હતા. પત્ની કૈલાસકામિની સાથે પોતાની જમીનદારીના ગામ સિકરાકુલીનમાં તે સુખચેનથી રહેતા હતા. સને ૧૮૬૩ના જાન્યુઆરીની ૨૧મી તારીખે, સ્વામી વિવેકાનંદના જન્મ પછી બરાબર નવમે દિવસે, એમને ત્યાં પુત્રનો જન્મ થયો. નામ પાડ્યું રાખાલ. એને પાંચમે વર્ષે કૈલાસકામિનીનો સ્વર્ગવાસ થયો. પિતાએ ફરી લગ્ન કર્યાં. નવી માતા હેમાંગિનીદેવીએ સ્નેહથી રાખાલને ઉછેર્યા.

રાખાલને ભણાવવા માટે જમીનદાર પિતાએ ઘર પાસે જ શાળા સ્થાપી. પોતાની ભાવપૂર્ણ આંખો, સૌમ્ય મુખમુદ્રા, પ્રસન્ન પ્રકૃતિ, તેજસ્વી બુદ્ધિ અને સુગ્રથિત દેહયષ્ટિને લઈને રાખાલ સૌના પ્રિય બની ગયા. 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે રમઝમ'ના એ જમાનામાં જમીનદારના પુત્ર હોવાને નાતે કદાચ રાખાલને શિક્ષા ન થતી હોય, પણ બીજા વિદ્યાર્થીનો કાન અમળાતો જોઈને પણ રાખાલનું હૃદય દ્રવીભૂત થઈ જતું. પરિણામે શિક્ષકો પણ મૃદુ બન્યા અને શિક્ષાનું સ્થાન વિદ્યાર્થીઓ પ્રત્યેના પ્રેમે લીધું. અભ્યાસના વિષયો ઉપરાંત રાખાલને રમતગમત, કુસ્તી વગેરે ખૂબ ગમતાં. બધાંમાં એમનો નંબર હંમેશાં પહેલો જ આવતો. પિતાની જાગીરમાં બગીચાઓ હતા એટલે બગીચાઓમાં ફરવાનો અને ત્યાંનાં ફળફૂલ પ્રત્યેનો પણ તેમને અગાધ પ્રેમ હતો. એટલી જ પ્રીતિ નાનપણથી તેમને ધર્મ પ્રત્યે હતી. ગામને ગોંદરે આવેલા કાલીમંદિર પાસેના બીલીવૃક્ષ પાસે જાતે બનાવેલી કાલીની મૂર્તિની પૂજા કરતી વખતે રાખાલ તન્મય બની જતા. દુર્ગાપૂજા સમયે મૂર્તિની પૂજા થતી હોય ત્યારે ભાવમય બની અપલક નેત્રે એ જોઈ રહેતા. ગામબહાર જઈ શ્યામાસંગીત સાંભળતા કે ગાતા તે ભાવવિભોર બની જતા અને વૈરાગીઓ મોરલીધર કૃષ્ણનાં ગીત ગાય ત્યારે તે સાંભળતાં તે પોતાની જાત પરનો કાબૂ ખોઈ બેસતા.

રાખાલ બાર વરસના થતાં, પુત્રને નવા યુગને અનુરૂપ અંગ્રેજી શિક્ષણ મળે તે માટે, આનંદમોહનબાબુએ રાખાલને કલકત્તે મોકલ્યા. ત્યાં એમને પોતાનાં સાવકાં માસીને ત્યાં રહેવાનું થયું. ત્યાંની શાળામાં પોતાના સમવયસ્ક પણ પોતાનાથી ભણવામાં આગળ એવા નરેન્દ્ર દત્ત (ભાવિ વિવેકાનંદ)નો પરિચય થયો, જે મૈત્રીમાં પરિણમ્યો. બંને કુસ્તી અને રમતગમતમાં એક્કા હતા. બંને મેધાવી હતા. બંનેમાં ઉચ્ચ કક્ષાની આધ્યાત્મિક લગન સુષુપ્તપણે રહેલી હતી. બંનેમાં નેતૃત્વના ગુણો હતા. નરેન્દ્રની તેજસ્વિતા શાળામાં પણ ચમકી ઊઠતી હતી. ત્યારે, રવીન્દ્રનાથની પ્રખ્યાત વાર્તામાંના કિશોર ફટિકની માફક ગામડેથી શહેરમાં, ને તે પણ સાવકાં માસીને ત્યાં ફેંકાયેલા, વયમાં પોતાનાથી નાનેરા વિદ્યાર્થીઓ સાથે બેસતા રાખાલનું ચિત્ત ભણતરમાં બરાબર ચોંટતું ન હતું.

નરેન્દ્ર સાથે રાખાલ બ્રાહ્મસમાજમાં જવા લાગ્યા. ભણતરમાં વળી એ એક વિઘ્ન વધ્યું. આનંદમોહનને આથી આનંદ ન થાય ને સ્વાભાવિક છે બ્રાહ્મસમાજના 'સુધારા'થી અને બીજી પ્રવૃત્તિઓથી પાછા બને, અભ્યાસ ભણી, રાખાલને વાળવાના પિતાએ પ્રયાસ કર્યા. પણ તેઓ સફળ ન થયા પોતે કલકત્તાવાસી બન્યા, જેથી દેખરેખ રાખી શકાય. પણ એનુંયે પરિણામ ન આવ્યું. સગાંસંબંધીઓની સલાહ લીધી અને એ જમાના મુજબ. રાખાલને લગ્નસંબંધમાં નાખવાનું પિતાએ નક્કી કર્યું.

મૂળ કોન્નગરના પણ એ સમયે કલકત્તે રહી વેપાર કરતા મનમોહન મિત્ર નામના ગૃહસ્થને એક નાની બહેન હતી; નામ વિશ્વેશ્વરી; ઉંમર અગિયાર વરસની, પણ એ કાળે વિવાહયોગ્ય. ૧૮૮૧માં, રાખાલ અઢાર વર્ષના હતા ત્યારે, એ બંનેનાં લગ્ન થઈ ગયાં. અને વિધાતાના લેખ જુઓ : પત્નીના ભાઈ મનમોહન જ, એ લગ્નબંધનને સુદૃઢ કરવાને બદલે શિથિલ કરવાને માર્ગે, રાખાલને શ્રી રામકૃષ્ણ પાસે લઈ ગયા.

'ફરી આવજે હો'નો બોલ રાખાલના કાનમાંથી કદી ગયો જ નહીં. 'ફરી આવજે' એ કંઈ શિષ્ટાચારનો સામાન્ય બોલ ન હતો. ઠાકુરનો સ્વર અતિ

મધુર હતો અને રાખાલ પ્રત્યે માના વાત્સલ્યથી તેઓ બોલ્યા હતા, જાણે યશોદા શ્રીકૃષ્ણને કહેતાં હોય. એ સ્નિગ્ધ, મંજુલ સ્વર, એ શબ્દો બોલતી વખતે ઠાકુરની આંખોના ઊંડાણમાંથી ડોકાતું એમનું વાત્સલ્ય, એમના હૃદયની પુલકિતતા : આ બધું રાખાલના અંતઃકરણને વીંધવા પૂરતું હતું.

પણ કલકત્તેથી દક્ષિણેશ્વર આવવું ક્યારે? આખરે એક દહાડે શાળામાં કંઈ રજા પડી અને રાખાલે હડી કાઢી ઉત્તર તરફ, દક્ષિણેશ્વર ભણી.

'અરે, તું ક્યાં હતો આટલા દહાડા ? આટલો વિલંબ કરાય ?' પુત્રવિયોગથી ઝૂરતાં કૌશલ્યા જાણે બોલી ઊઠ્યાં.

રાખાલ પાસે જવાબ ન હતો. એ શ્રી રામકૃષ્ણ તરફ અને શ્રી રામકૃષ્ણ એની તરફ અનિમેષ, ભાવપૂર્ણ દૃષ્ટિથી જોતા રહ્યા. અને એકાદ ક્ષણમાં તો શ્રી રામકૃષ્ણની કૃપાદૃષ્ટિ રાખાલને ભૌતિક જગતમર્યાદાની પાર લઈ ગઈ. 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' જેવું થઈ ગયું.



શ્રી રામકૃષ્ણ પાસે આવતાં વેંત રાખાલ ત્રણચાર વરસના બાળક બની જતા અને શ્રી રામકૃષ્ણ તેમની ઉપર માનાં લાડ વર્ષાવતા. પોતે આટલા નાજુક અને રાખાલને પોતાને ખોળે બેસાડી લાડથી તેને પોતાને હાથે ખવરાવતા. કોઈ કોઈ વાર રાખાલ તેમને ખભે પણ બેસતા! એક તરફથી માનું વહાલ વર્ષાવતા તો બીજી તરફથી રાખાલની ઊણપો પણ દૂર કરતા, જરૂર પડે તો ઠપકો આપીને પણ. એક વાર પ્રસાદનું માખણ રાખાલ એકલા ખાઈ ગયા હતા તો, તેમની ધૂળ કાઢી નાખી હતી. શ્રી રામકૃષ્ણ બીજાઓ પ્રત્યે પ્રીતિ દાખવે તેની રાખાલને ઈર્ષા થતી. 'મા, રાખાલમાંથી તું ઈર્ષા દૂર કરજે.' શ્રી રામકૃષ્ણે આર્જવ-ભરી યાચના કરી હતી ને રાખાલના સ્વભાવમાં પરિવર્તન આણ્યું હતું. રાખાલ પરણ્યા છે ને સંસારમાં બંધાયા છે તેની પણ તેમને મૂંઝવણ હતી. પણ માએ તે દૂર કરી દીધી હતી.

આનંદમોહનબાબુને પોતાના યુવાન પુત્રની આ સાધુપ્રીતિ પસંદ ન હતી. પિતા હતા પૂરા સંસારરક્ત અને પુત્રનું મન વૈરાગ્ય ભણી વળે. આ ધ્રુવાન્તર કેમ ચાલે ? જમીનજાયદાદની દેખભાળ કોણ રાખે ? પુત્રને યેનકેન પ્રકારેણ સાધુસંગથી મુક્ત કરવો જ રહ્યો. એક વાર સમજાવટથી કહ્યું, પણ પત્થર પર પાણી. આકરો ઉપાય જ અજમાવવો રહ્યો. પૂરી દીધો પુત્રને એક ઓરડામાં, પછી ઘરની બહાર એ શી રીતે નીકળવાનો ? દેહ ભલે પુરાયો પણ રાખાલનું મન દક્ષિણેશ્વર જઈ બેઠું, પોતાની ઇષ્ટમૂર્તિ પાસે.

પોતાના પ્રિય પુત્રને કેટલાય દિવસથી આવતો નહીં જોઈ શ્રી રામકૃષ્ણે માને આર્જવભરી પ્રાર્થના કરી : 'મા, મા, રાખાલ નથી દેખાતો તેથી મારી છાતી ચિરાઈ જાય છે. રાખાલને જલદી પાછો આણી દે, મા, જલદી, જલદી.'

આર્ત હૃદયની આ પ્રાર્થના જગદંબાએ સાંભળી. બહુ દિવસ પુત્રને કેદમાં રાખ્યા પછી પિતાને દયા આવી હશે કે શું, તેમણે બંધ ખોલીમાંથી રાખાલને બહાર કાઢી પોતે કોઈ મુકદ્દમાનાં કાગળિયાં જોવામાં પડ્યા હતા ત્યાં, પોતાની પાસે બેસાડ્યા. પિતા પોતાના કામમાં એટલા વ્યસ્ત હતા કે ત્યાંથી ઊઠી, ચૂપકીદીથી સરકી રાખાલ ક્યારે જતો રહ્યો તેનું તેમને ભાન ન રહ્યું. રાખાલ પહોંચ્યા દક્ષિણેશ્વર અને વાડામાંથી છટકેલું ઘેટું મેષપાલ પાસે જ રહી ગયું. આ બાજુ દાવો લડવાના કામમાં ગળાડૂબ આનંદમોહનને કદાચ રાખાલ યાદ પણ નહીં આવ્યો હોય.

પણ એક ચમત્કાર થયો. જે જીતવાની જરાય આશા ન હતી તે અટપટો દાવો આનંદમોહન જીતી ગયા. એમણે માન્યું કે આ જીતનું કારણ રાખાલ પરની પેલા સાધુની કૃપા છે. દાવો જીતવાથી મન પરનો બોજો હળવો બન્યો હતો. વળી, રાખાલ નમાયો છે એ વાતનું સ્મરણ પણ આનંદમોહનને રાખાલ પ્રત્યે કુણા બનાવવામાં સહાયભૂત થયું . રોષ ઊતરી જતાં પુત્રની શોધમાં અને એને પાછો લાવવા ઘોષ મહાશય દક્ષિણેશ્વર ગયા.

એમને આવતાં જોઈ શ્રી રામકૃષ્ણે અનુમાન કરી રાખાલને કહ્યું : 'અરે રાખાલ, જો તો, તારા પિતાજી આવતા લાગે છે.'

પિતાને દૂરથી જોતાં જ રાખાલને ભય અને સંકોચ બંને થયાં. એની ઇચ્છા સંતાઈ જવાની હતી. પણ શ્રી રામકૃષ્ણ કહે, 'ગાંડા! પિતાથી ડરવાનું શું? માબાપ પ્રત્યક્ષ દેવતા છે. પિતાજીને પગે પડજે.' રાખાલે આ આજ્ઞા શિરસાવંદ્ય ગણી, અને પિતા આવતાં વેંત રાખાલે વિનયપૂર્વક પાયે લાગી પ્રણામ કર્યા. અને ઠાકુર મંડ્યા પોતાના પ્રિય માનસપુત્રની ગુણગાથા ગાવા. એમણે શ્રી આનંદમોહનનો ભાવપૂર્વક સત્કાર કર્યો અને જીતવા આવ્યા હતા તે જ જિતાઈ ગયા. એમને થયું કે આવા સત્પુરુષના સંગથી રાખાલને ડર જેવું નથી. 'મહાશય, રાખાલને કોઈક કોઈક વાર ઘેર મોકલજો, હો.' એમણે કહ્યું ને ઉમેર્યું, 'એ આપનો જ પુત્ર છે.' પિતાએ જોઈજાણી લીધું હતું કે આ કોઈ સામાન્ય સાધુબાવો નથી, અને એમની પાસે કેટલાયે પ્રતિષ્ઠિત લોકો આવે છે. એમના પરિચયનો લાભ રાખાલને મળે એ ગણતરી પણ ખરી.

મીઠુંમરચું ભભરાવેલી રાખાલની વૈરાગ્યપ્રીતિની વાતો કોન્નગર પહોંચી હશે અને કોઈકે શ્યામાસુંદરીને ચેતવ્યાં હશે તેથી કે, પોતે પણ શ્રી

રામકૃષ્ણનાં ભક્ત હતાં તો પુત્રીને પણ તેમનું દર્શન કરાવી તેમના આશીર્વાદનો લાભ અપાવવાના હેતુથી, તેઓ ચૌદ વર્ષનાં વિશ્વેશ્વરી સાથે દક્ષિણેશ્વર આવ્યાં. વધૂની પરીક્ષા કરી ઠાકુરે જાણી લીધું કે, 'આ તો દૈવી શક્તિ છે ને ડરવાનું કોઈ કારણ નથી.' વિશ્વેશ્વરી હવે સાસરે જવાલાયક ગણાય, પણ રાખાલને બધું નીરસ લાગતું હતું. સંસાર પરથી જાણે કે આસક્તિ ઊઠી ગઈ હતી.

આમ, રાખાલ ધીમે ધીમે ઘડાઈ રહ્યા હતા. શ્રી રામકૃષ્ણ પાસે પોથી-વિદ્યા ન હતી. પ્રત્યક્ષ આચરણ હતું. એક વાર રસ્તે પડેલો પૈસો રાખાલે ઉપાડ્યો ને વિચાર્યું કે કોઈ માગણને કે અપંગને આપી દેશે. આ વાત ઠાકુરને કહેતાં ઠપકો સાંભળવો પડ્યો : 'તારે જરૂર નથી તો એ પૈસો લીધો શા માટે? માછલી ન ખાતો હોય તે મચ્છીપીઠમાં શા માટે જાય?'

પણ ભૂલેચૂકેયે કોઈ બીજું આવું કંઈ રાખાલે કહે તો. 'અરે! રાખાલ તો હજી દૂધ પીતું બાળક છે. એનું ગળું જરાક અમથું દબાવશો તો દૂધ નીકળશે. એને કંઈ ન કહેતા હો,' આમ શ્રી રામકૃષ્ણ સંભળાવે. આવો હતો પુત્ર પ્રેમ!

રાખાલનાં સાધના અને વૈરાગ્ય વધતાં ચાલ્યાં અને શ્રી રામકૃષ્ણની કૃપાથી એમને ઈચ્છિત દર્શન થયાં. એમનો ગંભીર સ્વભાવ વધારે ગંભીર અને વધારે માયાળુ બન્યો. શ્રી રામકૃષ્ણદેવની અંતિમ માંદગીના દિવસોમાં, કાશીપુરના ઉદ્યાનગૃહે એક ગાંડી વારંવાર આવી તેમને ત્રાસ આપી જતી તેને અટકાવવામાં બીજા ગુરુભાઈઓ સાથે તેઓ સંમત ન થયા અને તેમણે કહ્યું : 'આપણે શું એમને હેરાન નથી કરતા?'

ઈ. ૧૮૮૬ની નાતાલ પછીના કે ૧૮૮૭ના આરંભના દિવસોમાં વરાહનગર મઠમાં વિધિપૂર્વક વિરજાહોમ કરી, ઠાકુરના સૌ શિષ્યોએ સંન્યાસ ગ્રહણ કર્યો અને તદ્દન અકિંચન અવસ્થામાં, ખૂબ કષ્ટપૂર્વક જીવન વ્યતીત કરતા હતા એ અરસામાં, રાખાલને સમજાવી ઘેર લઈ જવા માટે પિતાએ કેટલાક પ્રયત્નો કર્યા હતા. આખરે એક દિવસે રાખાલે ઉત્તર આપ્યો : 'આપ શા માટે અહીં આવવા તકલીફ લો છો? હું અહીં આનંદમાં છું ને સુખી છું. આપ આશીર્વાદ આપો કે હું આપને સૌને ભૂલી જઉં ને આપ સૌ મને ભૂલી જાઓ.' મઠમાં ત્યારે ખાવાના પણ સાંસા હતા.

થોડાક જ સમય પછી પત્ની વિશ્વેશ્વરીનું અવસાન થયું પણ રાખાલને, સ્વામી બ્રહ્માનંદને, કશી અસર થઈ નહીં. એમણે તો જંજાળ પહેલાંથી જ ભાંગી નાખી હતી. અને ૧૮૯૬માં, એમનો દસ વર્ષનો પુત્ર અવસાન પામ્યો ત્યારે પણ તેઓ જલકમલવત્ અલિપ્ત જ રહ્યા હતા. ઠાકુરે બરાબર જ ભાખ્યું હતું કે 'રાખાલ બંધનમાં નહીં રહે.'

જમીનદારીની સાહ્યબી, સાધનસંપન્ન ઘરનાં સુખસગવડ, માતાપિતા અને પ્રેમાળ પત્ની તથા નાનકડા શિશુને ત્યજી, બ્રહ્માનંદે ૧૮૮૬માં, ગુરુના અવસાનપૂર્વેથી સંન્યાસનો દૃઢ સંકલ્પ કરી લીધો હતો. ગુરુની મહાસમાધિ પછી એ ગુરુભાઈઓ મઠમાં રહેવા લાગ્યાની વાત આગાઉ કરી છે. પણ બ્રહ્માનંદને ત્યાં બંધન લાગવા માંડ્યું હતું. ત્યાં કાર્યપ્રવૃત્ત રહેવું પડે અને લોકો સાથે વાર્તાલાપ કરવા પડે એટલે ચિત્તવિક્ષેપ થયા કરે અને ઠાકુરે ચીંધેલું ભગવદ્દર્શન તો થતું ન હતું! વળી, સાધુ ચલતા ભલા. તો, ચાલો, નીકળી પડીએ. બ્રહ્માનંદની આ આકળામણ હતી. વાત સાચી હતી. પણ, એમ કંઈ ઠાકુરના લાડીલાને જવા દેવાય? મઠનું નેતૃત્વ જેમને ઠાકુરે સોંપ્યું હતું તે નરેન્દ્રએ - સ્વામી વિવેકાનંદે - રાખાલને આઠદસ માસ જેમતેમ કરી રોકી રાખ્યા.

આખરે ૧૮૮૭ના નવેમ્બરમાં, માતાજી શારદામણિદેવી પુરી જતાં હતાં તેમની સાથે બ્રહ્માનંદને જવા દીધા. એમના પરિભ્રમણનો આ આરંભ.

પુરીમાં બ્રહ્માનંદ માથી અલગ રહેવા લાગ્યા હતા, જેથી ખલેલ વગર સાધના થઈ શકે. પણ માંદા પડતાં, અનિચ્છાએ મઠમાં પાછા ફરવું પડ્યું; પણ અંતરમાં, બધાથી દૂર જઈ એકાંતસેવન કરી, તપશ્ચર્યાની ઈચ્છાનદીમાં ઘોડાપૂર ઊમટતાં હતાં. ૧૮૮૯ના ડિસેમ્બરમાં તે આકાંક્ષાની પૂર્તિ માટે તેઓ નીકળી પડ્યા. એમની દેખભાળ માટે વિવેકાનંદે સ્વામી સુબોધાનંદને એમની સાથે મોકલ્યા. આમ કરવા માટે વિવેકાનંદની બ્રહ્માનંદ માટે કૂણી લાગણી તો હતી જ પણ તે ઉપરાંત, નિર્વાણ પહેલાં ઠાકુરે રાખાલ માટે ઉચ્ચારેલા વેધક શબ્દો હતા! 'રાખાલની રાજબુદ્ધિ છે. તે ધારે તો એક વિશાળ સામ્રાજ્ય ચલાવી શકે તેમ છે.' ત્યારથી નરેન્દ્રે તેમનું નામ 'રાજા' પાડી દીધું હતું. પછીથી 'રાજા મહારાજ' કે 'મહારાજ' તરીકે ઓળખાનાર બ્રહ્માનંદજી ઓછામાં ઓછી વસ્તુઓ લઈને સુબોધાનંદ સાથે વૈદ્યનાથ થઈ વારાણસી પહોંચ્યા. ત્યાં ગંગાતટે થોડા દિવસ તપ કરી તેઓ નર્મદાતટ તરફ વળ્યા. ત્યાં એક નિર્જન સ્થળે પૂરા છ દિવસ તેઓ અતીન્દ્રિય ભાવમાં રહ્યા અને દેહભાન ભૂલી ગયા. ત્યાંથી દક્ષિણે ગોદાતટે પંચવટીની પવિત્ર ભૂમિમાં થોડો સમય તપસાધના કરી મહારાજ મુંબઈ ગયા. ત્યાં કોઈ જાણીતા બંગાળી સદ્‌ગૃહસ્થને ઘરે નહીં રહેતાં મહારાજ અને સુબોધાનંદ મુંબાદેવીની ધર્મશાળામાં રહ્યા. આઠેક દિવસ પછી વહાણે ચડી દ્વારકા જવા નીકળ્યા.

મહારાજની ઓજસ્વી, સાગર સમી ગંભીર અને મનોહારી પ્રતિભાથી એક સહપ્રવાસી ભાટિયા વેપારી એ મહારાજને થોડું ધન ભેટ આપવા ઈચ્છા વ્યક્ત કરી. પણ નિઃસ્પૃહી મહારાજને એનું શું કામ હતું? આખરે શેઠે વહાણની ટિકિટો ખરીદી આપી.

દ્વારકામાં ગોમતીસ્નાનનો કર લેવામાં આવતો, વ્યક્તિદીઠ બે રૂપિયા. અને મહારાજ પાસે કાવડિયું ય નહીં. પણ મહારાજની ઋષિદૃષ્ટિને ઓળખનાર એક 'શામળશા શેઠ' મળી આવ્યા ને મહારાજ તથા એમના બે સાથીઓ માટેના કરના છ રૂપિયા આપવા તૈયાર થયા. પણ તેનો સાભાર અસ્વીકાર કરી કહ્યું, 'ગોમતી જેને મળે છે તે સમુદ્રમાં સ્નાન કરી અમે પાવન થઈશું.' આ ઉત્તરથી વળી વધારે પ્રભાવિત થઈ એ શેઠ આ ત્રણ સાધુઓને પોતાને ત્યાં લઈ ગયા અને ત્રણ દિવસ આદરપૂર્વક રાખી એ ત્રણેને ગીતાની અક્કેક નકલ ભેટ આપી અને એમની તીર્થયાત્રા વિશે સાંભળી પોતાના પરિચિતો પર ભલામણપત્રો લખી આપવાની ઈચ્છા દર્શાવી. પણ ઈશ્વરને જ એકમાત્ર આધાર માનનાર મહારાજ આ વાતનો સ્વીકાર શાના કરે? દ્વારકાથી મહારાજનો સંઘ પગપાળા બેટદ્વારકા ગયો. ત્યાં પહોંચી સ્નાન કરી, ભગવદ્દર્શન કરી, મહારાજે સુબોધાનંદને ધર્મશાળાના સદાવ્રતમાં ભિક્ષા માટે

મોકલ્યા. સદાવ્રતમાં તે દહાડે બદામ અપાતી હતી! યુવાન, તેજસ્વી સુબોધાનંદને જોઈ સદાવ્રત આપનારે ત્રણ મૂર્તિ માટે ત્રણચાર શેર બદામ આપી. આટલી બધી બદામ એક સાથે ખાઈ શકાય નહીં અને સાધુથી સંઘરો કરી શકાય નહીં! 'થોડીક રાખી, બાકીની પાછી આપી આવો.' મહારાજે આદેશ આપ્યો. સામી બાજુએ સાધુને આપેલું પાછું ન લેવાય એ બદામ આપનાર જાણતા હતા. મહારાજના કહેવાથી ગરીબગુરબાંને વહેંચી બદામનો ને પ્રશ્નનો નિકાલ કરવામાં આવ્યો.

બેટદ્વારકાથી મહારાજ-મંડળી પોરબંદર આવી. સ્વામી વિવેકાનંદ ત્યાં પછીથી આવવાના હતા અને ત્યાં થોડો સમય રહેવાના હતા. પણ એ બધું ભાવિના ગર્ભમાં હતું. સુદામાપુરીથી મહારાજે ગિરિતળેટી ને કુંડ દામોદરની વાટ પકડી. સંતોના પિયર સમા ગિરનારનું આરોહણ કર્યું અને ત્યાંનાં તીર્થસ્થાનોનાં ને જૈન મંદિરોનાં દર્શન કર્યાં. ત્યાંથી અમદાવાદ જઈ પુષ્કર-અજમેર ભણી તેઓ ગયા. ત્યાં, કાશીથી આવેલા એક સંગાથી પરિવ્રાજક ગંભીર માંદગીમાં પટકાઈ પડતા તેમને અજમેરની હૉસ્પિટલમાં દાખલ કર્યાં. તેમને ઠીક થતાં, કેટલાક દિવસ પછી, મહારાજ અને સુબોધાનંદ ૧૮૯૦ના ફેબ્રુઆરીમાં વૃંદાવન જવા રવાન થયા.

વૃંદાવન એટલે વ્રજકિશોર રાખાલનું, મહારાજનું પોતાનું જ ધામ. વ્રજમાં પ્રવેશતાં જ મહારાજ જાણે કે ભાન ભૂલી ગયા. કૃષ્ણ સખાના ભાવમાં કાલ ક્યાં વ્યતીત થયો એ ખબર ન રહી. ક્યારેક ભિક્ષાન્ન પણ હાથ લગાવ્યા વિના જ પડ્યું રહેતું. આવી અદ્દભુત હતી તેમની તન્મયતા.

આવી ભાવમય અવસ્થામાં આઠેક માસ ગાળ્યા પછી, ૧૮૯૦ના સપ્ટેમ્બરની આખરમાં, મહારાજ વૃંદાવનથી ચાલીને હરિદ્વાર ગયા. એમના કેટલાક ગુરુભાઈઓ પહેલેથી જ ત્યાં હતા. તેમને મળતાં અરસપરસ આનંદ થયો. પણ મહારાજે તો એકાંત જ પસંદ કર્યું. પુણ્યસલીલા ભાગીરથીને તટે ચારેક માસ મહારાજે આકરી તપશ્ચર્યામાં ગાળ્યા હશે. તેવામાં સ્વામી વિવેકાનંદ ત્યાં રહેતા ગુરુભાઈઓ સાથે મહારાજ પાસે આવ્યા. ગુરુ જેવા ગરવા હિમાલયની ગોદમાં બંને ભાઈઓ આનંદથી ભેટ્યા. પછી વિવેકાનંદના સૂચનથી મહારાજ તેમની સાથે મેરઠ આવ્યા. ત્યાં ૧૮૯૧ના માર્ચ સુધી સાથે રહ્યા પછી બંને નરસિંહો છૂટા પડ્યા.

ઉત્તરની વાટ પકડી મહારાજ તુરીયાનંદ સાથે જ્વાલામુખી ગયા. ત્યાંથી પંજાબમાં પરિભ્રમણ કરી, કરાચી થઈ, દરિયામાર્ગે મહારાજ મુંબઈ ગયા. અમેરિકાપ્રયાણની તજવીજ કરતા વિવેકાનંદને તેઓ ફરી ત્યાં મળ્યા. પણ અમેરિકા આઘું હતું અને ત્યાં જવામાં સહાયરૂપ થનાર ખેતડીના મહારાજાના આમંત્રણ સ્વામીજી રાજસ્થાન ભણી વળ્યા અને મહારાજને તથા તુરીયાનંદને પણ પોતાની સાથે ખેતડી લઈ ગયા. પણ, આબુરોડ સ્ટેશન આવતાં મહારાજ અને તુરીયાનંદ ત્યાં ઊતરી ગયા.

ત્યાંની કંદરાઓમાં તપધ્યાનમાં થોડો સમય ગાળી, એ બંને તથા મુંબઈથી બોલાવી લીધેલા અખંડાનંદ, જયપુર ગયા. ત્યાંથી ફરી મહારાજને વૃંદાવનનો બંસીબોલ સંભળાયો. વૃંદાવનની મહારાજની આ ત્રીજી મુલાકાત. પણ પિયરનો કદી ધરવ થાય? વ્રજબાલ રાખાલ અને તુરીયાનંદ બંને ભક્તિમાં મસ્ત બની ગયા. આવી મસ્તીમાં એક દિવસ તુરીયાનંદ કહે : 'આજે ભિક્ષા માટે નહીં જાઉં (મહારાજ તો જતા જ નહીં). જોઈએ, રાધારાણી આપણને ઉપવાસી રાખે છે કે શું?' મહારાજને તો કશાની પડી જ ન હતી એટલે, એ અને તુરીયાનંદજી શાંત નિર્વિકાર ચિત્તે ધ્યાનમાં લીન બની ગયા. ધ્યાનમાં દિવસ તો ઠીક રાત પણ પસાર થઈ ગઈ, પણ બંને ધ્યાનમાંથી જરાય વિચલિત થયા નહીં. અને બીજે દિવસે રાધારાણી પ્રેર્યો કોઈ શ્રદ્ધાળુ ભક્ત આ બંને યુવાન તપસ્વી સંન્યાસીઓ પાસે વણબોલાવ્યો જઈ એમના માગ્યા વિના પુષ્કળ ભોજનસામગ્રી મૂકી ગયો.

મહારાજની આ યાત્રા માત્ર તીર્થાટન ન હતું. યાત્રા દરમિયાન વિવિધ સ્થળે ઠાકુરની કૃપાથી તેઓ વિવિધ આધ્યાત્મિક અનુભૂતિઓમાંથી પસાર થઈ જતા હતા અને પોતનો આધ્યાત્મિક પિંડ પુષ્ટ કરતા જતા હતા. વિવેકાનંદની માફક ભારતદર્શનનો લાભ પણ તેમને મળતો હતો. આ દર્શન માત્ર ભૂમિનું દર્શન ન હતું - જો કે એ પણ પદયાત્રા દ્વારા સીધું મેળવાતું હતું. ભારતની ભાતીગળ પ્રજાનું, ભારતના લોકહૃદયનું એ દર્શન હતું.

અચનાક ધ્યાનભંગ કરીને વધારે ધ્યાનમાં પ્રેરે તેવા સમાચાર મહારાજને અને તેમના ગુરુભાઈઓને, ૧૮૯૩ના સપ્ટેમ્બરમાં મળ્યા. - શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં વિવેકાનંદે ભારતનો જયઘોષ કર્યાના. વિવેકાનંદના એ શંખનાદે આલમબજારના ભૂતિયા મઠનું મહત્ત્વ વધારી દીધું. ત્યાં ભક્તો, પ્રશંસકો, જિજ્ઞાસુઓ અને ઉત્સુકોનાં ટોળાં ઊમટવાં લાગ્યાં. મહારાજ સિવાય કોણ એમને સંતોષી શકે? પણ મહારાજનું મન વિચલિત થયું નહીં. વૃંદાવનથી અયોધ્યા જઈ ફરી પાછો એ વ્રજબાલ વ્રજભૂમિમાં પહોંચી ગયો ! હવે એકલા જ તેઓ ત્યાં તદ્દન નિર્વિકાર, નિર્લિપ્ત રીતે, અજગરવૃત્તિથી રહેતા. બધો સમય ધ્યાનમાં જ વ્યતીત કરતા. મળે તે દિવસે ખાવાનું, નહીં તો ઉપવાસ. યમુનાતટે ઠંડીમાં બેઠેલા ભાળી કોઈ કામળો ઓઢાડી જાય તો ભલે ને, એ 'બેધ્યાન બાવા'નો કામળો કોઈ સહેલાઈથી સરકાવી જાય તો ય ભલે. મહારાજ આ બધું સાક્ષીભાવે નિહાળતા. ત્યાં એમને કેવાં ને કેટલાં વિવિધ દર્શનો થયાં હશે? એમણે આધ્યાત્મિકતાનાં કયાં શિખરો સર કર્યાં હશે? કેટલીવાર દેહભાન જતું રહ્યું હશે? કેટલીવાર રોમહર્ષિત થયા હશે?

ઠેઠ ૧૮૯૪ના અંતમાં મહારાજે કલકત્તા ભણી પ્રયાણ કર્યું. ત્યાં મહારાજ મઠમાં રહેતા તેના કરતાં વિશેષ બલરામ મંદિરમાં રહેતા. પૂજ્ય શ્રી શારદામા બીમાર પડી જવાથી તેમને જયરામવાટીથી બોલાવી, તેમને માટે જ મકાનની વ્યવસ્થા કલકત્તામાં કરવામાં આવી તેમાં પણ કોઈ કોઈ વાર મહારાજ રહેવા લાગ્યા.

અમેરિકા અને યુરોપમાં દિગ્વિજય કરી, સ્વામી વિવેકાનંદ સને ૧૮૯૭માં ભારત પાછા આવ્યા. મઠ આલમબજારના ભૂતિયા મકાનમાં જ હતો. મઠને માટે ગંગાને બીજે તટે, દક્ષિણેશ્વરની લગભગ સામે જ બેલુડમાં વિવેકાનંદે વિશાળ જમીન ખરીદી. મકાનનું બાંધકામ અને એ અંગેની તથા મઠના સંચાલનની બધી જવાબદારી મહારાજે સંભાળવી પડી. મઠનાં કેન્દ્રો પણ ખૂલવા લાગ્યાં હતાં ને તેમને માર્ગદર્શન આપવાનું હતું. 'રાજા'નું રાજ્ય વિસ્તરતું જતું હતું.

એ જ રીતે સેવાનું કાર્ય સ્વામી અખંડાનંદે અને બીજા ગુરુભાઈઓએ ઉપાડી લીધું હતું. 'જીવસેવા તે જ શિવસેવા' એમ ઠાકુરે કહ્યું હતું. એ માટે સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી અને તેનું બંધારણ ઘડ્યું. મઠ અને મિશન બંનેનાં બંધારણ ઘડવામાં મહારાજે તેમને સહાય કરી. પણ એટલી સહાયથી કંઈ વિવેકાનંદ સંતોષાય? બંનેના અધ્યક્ષપદની જવાબદારી તેમણે રાજા મહારાજ ઉપર નાખી હાશ અનુભવી. 'રાખાલમાં રાજ્ય ચલાવવાની સત્તા છે' - એમ ઠાકુરે કહ્યું હતું. મઠ અને તેની શાખાઓમાં સાધુઓ અને બ્રહ્મચારીઓનાં જપધ્યાન તથા ઠાકુરની સેવાપૂજા અને મિશનનું કાર્ય એટલે પીડિતોની સેવાનું કાર્ય : આ બંને ક્ષેત્રોના વિકાસ સાથે રાજાનું રાજ્ય દેશમાં અને પરદેશમાં વધતું જતું હતું. 'રાખાલ, આજથી આ બધું તારું, હું કંઈ જ નહીં,' આમ બોલી પોતાના ગોઠિયા અને ગુરુભાઈના શેષ જેવા સ્કંધે બધો ભાર નાખી, તેમને મઠ અને મિશનના સર્વાધ્યક્ષપદે સ્થાપી, સ્વામી વિવેકાનંદે નચિંત બની જઈ ૧૯૦૨માં પોતાની જીવનલીલા સંકેલી લીધી. ત્યારે વિવેકાનંદ અને બ્રહ્માનંદ બંને માત્ર ઓગણચાલીસ વર્ષના હતા. પોતાના તપઃપૂત જીવનમાં, ઠાકુરની કૃપાદૃષ્ટિથી મહારાજે જે શક્તિ અને સિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેને નિષ્ઠાપૂર્વક કામે લગાડી અને મઠ-મિશનની પ્રવૃત્તિઓ વેગથી પણ સઘન રીતે વિસ્તરતી રહી.

**સ્વા**મી બ્રહ્માનંદ અને સ્વામી વિવેકાનંદનો સંબંધ મિત્રોનો, ગુરુ-ભાઈઓનો, સાથીઓનો અને સહનેતાઓનો હતો. કિશોર વયના હતા ત્યારથી બંને મિત્રો હતા. વ્યાયામ, કુસ્તી વગેરેમાં બંને પાવરધા હતા. આરંભમાં બંને બ્રહ્મસમાજમાં જતા થયા હતા. પણ શ્રી રામકૃષ્ણ પાસે બંને જુદી જુદી રીતે આવ્યા હતા. શ્રી રામકૃષ્ણને બંનેની સમાનતાનો, શક્તિનો અને ભિન્નતાનો પૂરો ખ્યાલ હતો તેથી તેમણે તે બંનેને જુદી જુદી રીતે વિકસવામાં સહાય કરી હતી અને બંનેને શિરે નેતૃત્વની બધી જવાબદારી નાખી હતી. બંનેમાં હાસ્યવૃત્તિ હતી, પરસ્પર માટે અનન્ય પ્રેમાદર હતા અને બંને ગુરુના સમાન લાડકા હતા. બંને વચ્ચે અનેક ઘટનાઓ ઘટી હશે. આપણે આચમન લઈએ.

દેશના ખૂણેખૂણાની અને દરિયાપારના અનેક દેશોની બે પ્રલંબ પરિવ્રાજ્યાના કઠોર પરિશ્રમ પછી, માંદગીથી ઘેરાઈને, વિવેકાનંદ બેલુડવાસી બન્યા હતા. બધી જવાબદારીઓ સંભાળવાની હોઈ તથા પોતાના પરમ સાથીની તબિયતની ચિંતાથી, બ્રહ્માનંદજી પણ બેલુડમાં જ રહેતા. બંનેના નિવાસોની નજીકના ચોગાનમાં એક કાલ્પનિક સીમારેખા દોરાઈ ગઈ હતી અને એ રેખા ઓળંગીને કોઈપણ એકનું પાળેલું પશું કે બતક બીજાના 'રાજ્ય વિસ્તાર'માં જતું તો બંને વચ્ચે શંકર-કૃષ્ણના યુદ્ધસમું તુમુલ યુદ્ધ ફાટી નીકળતું. આ કૃત્રિમ યુદ્ધનો વિનોદ માણવા બધા મઠવાસીઓ અને મઠનિર્માણના કામમાં રોકાયેલા કારીગરો ત્યાં દોડી આવતા. સામે કાંઠે દક્ષિણેશ્વર બેઠેલાં કાલીમાતા અને સર્વવ્યાપી ઠાકુર પણ પોતાના બે પ્રિય બાળકોની ક્રીડા જોઈ નહીં હસતાં હોય એ કોને ખબર?



ગુરુભાઈઓ (ડાબેથી જમણે) સ્વામી ત્રિગુણાતીતાનંદ, સ્વામી સાધનંદ (નીચે), સ્વામી શિવાનંદ, સ્વામી વિવેકાનંદ, સ્વામી તુરીયાનંદ, સ્વામી બ્રહ્માનંદ

આયખું ટૂંકું ને આટોપવાનું ઘણું હોવાથી વિવેકાનંદ બધું ઝડપથી કરવા માગતા હતા. પોતે સમગ્ર જીવન વાવાઝોડાના વેગથી કામ કર્યું હતું. પોતે મઠ-મિશન માટે દોરી આપેલી યોજનાઓમાં વિલંબ થતો દેખાય તે એમને માટે અસહ્ય બની જતું. આવા અનેક પ્રસંગે સ્વામીજી શંભુ સમા કોપાયમાન થઈ જતા અને સ્વામી બ્રહ્માનંદ જ તેવે સમયે તેમની આગળ આવતા - તેઓ જ એ અગ્નિને ઝીલી શકે તેવા હતા ને? પણ હિમાલય જેવા પ્રશાંત રાખાલને બીજી જ પળે વિવેકાનંદ કહી ઊઠતા : 'રાજા! રાજા! ક્ષમા કરો મને. તમને મેં કેવાં આકરાં વેણ કહ્યાં? તમને કેટલો અન્યાય કર્યો? કૃપા કરી મને ક્ષમા કરો.'

સને ૧૯૦૧માં સ્વામીજીએ મઠ અને મિશનના કાર્યમાંથી નિવૃત્તિ લીધી અને બંનેના અધ્યક્ષપદે સ્વામી બ્રહ્માનંદની વરણી કરવામાં આવી ત્યારે, 'રાખાલ, આજથી આ બધું તારું,' કહી પોતે હળવાફૂલ બની ગયા હતા. આ પછી થોડા દિવસ બાદ, વયમાં પોતાનાથી નવ દિવસ નાના સ્વામી બ્રહ્માનંદને અચાનક પ્રણામ કરી વિવેકાનંદ બોલી ઊઠ્યાં: 'ગુરુવત્ ગુરુપુત્રેષુ' હાજરજવાબી રાજા મહારાજે સામા પ્રણામ કરી વિવેકાનંદને ઉત્તર વાળ્યો: 'જ્યેષ્ઠભ્રાતા સમઃ પિતા'

૧૯૦૨ની ૪થી જુલાઈના દિવસે વિવેકાનંદે મહાસમાધિ લીધી ત્યારે બલરામ મંદિરેથી દોડતા આવી મહારાજ પોતાના પ્રિય બંધુની છાતીએ વળગી પડ્યા. બીજા ગુરુબંધુ સ્વામી શારદાનંદે એ પળ સાચવી, આસ્તેથી મહારાજને ઊભા કર્યા. મૌનના શોકઘેરા વાદળને ભેદતાં ઊંડે નિસાસો નાખી કરુણાર્દ્ર સ્વરે મહારાજનું હૃદય દ્રવી ઊઠ્યું : 'નજર સામેથી જાણે હિમાલય ચાલ્યો ગયો.!'

**વિ**વેકાનંદ હતા ત્યાં સુધી શ્રી રામકૃષ્ણ મઠની અને શ્રી રામકૃષ્ણ મિશનની જવાબદારીઓથી અળગા રહેલા મહારાજ હવે બમણા જોશથી એના કાર્યમાં લાગી ગયા. બંને સંસ્થાઓ દેશપરદેશમાં ખ્યાતનામ થઈ ચૂકી હતી. પણ હવે વિવેકાનંદની આભાથી નહીં પણ પોતાની આભાથી ઊભા રહેવાનું હતું. હવે જ દેશપરદેશનાં એ કેન્દ્રોની કસોટી હતી.

એ કેન્દ્રોની રક્ષા અને વૃદ્ધિ, બીજાં નવાં કેન્દ્રોની સ્થાપના, સેવાકાર્યનું વિસ્તરણ, ઠાકુરના અને સ્વામીજીના સંદેશનો પ્રચાર, મૂલ્યોનું સંવર્ધન, પૂજ્ય શ્રી શારદામાની દેખભાળ, નવા શિષ્યોની દીક્ષા અને શિક્ષા, પુસ્તકો અને સામયિકોના પ્રકાશન દ્વારા સંદેશનો વિસ્તાર, શિક્ષણની અને સેવાની સંસ્થાઓની સ્થાપના અને તેમના સંચાલનનું ઉત્તરદાયિત્વ અને દેશપરદેશથી નિત્ય વધતા જતા જિજ્ઞાસુ આગંતુકો સાથે મિલન, વાર્તાલાપ ઇત્યાદિ બધું જ મહારાજે હસતે મુખે વધાવી લીધું.

આ કાર્ય અંગે કનખલ અને અલમોડાથી દક્ષિણે રામેશ્વર સુધીના પ્રવાસો બ્રહ્માનંદજી મહારાજ ખેડતા રહ્યા , મઠ અને આશ્રમનાં નવાં નવાં કેન્દ્રો સ્થાપતા રહ્યા. લોકોને ઠાકુરનો સમન્વયનો ને સેવાનો અદ્ભુત સંદેશ સમજાવતા રહ્યા, વિવેકાનંદની વ્યાપક પ્રતિભાનું વિવરણ કરતા રહ્યા અને પૂજ્ય શ્રી શારદામાના અપ્રતિમ તેજનાં દર્શન સર્વને કરાવતા રહ્યા. કનખલ, કાશી, વૃંદાવન, જગન્નાથ પુરી, ભુવનેશ્વર, મદ્રાસ, મદુરાઈ, બેંગલોર કન્યાકુમારી, ત્રિવેન્દ્રમ, હરિદ્વાર, અયોધ્યા : આમ અનેક સ્થળે જઈ, ત્યાં નવાં કેન્દ્રોની સ્થાપનામાં કે તેમના વિકાસમાં સહાયરૂપ થવાનું, તેમની મુશ્કેલીઓમાં માર્ગદર્શન આપવાનું, તેમને પ્રેરણાનું અમૃત સતત પાતા રહેવાનું ને દરેક સ્થળે જનસમુદાયને બોધ દેવાનું : આ બધું કાર્ય અસાધારણ લગનથી છતાં નિર્લેપતાથી ઠાકુરની ભક્તિરૂપે અને વિવેકાનંદને અંજલિરૂપે, નવાયુગને અનુરૂપ નવીન યુગધર્મ ફેલાવવાનું ભગીરથ કાર્ય હસતે મુખે મહારાજ ઉઠાવી રહ્યા. અગાઉના અકિંચન, અજાણ સંન્યાસીના નિર્લેપ ભાવે જ મહારજ આ બધા પ્રવાસો કરતા.

ઠાકુરની છબીની પધરામણીની વેળા મહારાજ ક્યાંક ભાવવિભોર બની નાચ્યા છે, ક્યાંક અબ્રાહ્મણોને અને અસ્પૃશ્યોને પ્રેમથી અપનાવ્યા છે, ક્યાંક ખોટે રાહે જતા કોઈ શિષ્યને મીઠાં વેણથી સાચે પંથે ચડાવ્યા છે; અને સતત પોતાની સાધનામાં આગળ વધતા રહ્યા છે.

દુઃખના ઘૂંટડા પણ મહારાજને ભાગે ઓછા આવ્યા નહોતા. વિવેકાનંદ ૧૯૦૨માં ગયા. પોતાના વડીલ બંધુ સમા વિવેકાનંદના જવા વખતે મહારાજ ભાંગી પડ્યા હતા. પણ સ્વામી શારદાનંદ અને બીજા ગુરુભાઈઓએ તેમને તત્કાલ સાચવી લીધા હતા. વળી, વિવેકાનંદે સોંપેલા કાર્યમાં મહારાજ ઓતપ્રોત થઈ ગયા હતા. પરંતુ, બીજા સાથી ગુરુભાઈઓ પણ જવા લાગ્યા. સ્વામી યોગાનંદ તો વિવેકાનંદની પણ પહેલાં, ૧૮૯૯માં ચાલી ગયા હતા. સ્વામી નિરંજનાનંદ, તુરીયાનંદ, અદ્વૈતાનંદ, ત્રિગુણાતીતાનંદ, રામકૃષ્ણાનંદ, શિવાનંદ અને અદ્ભુતાનંદે ૧૯૦૪ થી ૧૯૨૦ સુધીમાં જુદે જુદે સમયે વિદાય લીધી હતી. ઠેઠ દક્ષિણેશ્વરના સમયથી સૌ સેવામાં, તપમાં, સુખદુઃખમાં સાથીઓ હતા. દરેકના જવા સાથે જાણે કે જીવનના ગ્રંથનો અક્કેક અધ્યાય પૂરો થતો જતો હતો. દક્ષિણેશ્વર, કાશીપુરનો ઉદ્યાનબંગલો, વરાહનગર અને આલમબજારના ભૂતિયા મઠ, પરિભ્રમણ, બેલુડ: આ બધા વિકાસના મહાપંથના માર્ગસૂચક સ્તંભો જાણે કે કાલની ગર્તામાં વિલીન થઈ જતા હતા. મહારાજને હવે એકલતા સાલતી હતી.

ઈ. ૧૯૨૦ના એપ્રિલમાં ઠાકુરની અનન્ય નિષ્ઠાથી સેવા કરનાર અદ્ભુતાનંદ (ઠાકુરના પ્રિય લાટુ) ગયા ત્યારથી મહારજ વિશેષ ઢીલા પડી ગયા હતા. વયમાં હવે એ વન વટાવવા આવ્યા હતા. યુવાનીમાં ખેડેલા પ્રવાસોની અગવડોએ, ખોરાકની અનિયમિતતાએ, કઠોર તપશ્ચર્યા દરમિયાન કરાયેલી દેહની ઉપેક્ષાએ પોતાનો ભાગ ભજવવો શરૂ કરી દીધો હતો. ત્યાં, એકવીસમી જુલાઈની રાતે એક વાગ્યાને સુમારે એક સેવકની અચાનક નજર જતાં તેણે જોયું કે મહારાજ પથારીમાં સૂતેલા નથી, પણ આરામ ખુરશીમાં અતિ ગંભીર વદને બેઠા છે ને આખું શરીર ચાદરથી ઢાંકી દીધું છે. નેત્રો વિસ્ફારિત છે ને પોતે ક્યાંય ખોવાઈ ગયા છે. આ જોઈ ગભરાઈ ગયેલા સેવકે પોતાની મર્યાદા જાળવી મહારાજને બોલાવવાનો અને સૂવા જવા કહેવાનો પ્રયત્ન કરી જોયો. પણ મહારાજ તો ક્યાંય ખોવાઈ ગયા હતા. બીજે દહાડે તાર આવતાં ખબર થયા કે આગલી રાતે બરાબર એ જ સમયે પૂજ્ય શ્રી શારદામાએ જીવનલીલા સંકેલી લીધી હતી. મા જતાં બાળ શોકવિહ્વળ બની ગયો.

ઠાકુરની કૃપાથી ઘણું થયું હતું. પરંતુ કરવાનું બાકી ઘણુંયે હતું. સ્વામી વિવેકાનંદની ઇચ્છા મુજબનું ઠાકુરના મંદિરનું નિર્માણ હજી બેલુડમાં ક્યાં કરી શકાયું હતું?

બ્રહ્માનંદજી મહારાજે મંદિરના નકશાઓ મંગાવ્યા, તેમને બારીકાઈથી મહારાજે જોયા અને પછી, સાથીઓને યાદ અપાવ્યું કે સ્વામીજીએ સોંપેલું આ મહાન કાર્ય હજી બાકી રહી ગયું છે. આમ, દરેક કાર્યની જવાબદારી મહારાજ બીજાઓને સોંપવા લાગ્યા.

એમ કરતાં ૧૯૨૨નું વર્ષ બેઠું. મહારાજ પોતાના પુરાણા, પ્રિય સ્થાનક બલરામ મંદિરમાં આવ્યા હતા. ત્યાં, ૨૪મી માર્ચે, અચાનક તેમને કોલેરાનો હલ્લો થયો. હોમિયોપથી ઔષધોથી અને સાથીઓની સારવારથી, રોગ તો કાબૂમાં આવ્યો પણ નબળાઈ મૂકતો ગયો. આવી ગંભીર સ્થિતિમાંયે મહારાજની હાસ્યવૃત્તિ ગઈ ન હતી. તેમને એક ઓરડામાંથી બીજામાં પરિચારકો લઈ જતા હતા ત્યારે કહે : 'અરે ભાઈ, હાથી જીવતે લાખનો ને મૂએ સવા લાખનો!' આ રમૂજથી બધા હસી પડ્યા અને ગંભીર વાતાવરણ હળવું થઈ ગયું; પણ આ બધા અસ્ત પામતા દીપકના છેલ્લા ઝબકારા હતા.

આઠમી એપ્રિલની રાતે, બલરામ મંદિરમાં હતા તે સાથીઓને, અને બ્રહ્મચારીઓને પોતાની પાસે બોલાવી, સૌને વાત્સલ્યપૂર્વક આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે. તો ડરવું શા માટે?'

આથી થોડા દિવસ પહેલાં, ઠાકુરના ભત્રીજા રામલાલદાદા મળવા આવેલા ત્યારે તેમને કીર્તન ગાનારીનો વેશ સજી ઠાકુરના સમયનાં કીર્તન-ભજન ગાવાનું મહારાજે કહેતાં, તેમણે વ્રજની વિરહિણી, શ્રીકૃષ્ણ માટે ઝૂરતી ગોપીનું ગીત ગાયું હતું. ત્યારથી જ, આ વ્રજલાલ પોતાના મૂળ સ્વરૂપને ઓળખી ગયો હતો. અને ઠાકુરે કહ્યું હતું કે, 'રાખાલ પોતાના સ્વરૂપને જાણી લેશે પછી તેનો દેહ ટકશે નહીં.' એ ઘડી હવે નજીક આવી રહી હતી.

ઉપસ્થિત, અનુપસ્થિત સૌને સ્મરીને, સૌનું કલ્યાણ વાંછીને મહારાજે મનને જગતમાંથી વાળી લીધું, અને અંતરમાં ઊતરી ગયા. એમનું રૂપ ખીલી ઊઠ્યું. એમનો દેહ દેદીપ્યમાન થઈ ઊઠ્યો. એમના શ્રીમુખમાંથી ઉત્સાહભરી વાણી નીકળવા લાગી :

'હું વ્રજનો રાખાલ. મારે જોઈએ રામકૃષ્ણના કૃષ્ણ!

'કૃષ્ણ! કૃષ્ણ! તમે કેટલા સુંદર છો ? જુઓ જુઓ, એક નાનકડો બાળ મારા શરીર પર હાથ ફેરવી રહ્યો છે.

'આવ... આવ..... ચા....લ્યો.....આ...વ...!'

પછી વાણી મૌનમાં વિરમી ગઈ. એ દિવ્ય સ્પર્શનો ભાવ મુખ પર અંકિત થઈ ગયો. આ દિવ્ય ભાવમાં એક દહાડો રહી, દસમી એપ્રિલની રાતે પોણા નવ વાગ્યે વ્રજનો રાખાલ શાશ્વત વ્રજમાં જવા ઊપડી ગયો. અનંતનું સામ્રાજ્ય સર કરવાને 'રાજા' ચાલી નીકળ્યા. □

# પડોશી એ દરેક માણસનું દર્પણ છે

વિનોદ ભટ્ટ

એક જવાનને યુદ્ધના મોરચે લડવાનું તેડું આવ્યું. યુદ્ધમાં જવા તે તૈયાર થઈ ગયો. ઘોડા પર બેઠાબેઠા તેણે પડોશી યુવાનને સાદ દીધો. પેલો નજીક આવ્યો એટલે લાગણીથી તેને કહ્યું : 'જ્યોર્જ, મારા પર તારે એક મહેરબાની કરવાની છે...'

'ફરમાવ, ફિલિપ. પડોશી તરીકે તારો એ અધિકાર છે.' જ્યોર્જ બોલ્યો.

'મારે એકાએક યુદ્ધમાં લડવા જવું પડે છે. મારી પત્ની બાર્બરાને મેં ઘરમાં તાળામાં પૂરી રાખી છે. તું જાણે છે કે હું તેને ખૂબ જ ચાહું છું. તે પણ એટલી જ પ્રેમાળ છે, સુંદર પણ છે. યુદ્ધમાંથી જીવતા પાછા ફરાય કે ના પણ ફરાય. છ મહિના સુધી તું મારા પાછા ફરવાની રાહ જોજે ને હું પાછો ન આવું તો તું બાર્બરા સાથે પરણી જજે, લે આ ચાવી..' કહી ફિલિપે તેના હાથમાં ચાવીઓનો ઝૂમખો મૂક્યો. 'તું કેટલો ભલો માણસ છે !' જ્યોર્જ ઉપકારભાવે બોલ્યો. ઘોડાને એડી મારી ફિલિપ નીકળી પડ્યો. પણ હજી તો ગામની ભાગોળે માંડ પહોંચ્યો હશે ત્યાં જ તેનો પડોશી જ્યોર્જ દોડતો આવી હાંફતા હાંફતા બોલ્યો : 'અલ્યા ભાઈ, આ ઝૂડામાંથી એક પણ ચાવી તારા તાળાને લાગુ પડતી નથી.'

આ છે તે પડોશી જે પોતાને ફાયદો થતો હોય ત્યારે સદાય મદદ કરવા તત્પર રહેતો હોય છે. આ જ સંદર્ભમાં નિત્સેએ કહ્યું છે કે Neighbours praise unselfishness, because they are profited by it. (પડોશીઓ હમેશાં (તમારા) નિસ્વાર્થપણાની પ્રશંસા કરે છે, કેમ કે તેમને તે લાભપ્રદ નીવડે છે.) માણસ એ સામાજિક પ્રાણી હોવાથી તેને પડોશી વગર ચાલતું નથી. એક પેલો આદમ જ એવો માણસ હતો જેને પડોશી વગર ચલાવી લેવું પડ્યું હતું. બાકી પડોશી એ અનિવાર્ય આપત્તિ છે, જે બધાને મળે જ છે. તમારે કદાચ પડોશી વગર ચાલે, પણ પડોશીને નહીં જ ચાલે.

પણ આ વિશ્વમાં કપરામાં કપરું કામ પડોશીને ચાહવાનું છે. બાઈબલમાં આ જ કારણે પડોશીને ચાહવાનું કહ્યું છે. 'બાઈબલનો એવો આદેશ છે કે તમે તમારા પડશીને ચાહો, તમે તમારા દુશ્મનને ચાહો. આનું કારણ કદાચ એ હશે કે તેઓ ઘણુંખરું એકના એક લોકો જ હોય છે.' - આવું અમેરિકન હાસ્યકાર માર્ક ટ્વેઈને કહ્યું છે. પોતાના પડોશીને ચાહવા કરતાં સમગ્ર માનવજાતને ચાહવી એ ખરેખર સહેલું છે. એનો આદર્શ નમૂનો પાકિસ્તાન છે. આપણો આ પડોશી વગરકારણે આપણને સદાય જાગૃત અને ચિંતિત રાખે છે. ઑસ્કાર વાઈલ્ડે કહ્યું છે કે, માણસ પોતના શત્રુની પસંદગી બાબત ચોક્કસ રહી શક્તો નથી. પડોશીની બાબતમાં પણ એવું જ છે, પડોશીની પસંદગી અંગે તે કાળજી રાખી શક્તો નથી. ટ્રેઈનમાં આપણને સારો પડોશી ના મળ્યો હોય તો ટી.સી. સાથે ગોઠવણ કરીને બીજા કે ત્રીજા સ્ટેશને આપણે ડબ્બો બદલી શકીએ છીએ અથવા તો આપણે કોઈ મકાનમાં રહેતા હોઈએ ને પડોશી રાશી જણાય તો મકાન ખાલી કરી અન્ય સ્થળે રહેવા જઈ શકીએ, પણ પાકિસ્તાન એ આપણો એવો પડોશી છે કે તેનાથી પીછો છોડાવવા ક્યાંય જઈ શકીએ તેમ નથી, પડોશી હોવાની આ એક સજા છે.

આ કારણે સમજુ માણસ પોતાના પડોશીને મિત્ર માનવાની ભૂલ ક્યારેય નથી કરતો; કેમકે મોટા ભાગના પડોશીમાં એક શત્રુ, મિત્રતાનું મ્હોરું પહેરીને બેઠો હોય છે. તમે જોજો, કોઈપણ સજજન વિશે તેના પડોશીનો મત એટલો ઊંચો હોતો નથી, અને પોતે બાંધેલ મતના સમર્થનમાં તેની પાસે સબળ પુરાવા પણ હોય છે. એટલે તો કોઈના વિશે સાચી માહિતી મેળવવી હોય તો તેના સાખપડોશીને પૂછવાથી તેના વિશેની જરૂરી, બિનજરૂરી, રજેરજ વિગતો જાણી શકાય છે. પડોશી એટલે એવી વ્યક્તિ કે જેના શબ્દકોશમાં, તમારા વિશે 'ખાનગી' જેવો કોઈ શબ્દ નથી. પડોશી માટે જ કહેવાયું હશે કે દીવાલને પણ કાન હોય છે, આપણા કાનની દીવાલની જેમ, પડોશીનો કાન આપણા ઘરની દીવાલ સાથે જડાયેલો હોય છે. એના કાન પૂરતી આપણી દીવાલ પાતળી હોય છે.

મારા એક સ્નેહીની દીકરી માટે એક મુરતિયાની પાકી માહિતી મેળવવાની હતી. મુરતિયાની બાજુના ઘરમાં એકદીવાલે રહેનાર સુમનભાઈ મારા ઓળખીતા. તેમની પાસે જઈને મેં પૂછ્યું : 'તમારી બાજુવાળા રશ્મિકાન્તનો દીકરો પ્રદીપ કેવો ?'

'કોની, તમારી દીકરી માટે પૂછો છો ?' તેમણે જાણવા માગ્યું.

'ના, એક મિત્રની સુપુત્રી માટે.' મે કહ્યું.

'તો ઠીક,' તે બોલ્યા.

'એટલે ?' મેં પ્રશ્ન કર્યો. મારા પ્રશ્નનો ઉત્તર આપવાને બદલે તેમણે ઠપકાભર્યા અવાજે મને કહ્યું : 'તમે આ બાબત મને પૂછ્યું. એ ઠીક ના કર્યું..'

'કેમ ?'

'કેમકે મારો એવો નિયમ છે કે ખોટું બોલવું નહીં, પણ તમે એક કામ કરો, નીતિબહેનને મળો...' તેમણે જણાવ્યું.

'આ નીતિબહેન વળી કોણ છે ?' મારો પ્રશ્ન.

'નીતિ સાથે રશ્મિકાન્તને અનૈતિક સંબંધ હતો, હવે નથી. અત્યારે તો એની જ ઑફિસની એક સ્ત્રી-ભાવના-સાથે સખ્ય ચાલે છે. બાકી છોકરો પ્રદીપ આમ તો સારો છે, કોલેજમાં ચારપાંચ છોકરીઓ સાથે દોસ્તી હતી, એમાંની એકની સાથે તો લગ્ન સુધીની વાત હતી, પણ પછી એ છોકરી ક્યાંકથી જાણી લાવી કે પ્રદીપને છાંટોપાણી લેવાની ટેવ છે એટલે પછી વાત ત્યાં જ અટકી પડી. રશ્મિકાન્તના ભાઈ સુબોધની વાઈફ ગુજરી ગઈ ત્યારે ઘેર પોલીસ પણ આવેલી, દહેજ-બહેજની માથાકૂટ હોવી જોઈએ. આપણને કોઈની વાતમાં બહુ ઈન્ટરેસ્ટ નહીં, એક સોશયલ સ્ટેટસ ને કેરેક્ટર બાદ કરતાં બીજી બધી રીતે વિચારી શકાય, છોકરીને કાંકરિયામાં ધક્કો મારવો હોય તો કોણ રોકનાર છે ?'

જો કે પછી મને ખબર પડી કે ખુદ સુમનભાઈ પોતે જ તેમની દીકરી રશ્મિકાન્તના સુપુત્ર પ્રદીપ વેરે નાખવા ઇચ્છતા હતા, પણ પડોશી હોવાના નાતે રશ્મિકાન્ત સુમનભાઈ વિશે ઘણું જાણે એટલે હાથ ના મૂકવા દીધો. એનું જ આ રિએક્શન હતું.

દરેક પડોશી એવું માનતો હોય છે કે તેની પાસે તમારા વિશે આઈ.એસ.આઈ. માર્કાનું સત્ય છે. તમારે ત્યાં કેટલા કિલો (!) સોનું છે, ઈન્કમટેક્ષવાળા રેડ પાડે તો તમારે ત્યાંથી ઓછામાં ઓછું કેટલા લાખનું કાળું ધન એ લોકોને હાથ લાગે એનો આંકડો પડોશીની આંગળીના વેઢે હોય છે. તમે ઉદાર છો, ઉડાઉ છો, ચીંગુસ છો કે કડકા છો - એ તમારે ત્યાં લારીમાં આવેલ ઘઉં-ચોખાની જાત પરથી નક્કી કરી નાખે છે. દસમા-બારમા ધોરણમાં પાસ થએલા તમારા સંતાનનું પરિણામ તે પરોપકારવૃત્તિથી પણ તમારાથી ખાનગીમાં જોઈ આવે છે. પછી તમને ભોળાભાવે પૂછે છે : 'કેટલા ટકા માર્ક્સ આવ્યા સંજુના ?' તમે જે માર્ક્સ કહો એની સાથે પોતે લાવેલ માર્ક્સ સરખાવી લે છે ને તમે થોડા માર્ક આઘાપાછા બોલો તો તે સુધારી પણ આપે છે. તમારી વયસ્ક દીકરી સારાં કપડાં પહેરે એટલે પડોશીની ૦૦૭ આંખ તરત જ પારખી લે છે કે દીકરીને કોઈ જોવા આવવાનું લાગે છે, એમાંય જ્યારે તમે બહારથી આવતા હો ત્યારે હાથમાંની થેલીમાં પડેલું મીઠાઈનું ખોખું દેખાય તો પાકું. પડોશીના કાન જ નહીં, તેનું નાક પણ સરવું હોય છે. નાકને આધારે તે કહી શકે છે કે તમારે ત્યાં હાંડવો રંધાયો છે કે ઢોકળાં ! - ગયા ગુરુવારે પણ તમારે ત્યાં હાંડવો જ થયો હતો એ કદાચ તમને યાદ નહીં હોય, પણ તમારા પડોશી માટે એ ભૂલવું મુશ્કેલ છે. તમારે જો તમારા દોષ જાણવા હોય તો પડોશીને પૂછજો, તમારા વિશે તમને અવનવી માહિતી જાણવા મળશે. કદાચ એટલે જ એક અંગ્રેજ કહેવતમાં કહેવાયું છે કે, પડોશી એ દરેક માણસનું દર્પણ છે. પણ આ લખનારના મતે પડોશી એ સામાન્ય દર્પણ નથી પણ પેલા જાડાપાતળા કાચ જેવું છે, જેમાં તમે છો એથી અનેક ગણા જાડા કે પાતળા પડોશી તમને જોઈ શકે છે, એટલું જ નહીં, તે અન્યને બતાવી પણ શકે છે.

કદાચ આવા જ કારણસર માણસ સો નહીં, હજાર રૂપિયાનું નુકસાન થાય ત્યાં સુધી પોતના પડોશી સાથે સંબંધ બગાડવાનું પસંદ કરતો નથી. પોલીસ અને પડોશી સાથે દોસ્તી યા દુશ્મની બન્ને સરખાં ખરાબ હોય છે એની શાણા માણસોને ખબર હોય છે. માણસ પોતના શત્રુ પર વિજય મેળવી શકે છે, તેને ઠેકાણે પાડી શકે છે, પણ પડોશીને તે ઠેકાણે લાવી શકતો નથી, કેમકે તેના વિશેનાં એવાં ઘણાં રહસ્યો પડોશી જાણતો હોય છે ને ધારે તો માનવજાતને એ અંગેની માહિતીનો લાભ આપવાય તે આતુર હોય છે.

આપણામાં અને આપણા પડોશીઓમાં પાયાનો ફરક એ છે કે આપણે જે જાણતા હોઈએ છીએ તેનું ૨૫ ટકા પણ તેમને કહેતા નથી ને આપણે જે કંઈ કહીએ છીએ તેનું ૨૫ ટકા પણ તે સાચું માનતા નથી. એટલે તો કહેવાય છે કે 'તમે શેતાનને મૂર્ખ બનાવી શકો, પડોશીને નહીં'. તમારા વિશેની સાચી ને ખોટી બન્ને પ્રકારની વાતો તે જાણતો હોય છે એટલે તેને વિશે તમે જાહેરમાં જો કશું ખોટું બોલો તો તમારા વિશેની સાચી માહિતી મૌલિકતા સાથે જાહેર કરવાની સંપૂર્ણ ક્ષમતા તે ધરાવે છે. તમે એની ઉપેક્ષા કરો તો એ તમારી સવાઈ ઉપેક્ષા કરી શકે છે. ઘણા વખત પહેલાં એક વાર એવું બન્યું હતું કે અમને, મને તથા શિવકુમાર જોશીને, ઉમાશંકરના પડોશી એ જ તેમનું ઘર નહોતું બતાવ્યું - 'ખબર નથી' એમ કહ્યું હતું.. એમ તો સિગ્મન્ડ ફ્રોઈડની પણ એવી જ હાલત થઈ હતી. તેની બાજુમાં રહેનારને જાણ નહોતી કે ફ્રોઈડ તેની પડોશમાં રહે છે. ફ્રોઈડને મળવા જનાર એક મનોચિકિત્સક મિત્રે તેમને પ્રશ્ન કર્યો કે આમ કેમ ? તમારી અડોઅડ રહેનાર પણ તમને પિછાણતાં નથી ? ત્યારે ખસિયાણા ચહેરે ફ્રોઈડે પોતાનો બચાવ કર્યો હતો કે 'પ્રોફેટ્સ આર નોટ નોન ઈન ધ લેન્ડ વે આર બોર્ન...'

મોટા ભાગે આપણે આપણા પડોશીને તેની હરકતો બદલ માફ કરી દઈએ છીએ. ઈટાલિયન પેઈન્ટર બુફાલ માક્કો (BUFFAL MACCO) જેવો કોઈક માથાફરેલ કલાકાર જ પડોશીને સીધા કરવાની હિંમત દાખવી શકે. બુફાલની પડોશણ આખી રાત શાળ ચલાવ્યા કરતી, આ કારણે પેઈન્ટરની ઊંઘમાં ખેલ પડતી, તેની ઊંઘમાં ગાબડાં પડતાં. આ ઘોંઘાટમાંથી બહાર આવવાનો ઉપાય તેણે શોધી કાઢ્યો. તેના રસોડાની દીવાલમાં એક બાકોરું હતું. તેણે એક એક પાતળી સોટી એ કાણામાં ભરાવી, એ રીતે સોટીની મદદ વડે તે પેલી સ્ત્રીએ બનાવેલ રસોઈમાં પુષ્કળ મીઠું ઠપકારી દેતો. પેલી સ્ત્રીની રસોઈ ખારી અગર થઈ જતી. આવું લાગલાગટ ત્રણચાર દિવસ સુધી બન્યું. આથી એ સ્ત્રીનો પતિ તેને જાહેરમાં ઝૂડવા માંડ્યો, 'આવી બેદરકારી ! રાંધતાં જ નથી આવડતું !' બધા પડોશીઓ તમાશો જોવા ટોળે વળ્યા. બુફાલ માક્કો પણ ઘટનાસ્થળે, ટોળાની વચ્ચે પહોંચી ગયો. પેલી સ્ત્રીના વરની ફરિયાદ સાંભળી પેઈન્ટરે અભિપ્રાય આપ્યો : 'બહુ નજીવા કારણસર આવું બનતું હોવું જોઈએ, તમારી એવી ફરિયાદ છે ને કે રસોઈમાં બેહદ મીઠું પડી જાય છે ? - પણ મારા મતે આ સ્ત્રી બહુ સારું રાંધી શકે છે, પરંતુ થાય છે શુ કે આખી રાત તે મટકું માર્યા વગર શાળ ફેરવ્યાં કરે છે, તે રાતે ઊંઘી શકતી નથી એટલે રસોઈમાં ચિત્ત ક્યાંથી રહે ! તેને રાત્રે આરામ કરવા દો, પછી જોજો રસોઈ કેવી બને છે !' એ સ્ત્રીએ કલાકારની સલાહ માની લીધી, પરિણામે તેના નસીબમાંથી માર ખાવાનું ગયું, તેના પતિના કિસ્મતમાંથી ખારી રસોઈ જમવાનું ગયું ને બુફાલના પ્રારબ્ધમાંથી ઉજાગરા ગયા.

આદર્શ પડોશીની વ્યાખ્યા આપતાં કોઈકે કહ્યું છે કે જ્યારે કોઈ ચીજવસ્તુ આપણે ત્યાં ખલાસ થઈ જાય એ જ વખતે પડોશીને ત્યાં પણ એ જ વસ્તુ ખલાસ થઈ ગઈ હોય છે. કોઈક વાર આપણે સોબસો રૂપિયા તેની પાસે ઉછીના માગવા જઈએ ત્યારે હસીને તે એમ કહે કે હમણાં હું તમારે ત્યાં ચારોસો રૂપિયા ઉધાર લેવા આવવાનું વિચારતો હતો ત્યાં તમે સામે આવ્યા--આનું નામ ટેલીપથી.

પડોશીની બાબતમાં આપણાં બધાંનો શાયરમિત્ર શેખાદમ આબુવાલા ખુશનસીબ હતો. જમાલપુર, વ્હોરવાડમાં તે મસ્જિદની બાજુમાં માત્ર ત્રણ જ દીવાલવાળા ઘરમાં રહેતો. એક મિત્રે તેને સલાહ આપી કે આદમ, આ મકાન કાઢી નાખ ને નદીની પેલા પાર એકાદ ફ્લેટ લઈ લે. જવાબમાં માથું ધુણાવતાં આદમે જણાવેલું 'ના દોસ્ત, અહીં વધારે સારું છે, બાજુમાં મસ્જિદ છે, ખુદા મારો પડોશી છે એટલે નિરાંત છે. ક્યારેય તે મારી પાસે દૂધ, ખાંડ કે પચાસ-સાઠ રૂપિયા ઉધારે માગવા નથી આવતો, આબરૂ રહી જાય છે.'

આપણે એટલા બધા નેબર-કોન્શસ છીએ કે આપણને જો ખબર પડે કે આપણા કરતા આપણા પડોશીને વધારે તકલીફો પડે છે તો આપણું દર્દ બિલકુલ ઘટી જશે, આપણા માટે એના જેવું બીજું કોઈ આશ્વાસન નથી. આપણી મોટાભાગની ખરીદીઓ, પત્નીની પ્રેરણાથી નીચે દર્શાવેલ ચાર કારણોસર થતી હોય છે: (૧) તે પડોશી પાસે નથી એટલે (૨) પડોશી પાસે છે માટે (૩) પડોશીને તે ખરીદવાનું પોષાય તેમ નથી તેથી (૪) આપણને તે ખરીદવું નહીં પોષાય એવું પડોશી માનશે એટલા વાસ્તે.

આગળ કહ્યું તેમ પડોશી એ અનિવાર્ય અનિષ્ટ છે એ હકીકત હોવા છતાં તેમાં ઈશ્વર પણ આપણને મદદ કરી શકતો નથી. કારણ એટલું જ કે ઈશ્વરને કરેલી પ્રાર્થના જો ખરેખર ફળતી હોત તો આપણો એક પણ પડોશી પૃથ્વી પર ન હોત. . . . . □

# બચાવો પૃથ્વી

પ્રહ્‌લાદ છ. પટેલ

And out of ground made the Lord God to grow every tree that is pleasant to the sight and good for food, the tree of life also in the midst of garden and the tree of knowledge of good and evil. (Genesis 2:9)

ઈશ્વરે ધરતી ઉપર વૃક્ષો ને વનસ્પતિ ઉગાડ્યાં, જે આંખને સૌંદર્ય પૂરું પાડે છે અને જીવનને આહાર પૂરો પાડે છે. વૃક્ષના ઉદ્યાન વચ્ચે માનવજીવનનું નિર્માણ કર્યું. સાથેસાથે ભલા અને ભૂંડાનું જ્ઞાન આપે તેવા વૃક્ષનું પણ સર્જન કર્યું. આવા શુભ આશયથી રચાયેલી આ પૃથ્વી સામે આજે બેમિશાલ પડકારો ઊભા થયા છે. વારસામાં મળેલી પૃથ્વી સુંદર હતી પણ વર્તમાન પૃથ્વીના જીવધર (Biosphere)માં ચિંતાજનક ફેરફારો થયા છે. વસ્તીના અક્ષમ્ય વધારા સાથે જમીન, જંગલો તથા કુદરતી સંસાધનો ઉપર અસહ્ય ભારણ વધી રહ્યું છે. વિકસતી પ્રાદ્યોગિકી સંસ્કૃતિએ પૃથ્વીની લીલીછમ ચામડી ઉતારી લેવાનું શરૂ કર્યું છે. આથી વાતાવરણ અમે તેના ઉપર નભતા જીવો ઉપર વિપરીત અસરો થવા લાગી છે. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળની પરિસ્થિતિ પેદા થઈ છે. ગરમી અને ઠંડીમાં થતી ઊથલપાથલોથી જીવસૃષ્ટિ જોખમમાં આવી પડી છે. માનવ-પ્રવૃત્તિઓથી પર્યાવરણને ભારે જફા પહોંચી છે અને પ્રદૂષણે માઝા મૂકી છે. 'જ્ઞાનવૃક્ષ'નું ફળ ચાખ્યા પછી માણસનું કલ્યાણ જરૂર થયું છે, પણ હવે અકલ્યાણનાં એંધાણ દેખાવા લાગ્યાં છે. આથી પૃથ્વીને બચાવી લેવાની જરૂરિયાત વધતી જાય છે. પર્યાવરણની સુરક્ષા તથા પ્રદૂષણ-નિયંત્રણના પ્રશ્નોની ચર્ચા કરી, ઉપાયો શોધીને એકમતિ સાધવા માટે બ્રાઝિલના રિયો-ડિ-જાનેરો શહેરમાં ૧૭૦ દેશોના પ્રતિનિધિઓ અને નિષ્ણાતો મળ્યા. આશરે ૧૧૦ દેશના રાજકીય વડાઓએ પણ હાજરી આપી. બ્રાઝિલ દક્ષિણ અમેરિકાના અર્ધા કરતાં થોડોક જ ઓછો પ્રદેશ ધરાવે છે. બ્રાઝિલ વિશ્વમાં સૌથી વધારે પ્રદૂષિત પ્રદેશ છે!

વિશ્વના ભિન્નભિન્ન દેશોમાં તરેહતરેહનાં પ્રદૂષણો પ્રવર્તે છે, જેની માહિતી, કારણો અને ઇલાજોની જાણકારી આવશ્યક છે. હવામાં કુદરતી ઘટક વાયુઓના પ્રમાણમાં વધઘટ થાય કે હાનિકારક વાયુઓ ઉમેરાય તો હવા પ્રદૂષિત બને છે. શહેરી પર્યાવરણની દૃષ્ટિએ મેક્સિકો શહેર સૌથી વધારે પ્રદૂષિત છે. બધાં રાક્ષસી શહેરોની પરિસ્થિતિ ચિંતાજનક છે. સડબરી (ઓન્ટારિયો) અને કોલા (રશિયા) વિસ્તારની વનસ્પતિમાં ઉદ્યોગોએ ઘણા રોગો પેદા કર્યા છે. વિશાળ કારખાનાં અને વાહનોમાંથી ઓકાતાં કાર્બન ડાયૉક્સાઈડ અને અન્ય ઝેરી વાયુઓથી હવાનું પ્રદૂષણ ખૂબ વધી ગયું છે.

શહેરી ગટરોનો દુર્ગંધ મારતો પ્રવાહી કચરો, ઉદ્યોગોમાંથી બેફામ રીતે ઠલવાતો ઝેરી રસાયણયુક્ત પ્રવાહી કચરો અને ખાતરોજન્ય પ્રવાહી કચરો નદી કે દરિયાનાં પાણી સાથે ભળતાં પાણી પ્રદૂષિત થાય છે. દરિયાના ભરતી-વિસ્તારમાં ઝેરી રસાયણ જમા થાય છે. આથી જળચરો મરવા પડે છે. કેટલાક જીવો કાયમ માટે નષ્ટ થાય છે. ટેમ્સ નદીનું શુદ્ધીકરણ કરવાથી મૂળ જળજીવન ફરીથી દેખાવા માંડ્યું છે. ગંગાના શુદ્ધીકરણની પાછળ આ દૃષ્ટિબિંદુ રહેલું છે. કાસ્પિયન, બાલ્ટિક અને ભૂમધ્ય સમુદ્રના તટપ્રદેશો ઔદ્યોગિક પ્રદૂષણથી ભારે અસર પામ્યા છે. જકાર્તા, બૅંગકોક અને મનિલા બંદરો હાનિકારક રસાયણોથી ખદબદી રહ્યાં છે.

નદીઓનાં વહેણ બદલાયાં છે. નદીઓનાં પાણી ખેંચાઈ ગયાં છે. કોલોરાડો નદી દરિયાને મળે છે ત્યારે તેનો પ્રવાહ અત્યંત મંદ પડી જાય છે. નદીનું વહેણ બદલાતાં ચીનમાં લોપનૂર તળાવ સાવ ખાલી થઈ ગયું છે. નાઈલના આસ્વાન બંધથી કાંપવાળાં ખેતરોનું ધોવાણ થયું છે. ભૂમધ્ય સમુદ્રનો પૂર્વકિનારો પોષક તત્ત્વોથી ખાલી થઈ ગયો છે. આફ્રિકા, એશિયા અને ઉત્તર અમેરિકાનાં જળાશયો ખાલી થવાં લાગ્યાં છે.

દઝાડે તેવાં સૂર્યનાં અલ્ટ્રાવાયોલેટ (પારજાંબલી) કિરણો સામે જીવસૃષ્ટિને રક્ષણ આપનાર ઓઝોન કવચમાં એન્ટાર્ટિકા અને આર્કટિકાના મથાળે મોટાં ગાબડાં પડ્યાં છે, જેને માટે માનવકૃત ફ્લોરોફ્લોરોકાર્બન (સી.એફ.સી.) વિશેષ જવાબદાર છે. ઉદ્યોગો અને વાહનવ્યવહારથી પેદા થતા પ્રદૂષણે ઓઝોનના નીચલા સ્તરને થોડુંક નુકસાન કર્યું છે, જ્યારે ઉપલા સ્તરને નહીંવત્ અસર થઈ છે.

ઔદ્યોગિક અને પરિવહન પ્રવૃત્તિઓથી વાતાવરણમાં સલ્ફર ડાયૉક્સાઈડ, નાઈટ્રસ ઑક્સાઈડ, કાર્બન ડાયૉક્સાઈડ અને કાર્બન મૉનોક્સાઈડ ઉમેરાય છે. હવામાં રહેલા ભેજ સાથે રાસાયણિક પ્રક્રિયા થતાં સલ્ફર ડાયૉક્સાઈડનું અને નાઈટ્રસ ઑક્સાઈડનું ઍસિડમાં રૂપાંતર થાય છે. વરસાદનાં પાણી સાથે આ ઍસિડ ધરતી ઉપર પડે છે, જેને ઍસિડનો વરસાદ કહે છે. ઍસિડનો વરસાદ સ્કેન્ડિનેવિયા, કૅનેડા, યુ.એસ.એ. તથા પશ્ચિમ અને મધ્ય યુરોપમાં થયેલો છે. ઍસિડના વરસાદથી જંગલો, જળજીવન તથા વન્યજીવનને ભારે નુકસાન થયું છે. ઍસિડના વરસાદને હવાનું પ્રદૂષણ ગણી શકાય.

રાસાયણિક ઉદ્યોગો વિષમય કચરો ઠાલવે છે. ન્યૂ-જર્સીના ફળદ્રુપ પ્રદેશ મેગાલેપોલિસ નામના ઝેરથી છવાઈ ગયો છે. ન્યૂ યૉર્કની લવ-કૅનાલમાં વિષમય કચરો ધકેલી દેવાથી તેની પાસેના વિસ્તારના લોકો મોટા પાયે માંદા પડ્યા હતા. આથી આ વિસ્તાર ખાલી કરવો પડેલો. સાન-ડિયાગોના અખાતમાં ઝેરી કાર્બનિક રસાયણોનું પ્રમાણ એકદમ વધી ગયું છે. સિંચાઈને કારણે બૅર્જિંગ - ટિયાજીનના તટપ્રદેશમાં ભારે ધાતુઓની જમાવટ થઈ છે. કૅલિફૉર્નિયાના વન્યપ્રદેશોમાં સિલિયમની જમાવટ થઈ છે. જાપાનમાં મિનામાતા પાસે પાટાના ઉપયોગને લીધે પ્રસરતા ઝેરને શુદ્ધીકરણની ટેક્નૉલૉજિ વડે દાબી દેવામાં આવ્યું છે.

ન્યૂક્લિઅર રિએક્ટરનું બાંધકામ ચુસ્ત ન હોય તો તેના કાર્યકાળ દરમ્યાન રેડિયો-એક્ટિવ વિકિરણો દીવાલો ભેદીને નજીકની હવાને રેડિયો-એક્ટિવ બનાવે છે. આવી રેડિયો-એક્ટિવ હવા જીવમાત્ર માટે ઘાતક છે. અમેરિકાના થ્રી-માઈલ-ટાપુ ઉપર અને રશિયામાં ચેર્નોબિલના રિએક્ટરોમાં અકસ્માત થતાં આસપાસની હવા રેડિયો-એક્ટિવ બનતાં ભારે જાનહાનિ થઈ હતી. ચેર્નોબિલના રિએક્ટરના ધડાકાબંધ થયેલા અકસ્માતથી રેડિયો-એક્ટિવ હવાનું વાદળ પવનની દિશામાં આગળ વધતાં દૂરદૂર સુધી હવાને દૂષિત કરી હતી. ન્યૂક્લિઅર પાવર-પ્લાન્ટમાં વપરાયેલ બળતણને કચરારૂપે નિકાલ કરતાં પ્રદૂષણ ફેલાય છે. ન્યૂક્લિઅર કૂડાકચરાને નદી કે દરિયામાં ઠાલવતાં પાણી પ્રદૂષિત થાય છે અને જમીનમાં દાટતાં જમીન પ્રદૂષિત થાય છે, કારણ કે ન્યૂક્લિઅર કચરો લાંબા સમય સુધી રેડિયો-એક્ટિવ વિકિરણોનું ઉત્સર્જન કરે છે. યુદ્ધમાં કરેલા અને પ્રયોગિક અણુધડાકાઓએ તો વાતાવરણને બેહદ રેડિયો-એક્ટિવ બનાવ્યું છે. બિકિની ટાપુ ઉપર અમેરિકાએ અણુધડાકો કર્યા પછી આજે પણ તે ટાપુના લોકો વસવાટ માટે પાછા ફરી શક્યા નથી. જાપાનના હિરોશીમા ને નાગાસાકી ઉપર ઝીંકાયેલા પરમાણુ-બૉંબથી તત્કાળ સર્વનાશ થયો પણ તે સમયે ઉત્સર્જિત રેડિયો-એક્ટિવ વિકિરણોની અસર આજે પણ ચાલુ છે.

આજે સમગ્ર પૃથ્વી ઉપરથી જંગલો અદૃશ્ય થવા લાગ્યાં છે. એક અછડતા અંદાજ મુજબ પૃથ્વી ઉપરથી દર મિનિટે બેએક એકર જંગલ અદૃશ્ય થાય છે. તેની સામે નવાં જૂજ જંગલો થતાં હશે. બ્રાઝિલ, મડાગાસ્કાર ને દક્ષિણ પૂર્વીય એશિયામાંથી જંગલો મોટા પાયે કપાઈ જતાં દર વર્ષે વનસ્પતિના કેટલાય નમૂના નષ્ટ થતા જાય છે. ઉત્તર અમેરિકા અને એશિયામાં જંગલો ટાપુઓની જેમ અલ્પસંખ્યક બની ગયા છે. વિક્ટોરિયા લેકમાંથી આશરે ૩૦૦ નમૂનાઓ નાશ પામ્યા છે.

જંગલો જીવસૃષ્ટિ માટે ઊર્જાનો મોટો ભંડાર છે. ઉષ્ણ કટિબંધના પ્રદેશોમાં ખેતી અને ઔદ્યોગિક વિકાસ, બળતણ તથા અન્ય હેતુઓ ખાતર પ્રતિવર્ષ આશરે ૧,૨૮,૦૦૦ ચોરસ-કિલો મીટર વિસ્તારમાંથી જંગલો ઓછાં થાય છે. બળતણ તરીકે જંગલોનો ઉપયોગ કરવાથી આફ્રિકા, હૈતી અને નેપાલના કેટલાય વિસ્તારોમાં જંગલો ખાલી થઈ ગયાં છે. જંગલો આછાંપાતળાં થતાં જમીનનું ધોવાણ, ભેખડો ધસી આવવી અને પૂરની ઘટનાઓ વિશેષ જોવા મળે છે. જે હિસાબે આજે જંલગો અદૃશ્ય થઈ રહ્યાં છે તે રીતે ૨૦૨૦ ની સાલમાં પૃથ્વીને બચાવવાનું કાર્ય મહામુશ્કેલ બનશે.

વિશ્વના કેટલાક ભાગોમાં અવારનવાર અનાવૃષ્ટિને કારણે રણપ્રદેશોનો વિસ્તાર વધી રહ્યો છે. વધતાં જતાં ક્ષારથી જમીન કસ વિનાની થતી જાય છે. ઑસ્ટ્રેલિયાની કેટલીક સિંચાઈયુક્ત જમીનમાં ક્ષાર વધતાં તેની ફળદ્રુપતા ઘટી ગઈ છે. તેની સામે આધુનિક ટેકનૉલૉજિ અને સુધારેલી કૃષિપદ્ધતિઓની મદદથી ઈઝરાઈલે રણપ્રદેશને હરિયાળો કર્યો છે. ચીને આ દિશામાં સામૂહિક વૃક્ષારોપણની પ્રવૃત્તિ હાથ ધરી છે.

જીવધરમાં ઘણી જટિલ પ્રક્રિયાઓ થતી હોય છે. તેના કોઈ એક ઘટકમાં ફેરફાર થાય તેની અસરો બીજા ઘટકો ઉપર થતી હોય છે. પરિણામે જીવધરનાં સમીકરણો બદલાઈ જાય છે. જેમ કે, ગ્રીન હાઉસ અસરથી જીવધટકનું તાપમાન વધે છે. પરિણામે ભૂમંડળના તાપમાનમાં વધારો થાય છે, જેની અસર સમુદ્રો, બરફ, વાદળાં અને વનસ્પતિનાં આવરણો ઉપર થાય છે. આથી પૃથ્વીની ઊર્જા-પરાવર્તકતામાં ફેરફાર થાય છે. પૃથ્વી અસંખ્ય નાના-મોટા સજીવોનું ઘર (આવાસ) છે. સૂક્ષ્મ જીવાણુઓ ઉપર થતા ફેરફારોથી લાંબા સમયે વાતાવરણ અને જમીનનું રસાયણશાસ્ત્ર બદલાય છે. આથી ભૌતિક પરિબળો જેવાં કે તાપમાન, દબાણ અને વિકાસના દર ઉપર અસર થાય છે. જીવધરના ફેરફારોનું એક સ્પંદ ચક્રિય ફેરફારો પેદા કરે છે. આ ફેરફારો અલ્પકાલીન તથા દીર્ઘકાલીન હોય છે. એક વખત પ્લેન્કટોન (સેન્દ્રિય પદાર્થોનો સમૂહ) નાશ પામશે તો પછી તેમને પ્રયોગશાળામાં ટેસ્ટ્યૂબમાં પેદા કરી શકાશે નહીં. વૃક્ષો કપાય અને ઊગે પણ જંગલનું સ્થૂળ અસ્તિત્વ ટકી રહેવું જોઈએ. મહાનગરોની સંસ્કૃતિએ લોકસ્વાસ્થ્ય રફેદફે કરી નાખ્યું છે.

અર્ધથી વધારે પૃથ્વી ઉપર ગરીબાઈનાં ગૂમડાં ફરી નીકળ્યાં છે, જ્યારે બાકીની પૃથ્વી ઉપર અમીરીના ધોકા પડવાથી ઢીમચાં થયાં છે. આ છે પૃથ્વીના ખુબસૂરત ચહેરાની કરુણ કહાણી. આજે પૃથ્વી બે ભાગમાં વહેંચાયેલી છે - ઉત્તર ગોળાર્ધ, જેમાં વિકસિત દેશો અને દક્ષિણ ગોળાર્ધ જેમાં વિકસતા દેશોનો સમાવેશ થાય છે. વિકસિત દેશો જેવા કે અમેરિકા, યુ.કે., જાપાન, જર્મની, કેનેડા, ફ્રાંસ અને ઇટાલી (G-7 દેશો) વિશ્વના કુલ ઉત્પાદનના ૭૫ ટકા ઉત્પાદન કરે છે. વિશ્વની કુલ વસ્તીના ૬ ટકા વસ્તી અમેરિકામાં વસે છે, વિશ્વની કુલ ઊર્જાના ૨૬ ટકા ઊર્જા વાપરે છે, તેનું કુલ ઉત્પાદન ૨૫ ટકા છે અને પ્રતિવર્ષે વાતાવરણમાં ૨૨ ટકા કાર્બન ડાયૉક્સાઈડ ઓકે છે. ભારતમાં ૧૬ ટકા વસ્તી વસે છે. ૬ ટકા ઊર્જાનો ઉપયોગ કરે છે, તેનું ઉત્પાદન ૧ ટકાથી પણ ઓછું છે અને પ્રતિવર્ષે વાતાવરણમાં ૩ ટકા કાર્બન ડાયૉક્સાઈડ ઓકે છે. આ આંકડાઓ પરથી એક હકીકત ફલિત થાય છે કે વધુ રાષ્ટ્રિય ઉત્પાદન માટે વધુ ઊર્જા વપરાય છે અને તેનાથી વધુ પ્રદૂષણ ફેલાય છે. જે દેશોનું રાષ્ટ્રિય ઉત્પાદન ઘણું વધારે છે, જેમકે G-7ના દેશો, તે દેશોનો રાજકીય પ્રભાવ વધુ હોય છે અને રાજનૈતિક સોદાબાજીમાં તે પાવરધા હોય છે. વિકસતા અને ત્રીજી દુનિયાના નિષ્પ્રભાવી દેશોનો કિંમતી કાચો માલ પાણીના ભાવે ખેંચી જાય છે અને પોતાની ટેક્નૉલૉજિનો ઉપયોગ કરી તે માલ પાકો બનાવી ઘણા ઊંચા નફાથી ઈલેક્ટ્રૉનિક ઘડિયાળોમાં ને ન્યૂક્લિયર રિએક્ટર્સમાં અત્યંત ઉપયોગી એવી કેડનિયમ ધાતુની નિકાસ કરે છે. તદુપરાંત કેડનિયમના વિવિધ ઉપયોગો માટે ભારત પાસે જરૂરી ટૅકનૉલૉજિ પણ નથી. આ રીતે વિકસતા દેશોની કુદરતી સંપત્તિ વિકસિત દેશો ખલાસ કરી રહ્યા છે અને પોતાની સંપત્તિ અકબંધ રાખી રહ્યા છે. એક બાજુ પ્રદૂષણ શહેરીકરણ, ઔદ્યોગિક વિકાસ ને પરિવહનને સમપ્રમાણમાં છે જેની જવાબદારી વિકસિત દેશોની છે. બીજી બાજુએ, પ્રદૂષણ ત્રીજી દુનિયાના વસ્તીવધારા તથા ગરીબીના સમપ્રમાણમાં છે. આથી પર્યાવરણના ભંગ માટે ઓછેવત્તે અંશે બધા જ દેશો જવાબદાર છે. વિકસિત દેશોએ વિકસતા દેશોનું મોટા પાયે શોષણ કરીને પ્રદૂષણ ફેલાવ્યું

છે, એટલે કે વિકસતા (દક્ષિણ ગોળાર્ધના) દેશોની ગરીબી અને વિકસિત સંપન્ન (ઉત્તર ગોળાર્ધના) દેશોના ભોગવાદથી વિશ્વનું સ્વાસ્થ્ય ઝડપથી કથળતું જાય છે. તેમાંય સમગ્ર વિશ્વમાં આધુનિક ટેક્નોલૉજિના નિર્વિવેક ઉપયોગથી પ્રદૂષણનાં પરિમાણોમાં ઉમેરો થયો છે.

પર્યાવરણ-સુરક્ષાનું હાર્દ જૈવિક વૈવિધ્યની (Biodiversity) સુરક્ષા છે. જૈવિક વૈવિધ્ય એટલે વિવિધ નાનાંમોટાં વૃક્ષો, છોડવાઓ, ઔષધિ-વનસ્પતિઓ, પશુઓ, પંખીઓ, જળજીવન અને વન્યજીવન. પ્રાદ્યોગીકી અને ઔદ્યોગિક સંસ્કૃતિના આ ચક્રમાં કુદરતી જૈવિક સંપત્તિના મહત્ત્વના નમૂનાઓ નામશેષ થઈ રહ્યા છે, તો કેટલાક નમૂનાઓ પ્રજનન-શક્તિ ગુમાવી રહ્યા છે. પર્યાવરણની સમતુલાનો પાયો જૈવિક-વૈવિધ્ય છે. આથી જૈવિક-વૈવિધ્યની સુરક્ષા માટે બધાં જ રાષ્ટ્રો વચ્ચે સમજૂતી આવશ્યક છે.

બ્રાઝિલ પૃથ્વી-શિખર પરિષદ પહેલાં પર્યાવરણને કાનૂની રક્ષણ આપવા માટે લાંબા સમયથી પ્રયાસો કરવામાં આવ્યા છે. ૧૮૯૧માં અમેરિકામાં રાષ્ટ્રિય જંગલો અને વન્ય જીવનનું રક્ષણ અસ્તિત્વમાં આવ્યું. ૧૯૮૦માં અલાસ્કાનાં ૨,૫૬,૦૦૦ ચોરસ કિલોમીટર જંગલોના વિસ્તારને રક્ષણ આપવામાં આવ્યું. પાણીના પ્રદૂષણને રોકવા માટે અમેરિકાએ ૧૮૯૯માં "રિવર્સ એન્ડ હાર્બર્સ એક્ટ" બનાવ્યો, ૧૯૧૬માં અમેરિકા ને કેનેડા વચ્ચે "માઈગ્રેટરિ બર્ડ ટ્રિટી" થઈ. આ બધાથી આંતરરાષ્ટ્રિય સંવાદની ભૂમિકા ઊભી થઈ. ૧૯૭૦-૮૦માં પર્યાવરણના નવા કાયદાઓ ઘડવામાં આવ્યા. ૧૯૫૦માં અમેરિકાએ વાતાવરણમાં કાર્બન ડાયૉક્સાઈડનું પ્રમાણ નક્કી કર્યું અને ડી.ડી.ટી. ના પર્યાવરણ પરત્વેનાં જોખમો સામે ખતપ્રત્ર તૈયાર કર્યો. ઓઝોનનાં ગાબડાં માટે જવાબદાર સી.એફ.સી.ના વધુ પડતા ઉપયોગ સામે લાલબત્તી ધરવા માટે ૧૯૮૭મા કેનેડાના મોન્ટ્રિઅલ શહેરમાં ૨૪ દેશોના પ્રતિનિધિઓ મળ્યા. સી.એફ.સી.ના વપરાશને ૧૯૮૬ના સ્તરે સ્થગિત કરી તેના ઉપયોગમાં ક્રમશઃ ઘટાડો કરવા માટે સમજૂતી થઈ. ૧૯૮૪માં બેલગ્રેડ પરિષદમાં પર્યાવરણ-સુરક્ષા-કોષની દરખાસ્ત ભારતે કરી.

પૃથ્વીના નિદાનિક અભ્યાસ ઉપરથી એટલું ફલિત થાય છે કે 'પર્યાવરણની સુરક્ષા સાથે વિકાસ' એ કોઈપણ રાષ્ટ્રની ભૌતિક ને સામાજિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનવું જોઈએ. તે માટે બ્રાઝિલની પૃથ્વી-શિખર પરિષદમાં પર્યાવરણની સુરક્ષા, જૈવિક વૈવિધ્યના સંરક્ષણ તથા પ્રદૂષણના નિયંત્રણ ઉપર સમજૂતી-કરારો કરવા માટે પ્રયાસો થયા. આ માટે ખર્ચનો પ્રશ્ન ઘણો પેચીદો છે. વિશ્વ-સ્વાસ્થ્યની સુધારણા માટેના ખર્ચની ફાળવણી પણ પર્યાવરણ-ભંગની જવાબદારીના સમપ્રમાણમાં હોવી જોઈએ, એવું ત્રીજી દુનિયા માને છે. તે સંદર્ભમાં સંપન્ન દેશોએ ૭૫ થી ૮૦ ટકા પ્રદૂષણ ફેલાવ્યું છે એટલે પર્યાવરણની સુરક્ષા માટે ૭૫ થી ૮૦ ટકા ખર્ચ તેમણે ભોગવવો જોઈએ, એમ વિકસતા દેશો માને છે. જ્યારે વિકસતા દેશોનો વસ્તીવધારો (જેમકે કેન્યામાં એક સ્ત્રી દીઠ આઠ બાળકો છે.) પણ પ્રદૂષણ માટે એટલે જ અંશે જવાબદાર છે એમ કહી વિકસિત દેશો એ વાતનો છેદ ઉડાવવાનો પ્રયાસ કરે છે. પૃથ્વીની પર્યાવરણીય તંદુરસ્તી પુનઃસ્થાપિત કરવા તથા દુનિયાને પ્રદૂષણના પ્રલયમાંથી બચાવી લેવા રિયો શિખર સમ્મેલનમાં ભારતે પ્લેનેટ પ્રોટેક્શન ફંડ (પી.પી.એફ.-પૃથ્વી સુરક્ષા કોષ)ની દરખાસ્ત કરી. અત્યંત અવિકસિત દેશો સિવાય બાકીના તમામ દેશો પર્યાવરણ-સુરક્ષા માટેની ટેક્નોલૉજિ મેળવી શકે તે માટેનો નાણાંકીય બોજો સરખે ભાગે વહેંચી લે તેવો તેનો આશય છે. પી.પી.એફ. દરખાસ્ત હેઠળ દાતા દેશો તેમની એકંદર રાષ્ટ્રિય પેદાશોનો ઓછામાં ઓછો ૦.૦૭ ટકા હિસ્સો આ ભંડોળમાં આપે તો ફંડની રકમ ૧૮૦૦ કરોડ ડૉલર થાય. પૃથ્વીને બચાવી લેવા માટે જીવન-શૈલી, કુદરતી સંસાધનો અને નવસિંચનની સમતુલા જાળવવા ભારતે પર્યાવરણના રક્ષણને રાષ્ટ્રિય આયોજનની પ્રક્રિયામાં જ આમેજ કરવા ઉપર ભાર મૂક્યો. પર્યાવરણની સુરક્ષા માટે વિકસિત અને વિકસતાં રાષ્ટ્રોને એકસરખી રીતે લાગુ પાડી શકાય તેવું સર્વગ્રાહી મોડેલ (નમૂનો) શક્ય નથી; જેમકે પ્રત્યેક દેશના પ્રશ્નો અને અગ્રતાઓ અલગઅલગ હોય છે. તેથી બૃહદ્ સામાન્ય સંમતિ માટે સુગ્રથિત વૈશ્વિક કાર્યક્રમ તૈયાર કરવા ભારતે સૂચન કર્યું.

વિકસિત દેશોએ વિકસતા દેશોના જૈવિક વૈવિધ્યને ટેક્નોલૉજિ અને પ્રયોગને નામે નામશેષ કર્યું છે તે છતાં, અમેરિકા અને યુરોપના દેશો માને છે કે જૈવિક વૈવિધ્યનો જથ્થો તે જે દેશમાં મળતો હોય તેનો નહીં પણ સમગ્ર વિશ્વની સંપત્તિ ગણાવો જોઈએ. વધુમાં આ દેશો માને છે કે ભૂમંડળના તાપમાનનો વધારો 'ગ્લોબલાઈઝેશન'ની પ્રક્રિયા હોઈ ત્રીજી દુનિયાના દેશો પણ તેને માટે જવાબદાર છે. અમેરિકાએ 'પોતાના વિસ્તારમાં' જળ, વાયુ અને ભૂમિને પ્રદૂષણથી મુક્ત અને શુદ્ધ રાખવા માટે જેવી કામગીરી જેટલી ઝડપે કરી છે તેવી કામગીરી તેટલી ઝડપથી અન્ય કોઈ દેશે નથી કરી એવી જાહેરાત પ્ર. બુશે બૂંગિયો ઢોલ વગાડીને કરી. અમેરિકા પોતાના વિસ્તારને સ્વચ્છ રાખવા બધું કરે તે તેના સ્વાર્થની વાત છે. પણ તે બીજા દેશોમાં જઈને ગંદકી કરે છે તેનું શું? યુનિયન કાર્બાઈડ જેવાં જોખમી રાક્ષસી કારખાનાં વિકસતા દેશોમાં સ્થાપે, ન્યૂક્લિઅર અને રાસાયણિક કચરો વિકસતા કે ત્રીજી દુનિયાના દેશોની સરહદોમાં ઠાલવે; અખાતી યુદ્ધથી સમગ્ર વિસ્તારને દૂષિત કરે અને ટેક્નોલૉજિના જોરે રાજકીય અને આર્થિક સોદાબાજીઓ કરે તેમાં અમેરિકાને કશુંજ અજુગતું લાગતું નથી તે મોટું આશ્ચર્ય ગણાય. સર્વસંહારક અણુશસ્ત્રોના ઉત્પાદનને અંકુશિત કરવા અને અટકાવવા માટે યુ.એસ.એ., યુ.એસ.એસ.આર., અને યુ.કે.એ સયુંક્ત રીતે ૧૯૬૮માં 'ન્યૂક્લિઅર બિનપ્રસારણ સંધિ' (Nuclear Non-proliferation Treaty) રજૂ કરી. બિન-ન્યૂક્લિઅર રાષ્ટ્રોને અણુશસ્ત્રો પેદા કરતાં અટકાવવાનો અમેરિકાનો આશય છે. વિકસતા દેશોને ન્યૂક્લિઅર શસ્ત્રોના ઉત્પાદનથી વંચતિ રાખવામાં આવે તો જ યુ.એસ.એ.ની ઈજારાશાહી અકબંધ રહે! એન.પી.ટી. ઉપર સહી કરાવવા માટે અમેરિકા ઘણા સમયથી ભારતનાં કાંડાં આમળી રહ્યું છે. અણુશસ્ત્રોના ઉપયોગથી વાતાવરણ રેડિયો-એક્ટિવ બને છે, જે સજીવો માટે ભારે જોખમકારક છે તેવો દાવો અમેરિકા કરે છે. જ્યારે પર્યાવરણભંગથી સજીવો ઉપરના તોપના ભયનો ખ્યાલ ન આવે તેટલું અમેરિકા ભોળું નથી. પ્રમુખ બુશના ઈરાદા મુજબની નહીં, પણ શબ્દોના યથાર્થ મુજબ 'એન.પી.ટી., અને જૈવિક વૈવિધ્ય સંધિ' વિશ્વ માટે કલ્યાણકારી

યોજનાઓ છે. એન.પી.ટી. ઉપર હસ્તાક્ષરો કરવા વિકસતા દેશો ઉપર રાજકીય દબાણ કરવું અને 'જૈવિક વૈવિધ્ય' ઉપર હસ્તાક્ષરો કરવા વિકસતા દેશો સમક્ષ નેન્નો ભણે રાખવો એ બુશનો નિર્ણય કેટલે અંશે વાજબી ગણાય?

એકવીસમી સદીમાં અને તે પછી પણ પર્યાવરણીય રીતે નભી શકે અને વિકસ પામે તેવા વિશ્વ માટે રાષ્ટ્રોના અધિકારો અને ફરજોનો ઉલ્લેખ એજન્ડા ૨૧માં કરવામાં આવ્યો છે, જેને સર્વાનુમતે બહાલી મળતાં ત્રીજા વિશ્વના વલણનો વિજય થયો છે. એજેન્ડા ૨૧ 'કુદરતી સુમેળભરી રીતે તંદુરસ્તી અને ઉત્પાદક જીવન' માટે મહત્ત્વની ભૂમિકા ભજવી શકશે. આ જાહેરનામું અતિ ગરીબ રાષ્ટ્રોને વિશ્વસમાજમાં ભેળવવાનો પ્રયાસ છે. ઉત્પાદન, વપરાશ અને વિપુલતા પર્યાવરણીય રીતે વિકસી શકે તેવા વિશ્વના નવા ધ્યેય સાથે સુસંગત હોવાં જોઈએ. આ જાહેરનામામાં તમામ રાષ્ટ્રોને સાવધાનીપૂર્વકની પર્યાવરણીય નીતિઓ અપનાવવાની અને નવી યોજનાના પ્રારંભ પહેલાં પર્યાવરણીય પડતર પ્રશ્નોની ગણતરી કરી સર્વગ્રાહી રાષ્ટ્રિય પર્યાવરણીય કાયદા કરવાની ભલામણ કરી છે. પર્યાવરણ પરત્વે મહિલાઓ તથા જાહેર જનતાની જાગૃતિને ઉન્નત કરવા માટે રિયો જાહેરનામામાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે નિસર્ગ-નિર્મિત પર્યાવરણ બહુમૂલ્ય ખજાનો છે. આ ખજાનો ખાલી કરવાનું દુઃસાહસ ખુદ માણસને જ ભારે પડશે. આ ખજાનાને કામધેનુની જેમ સાચવવો એ માનવના હિતમાં છે. કામધેનુનું શોષણ નહીં પણ નિર્વાહ સાથે દોહન કરવું જોઈએ. આથી પર્યાવરણનું મહત્ત્વ સમજી તેની માવજત અનિવાર્ય છે. માણસ તેની જીવનજરૂરિયાતો માટે પર્યાવરણીય ઘટકોનો ઉપયોગ કરે તે સ્વાભાવિક છે, પણ તે લોભ કે નિર્વિવેક ન કરે તે જરૂરી છે. કારણ કે 'Nature has enough to fulfil the needs of man but nature does not have enough to fulfil the greed of man.' આથી પ્રત્યેક માણસ, સમાજ અને રાષ્ટ્ર need અને greed વચ્ચેનો તાત્ત્વિક ભેદ સમજી પર્યાવરણનો ઉપયોગ કરે અને પ્રદૂષણના ઉપાયો કરે તેવી સમજ, સંવેદનશીલતા અને ભાવના કેળવવાના પ્રયાસો બ્રાઝીલ પરિષદમાં થયા.

પૃથ્વી-શિખરપરિષદની ફળશ્રુતિમાં વિનાશ વિનાના વિકાસની સમજ બધા દેશોને ગ્રાહ્ય રાખવી પડે તેમ છે. ઉત્તર અને દક્ષિણના દેશો વચ્ચે મતભેદો ખુલ્લા થયા. સ્થાપિત હિતો અને મજબૂરી વચ્ચેનો ગજગ્રાહ સપાટી ઉપર આવ્યો. પર્યાવરણના સિદ્ધાંતોને ૮૦૦ પાનાંમાં સારા શબ્દોમાં પણ કાનૂની કે નૈતિક બળ કે બંધન વિના વાચા આપવામાં આવી. આથી દરેક દેશને પોતાની રીતે અર્થઘટન કરવાની મોકળાશ મળી રહી છે. પ્ર. બુશે જૈવિક વૈવિધ્ય સંધિ પર સહી ન જ કરી. બાકીના બધા દેશોએ સહી કરી તે સૂચક છે. અમેરિકા આજે રાજકીય અને આર્થિક રીતે મોટી તાકાત છે. તે જો પર્યાવરણ-સુરક્ષામાં જવાબદારીપૂર્વક સહકાર ન આપે તો આ પરિષદની સફળતા વિષે શંકા જરૂર રહે છે. જંગલોના સંરક્ષણ માટે ભારતના સૂચનને દક્ષિણના દેશો એજેન્ડા ૨૧માં આમેજ કરાવી શક્યા તે વિજય ખરો. અમેરિકા અને અન્ય માતબર દેશો જૈવિક વૈવિધ્યનું વૈશ્વીકરણ કરાવી ન શક્યા તે રિયોની જાહેરાત શુભ ગણી શકાય. □

# કદ્રૂ-વિનતાની કથા

કનુભાઈ જાની

ભારતમાં દેવ-દેવોની સૃષ્ટિ પણ ભાતીગળ છે. જનમાનસમાં એ સૃષ્ટિ અનેક સ્થળેથી હજારો વર્ષથી ભળતી રહી છે. અનાર્ય દેવોમાંથી, આર્ય કે વૈદિક દેવોમાંથી, આદિવાસીઓમાંથી એમ એનાં મૂળ ક્યાં-ક્યાં પહોંચે છે ! આર્યો કરતાંય વધુ જૂની વિકસિત સંસ્કૃતિ ધરાવતા કેલ્ડિયન મૂળના દ્રવિડિયન્સ, મૂળ ઈન્ડોચાયના અને ઑસ્ટ્રેલિયા સાથે કુળગત નાતો ધરાવતા નિગ્રૉઈઝ મુન્ડા, અને જેમને બહારથી - ઈરાન તરફથી - આવેલા માનવામાં આવે છે, તે આર્યો : ત્રણ પ્રકારના માનવકુળોનો ત્રિવેણી સંગમ અહીં રચાયાની વાત પશ્ચિમના નૃવંશશાસ્ત્રીઓ કરે છે; પણ એથીય વધુ માનવકુળોની ભાતીગળતા આજની ભારતીય સંસ્કૃતિમાં ભળી છે! એટલે ભારતીય માયથોલૉજિનાં મૂળ પકડવાનું કામ કઠિન જ નહિ, અશક્ય છે. છતાં જે એકમાત્ર સ્રોત (વૈદિક) આછોપાતળો પકડાય છે તે ય કેટલો ને કેવો અતાગ ને વિશાળ છે ! પશ્ચિમના વિદ્વાનોએ આધાર તરીકે આટલું જ લીધું : વેદ - તેમાંય ઋગ્વેદ; બ્રાહ્મણગ્રંથો; 'મહાભારત', 'રામાયણ'; અને પુરાણો ! ઋગ્વેદ ઋચાબદ્ધ થયો તે પહેલાં - હજારેક વર્ષથી તો કંઠોપકંઠ સ્મૃતિ-શ્રુતિમાં વહેતો રહ્યો હશે; એ દૃષ્ટિએ સહેજે છ-સાત હજાર વરસ જૂનો એ આદિસ્રોત ગણાય. ને એકલા 'મહાભારત'નો જ વ્યાપ કેવડો! યુરોપનાં બે મહાકાવ્યો 'ઇલિયડ' અને 'ઑડિસિ' બન્નેને ભેગાં કરો એનાથી દસ ગણો મહાભારતનો વ્યાપ ! પુરાણો ને પુરાણકથાઓનો ય પાર નથી !

આમાંથી જીવનની એક વણલખી ફિલસૂફી જનમાનસે કોતરાઈ છે : જીવન એક છે; કર્માનુસાર પુનર્જીવન થયાં કરે; કશું નાશ પામતું નથી, રૂપાન્તરો જ થયાં કરે છે. બ્રહ્માના ચિત્તમાંથી ચાર પ્રકારનાં 'જીવન' ('જળ') ઉદ્‌ભવ્યાં: દેવ, દાનવ, પૂર્વજો અને માનવ. વળી થયાં તેજ-તિમિર. બ્રહ્માનો એક પુત્ર દક્ષ. માનવસૃષ્ટિના આદિ સ્રોત જેવો. એનો વિરોધી તપોનિષ્ઠ નારદ! એક ગૃહસ્થજીવનને સ્થાપવા મથે; બીજો ઉથાપવા! દક્ષે ચલ-અચલ સૃષ્ટિ સર્જી. ચાર જીવો સર્જ્યા : સર્પો, પક્ષીઓ, વનસ્પતિ ને જંતુઓ - પેટે ચાલનાર, અંડ-જ, અંકુર-જ અને પ્રસ્વેદ-જ. દક્ષની હજાર વર્ષની તપસ્યાનું આ ફળ. એ દક્ષ પ્રજાપતિની ૬૦ પુત્રીઓ. એમાંની એક પરણી ધર્મને, એક સોમને, એક ખુદ શિવજીને અને એવા બીજા દેવો-ઋષિઓને; પણ એમાંની તેર કન્યાઓ તો વરી ઋષિ કશ્યપને. આમ, કશ્યપ તે આજની ભાષામાં ઓળખ આપવી હોય તો ધર્મ જેવા અને શિવજીના સાઢુભાઈ !

આમ, આ તેરેય બહેનો એકબીજાંને સોક્યો ! પણ આમાંની બે કદ્રૂ અને વિનતા ઋષિને વધુ વહાલી; એટલે એ બેને અંદરોઅંદર પણ એકબીજાંની ઈર્ષ્યા. 'શત પુત્રવતી ભવ'નો આશીર્વાદ પણ બહુ જૂનો ગણાયો, એટલી જૂની - એની પહેલાંની - આ કથા છે. કશ્યપે એક વાર વિનતાને વરદાન આપેલું કે 'બે અત્યંત પ્રભાવી પુત્રોની માતા થજે. એક તો થશે સૂર્ય જેવો તેજસ્વી; બન્ને થશે ગગનચારી !' એ જાણીને કદ્રૂએ રઢ લીધી કે મને શું વરદાન આપશો ? ઋષિ કહે 'સહસ્રપુત્રવતી ભવ!'

મૂળમાં વાત છે નાગકુળની. મૂળમાં હશે કોઈ માનવકુળ જ; પણ 'નાગ' શબ્દ એટલે માનવ-માનસે કલ્પના આગળ ચલાવી. બન્ને માતાઓએ ઈંડાં પ્રસવ્યાં. કદ્રૂએ હજાર અને વિનતાએ બે ! કથા પહેલીથી જ અદ્‌ભુત રસવાળી; એટલે ઈંડાં સેવતાં કેટલાં વર્ષો ગયાં, એમાંય શું કામ કરકસર કરવી ? કદ્રૂનાં ઈંડાં તો પાંચ હજાર વર્ષે ફૂટ્યાં ! ને એમાંથી મહાભારતનાં જાણીતાં નામોવાળા નાગો નીકળ્યા - તક્ષક, શેષ, કર્કોટક વગેરે ! પણ વિનતાની ધીરજ ન રહી. એણે તો પોતાનાં બે ઈંડાંમાંથી એક ફોડ્યું ! એમાંથી અધૂરે દિ'એ એક જે અવતર્યો તે ઘૂંટણ સુધીનાં અંગવાળો, પાંગળો, લોહી-નીંગળતો પુત્ર હતો; એટલે કહેવાયો 'અરુણ'! એને 'ઊરુ' (જાંગ) નહોતી એટલે કહેવાયો 'અનૂરુ'; પગ નહોતા, એટલે વળી કહેવાયો 'વિપાદ'.

એણે જન્મતાં જ લાલ આંખો કરી, મા સામે જોયું ! 'મને અધૂરે દિ'એ આમ કાં અવતાર્યો ?' મા બચાવ કરવા ગઈ ત્યાં એ કહે, 'સૉક્યની ઈર્ષ્યામાં જ તેં આમ કર્યું છે તે હું જાણું છું !' મા બિચારી શો જવાબ આપે ? બાળક હતો તેજસ્વી, પણ પાંગળો ! એણે માને શાપ આપ્યો : 'જેની ઈર્ષ્યામાં તેં આમ કર્યું છે તેનું જીવનભર દાસીપણું તને હોજો !'

માએ બે હાથ જોડ્યા. આસું સાથે કહે, 'દીકરા, મને માફ કર, ગમેતેમ તો ય તારી મા છું.' ઋષિ કશ્યપ વચમાં પડ્યા. કહે, 'પુત્ર, તું તો સૂર્યનો સારથિ થઈશ જા.' પુત્ર પીગળ્યો, શાપ વાળ્યો, 'જા, બીજો ભાઈ મારો આવશે તે તારો શાપ ટાળશે.'

ત્યારથી આ સૂર્યનો સારથિ બન્યો અરુણ - લાલચટ્ટાક દેહવાળો ને પગ વિનાનો ! પણ એને પગની જરૂર જ ન રહી. સૂર્યના રથે જ બેસવાનું ! એ શ્યેનીને પરણ્યો અને એને બે પુત્રો પણ થયા, સંપાતિ અને જટાયુ.

(આ સંપાતિની કથા અધ્યાત્મ રામાયણમાં છે. આ બધી કથાઓમાં સૂર્ય, ચન્દ્ર, આદિ પ્રકૃતિસત્ત્વોને પક્ષી-પ્રાણી માનવની સજીવન દેહધારી સૃષ્ટિ સાથે એકસમાન ભૂમિકાએ સંબંધોથી જોડ્યાં છે! આ પુરાકલ્પનકથાઓમાં પ્રકૃતિનાં તત્ત્વોનું નિરીક્ષણ કરી, એમનાં કેટલાંક વ્યાવર્તક લક્ષણો બરાબરનાં પકડી, એની આસપાસ કથાઓ - એનાં કારણરૂપ - જોડી છે. દાખલા તરીકે અહીં સૂર્ય-ચન્દ્ર આવે છે; અરુણ આવે છે; સૂર્યમાંનાં જેને આજે આપણે 'બ્લેક સ્પૉટ્સ' કે 'બ્લેક હોલ્સ' કહીએ છીએ. સૂર્યમાંનાં કાળાં ધાબાં, તે ય આવે છે ! વચમાં આટલું ડહાપણ ડહોળી લીધું. હવે પાછા કથા તરફ વળીશું. કથા અધૂરી નથી રાખવી. અધૂરી કથા એ જાતે જ એક શાપ છે ! પણ હવે કથામાં કથા આવી ! મૂળ કથા હતી કદ્રૂની. એને શાપ આપ્યો એના જ પુત્રે, અને વાળ્યો પણ ખરો ! પ્રત્યેક

શાપની સાથે, આમ, ઉશાપ પણ હોય જ. 'મારો ભાઈ તારો શાપ ટાળશે. પણ શાપ તો ભોગવવો જ પડે !' એ તો nemesis - કપાળે ત્રોફાયેલ છઠ્ઠીનો લેખ ! એ મિથ્યા ન થાય. ગ્રીક ટ્રેજેડીઝ બધી જ આ એક મોટા તત્ત્વ પર ! 'કાન્ત'નાં કરુણગર્ભ ખંડકાવ્યોનું ચાલનબિન્દુ ! એટલે અહીં વિનતાને માથે પણ શાપ વરસ્યો. શાપની આવી કથામાં નાયક કે નાયિકા, જાણવા છતાં પાછાં, પોતાને જ હાથે કાંઈક એવું કરે કે પોતે ફસાય ! શાપ ઘડીભર ભુલાઈ ગયો હોય ! કરુણ તો એમનાં કરતૂતમાંથી જન્મે ! એટલે કરુણ માટે જવાબદાર એકલો શાપ ન રહે; પોતે જ હોય ! આમ, શેક્સપીઅરની ટ્રેજડિમાં હોય છે તેમ 'character is destiny'!)

વિનતાની બાબતમાં પણ એક વાર એવું જ બન્યું. પેલું બીજું ઈંડું હજી વણફોડ્યું જ હતું. શાપ વિસરાઈ ગયો હતો. ને એક વાર કદ્રૂ આવી. કદ્રૂના મનમાં કપટ હશે એ તો વિનતા ભૂલી જ ગઈ હતી ! આવીને કહે, 'વિનતા, વિનતા ! ચાલ, આપણે આજે સૂર્યના ઘોડા જોઈએ.' વિનતા કહે, 'ચાલો જોઈએ. પણ એમાં જોવાનું શું છે ?'

'એનાં પૂછડાં'

'ઓ હો ! પૂંછડાંમાં વળી શું જોવા જેવું છે ?'

કદ્રૂ કહે, 'ચાલ તો ખરી. બરાબર જો. પછી તને કહીશ.'

બન્નેએ સૂર્યના ઘોડાને બરાબર ધારીધારીને નીરખ્યા. પછી પાછાં ઘરમાં આવ્યાં. કદ્રૂએ પૂછ્યું : 'બહેન, કહે જોઈ : સૂર્યદેવના ઘોડાનાં પૂંછડાં કેવાં લાગ્યાં ?'

વિનતા કહે, 'ચળકતાં, ધોળાંસ્તો !'

કદ્રૂ કહે, 'મને તો કાળાં લાગ્યાં.'

'ના, ધોળાં'

'ના, કાળાં.'

'ને ધોળાં હોય તો ?'

'ને કાળાં હોય તો ?'

'હા' અને 'ના'ને કાયમનું વેર !ને આ તો પાછી સોક્યો ! કદ્રૂએ કાળાનું પૂંછડું પકડી રાખ્યું; ને વિનતાએ 'ધોળાનું' ! વાત ચડસે ચડી. કદ્રૂ કહે, 'કાલે સવારે ફરી જોઈશું ?'

'હા ભલે, જોઈશું,' વિનતાએ કહ્યું. કદ્રૂ કહે, 'ધોળાં પૂંછડાં હશે તો હું તારી જીવનભરની દાસી થઈશ ને કાળાં હશે તો' - 'હા બઈ ! હું - ભલે કાળાં હશે તો હું તારી દાસી થઈશ.' ('કાન્ત'નો પાંડુ ઋષિનો શાપ ભૂલી ગયો હતો;' એમ આ ય અરુણે આપેલો શાપ ભૂલી ગઈ !)

પણ આ કદ્રૂ તો છે નટખટ. ખાનગીમાં પોતાના પુત્રોને બોલાવી આજ્ઞા કરી :

'કાલે તમારે સૌએ સૂર્ય પાસે પહોંચી જવાનું, ને એનાં પૂંછડે તમારું વિષ વમન કરવાનું, એનાં પૂંછડાં કાળાં કરી મૂકવાનાં !'

'મા, પણ સૂર્ય તો અમને બાળી મૂકે !'

'જાવ છો, કે શાપ દઉં ? નહિ જાય એને જન્મેજય સત્ર કરીને જીવતા બાળશે, જીવતા અગ્નિમાં સડસડતા મરશે.'

આ તો બીન્યા. બીજે દિ' પ્હો ફાટે ને સૂર્ય કૂણો હોય ત્યારે જ લાગ જોઈને એના ઘોડાને પૂંછડે વીંટળાઈ વળ્યા.

બીજે દિ' વિનતાએ જોયું કે પૂંછડાં કાળાં ! સૂર્યમાં ધાબાં ! કદ્રૂએ એને દાસી કરી !

દાસીપણાને હજારેક વર્ષ વીત્યાં હશે ત્યાં પેલું બીજું ઈંડું ફૂટ્યું ! એમાંથી સૂર્ય સરીખો દેદીપ્યમાન ગરુડ નીકળ્યો. નીકળ્યો એવો જ 'મા...મા...'નું રટણ કરવા લાગ્યો. 'તારી મા તો, જા, કદ્રૂને ત્યાં દાસી છે !' કોઈકે ભાળ આપી. ગયો : 'મા...!'

'બેટા ! તું...?'

'મા, હું તારો દીકરો, હમણાં જ ઈંડું ફૂટ્યું. એમાંથી બહાર નીકળ્યો.' વિનતાએ ઓવરણાં લીધાં. હૈયે ચાંપવા ગઈ ! ત્યાં કદ્રૂએ રોકી. 'મને પૂછ્યા વિના તારે પુત્રને અડવાનું પણ નથી !' પુત્રને ભાળ તો મળી હતી. અહીં દાસીપણું નજરોનજર જોયું ! કહે, 'કદ્રૂમાતા! તમેય મારાં માતા ખરાં કે નહિ ?'

'ખરી.'

'તો પછી મારી માને મળવા મને ન દો ?'

'દઉં; પણ એક શરતે';

'બોલો.'

'શરત પાળીશ.'

'પ્રાણાન્તે પણ પાળીશ.'

'વચન આપ.'

'આપ્યું.'

કદ્રૂ કહે, ' જો દીકરા, તું મને અને મારા પુત્રોને અમૃત લાવી આપ તો તારી માતાને દાસીપણામાંથી મુક્ત કરું.' હવે અમૃતકુંભ તો હોય ઇન્દ્ર પાસે. લાવવો કેમ ? પણ આ તો વિષ્ણુનો માનીતો. પહોંચ્યો ઇન્દ્રની પાસે અમરાપુરીમાં વૈજયન્તીમહાલયે. કર્યો ઇન્દ્રને પડકાર, દ્વંદ્વમાં ઇન્દ્ર હાર્યો. કહે, 'મને છોડ.' 'અમૃતકુંભ આપો તો છોડું.' ઇન્દ્ર કહે, 'શું કરીશ અમૃતકુંભને ?' ગરુડે તો સાચી વાત કરી દીધી: 'મારે મારી માતાને દાસીપણામાંથી છોડવવી છે. કદ્રૂને ને એના પુત્રોને આ કુંભ હું આપું તો જ એ છૂટે'. ઇન્દ્ર કહે, 'ભાઈ જો, જેણે પોતાની બહેનને છેતરી, એ નાગો જો અમર બનશે તો બીજાને પણ હેરાન કરવામાં બાકી નહીં રાખે.' 'પણ મારે કોઈ પણ ભોગે માતાને તો મુક્ત કરાવવી જ છે. 'પણ પછી નાગો સૌને ડસશે અને પોતે અમર રહેશે ! વિચાર તો કર. તું જેમ શરીરથી બળવાન છે તેમ બુદ્ધિથી પણ

બળવાન છો. કંઈક રસ્તો કાઢ.' વાત તો સાચી હતી. સાચી વાતમાં વિરોધ કેમ થાય ? રસ્તો કાઢવો જ રહ્યો.

અને વીજળીના ચમકારાની જેમ એને ઉપાય સૂઝ્યો. કહે, 'જુઓ, આ કળશ તો હું લઈ જ જાઉં છું. ને પછી નાગોને હું બતાવીશ, માતાને છોડાવીશ; ને કહીશ કે તમે હજાર જેટલા જણ છો. હું કોના હાથમાં કળશ મૂકું ? એટલે સૌ વારાફરતી અમૃત-અશન કરો. એ માટે હું આ કળશને દર્ભના વનમાં વચ્ચોવચ મૂકું છું. વળી, અમૃતકળશ પાસે તો નાહીધોઈને જ જવાય. તો જ અમૃત ચડે. એટલે હું કળશ મૂકું છું. તમે નાહી આવો. આમ કહીને નાહવા મોકલીશ. પછી તમારે જે કરવું હોય તે કરજો. ઇન્દ્રને 'પછી કરવાની વાત' સમજાઈ ગઈ ! જેવાની સાથે તેવા જેવો ઘાટ હતો.

આણે એમ કર્યું. માતા મુક્ત થઈ. નાગો સ્નાન કરવા ગયા એટલામાં ઇન્દ્ર કળશ ચોરી ગયો. સર્પો આવ્યા. જુએ તો કળશ ન મળે ! કળશ મૂક્યો હતો તે જગ્યા ચાટવા લાગ્યા. એટલે દર્ભ વાગ્યું. જીભ સૌની ચિરાઈ ગઈ. ત્યારથી સાપની જીભ બે-પાંખાળી થઈ ગયેલી છે. આમ, ગરુડે વિનતાને છોડાવી.

વિનતાના પુત્ર અરુણને શ્યેનીને કૂખે બે પુત્રો થયા. મોટો સંપાતિ અને નાનો રામાયણવાળો જટાયુ. બન્ને નાનપણથી પરાક્રમી. એક વાર રમતાં રમતાં ચડસાચડસી થઈ : ઠેઠ સૂર્ય પાસે આપણે ના પહોંચી શકીએ ?'

સંપાતિ કહે, 'હું પહેલો પહોંચું' ને જટાયુ કહે, 'હું' - આ 'હું' જ ચડસાચડસીનું મૂળ. 'હું'ની આડ્યે પછી મુશ્કેલીઓનો ખ્યાલ જ નથી આવતો. સૂર્ય પાસે પહોંચવું એટલે શું ? પણ એ તો બન્ને ઊડ્યા. પણ બન્ને ભાઈને એકબાજા માટે હેત બહુ. મોટાભાઈ સંપાતિને થયું, 'જટાયુ બિચારો નાનો છે. એની પાંખ ક્યાંક બળી જશે.' એટલે પોતાની પાંખોનો પડછાયો જટાયુ પર પડતો રહે એમ એ એનાથી અધ્ધર રહીને ઊડવા લાગ્યો. એટલે એ તો સૂર્યના સીધા તાપમાં વહેલો પહોંચ્યો; ને એની પાંખો બળી ગઈ! એ તો ધડાધડ કરતો નીચે પડવા લાગ્યો. મોટાભાઈને પડેલો જોઈ જટાયુએ એને બચાવવા નીચે ડૂબકી મારી. પણ તે પહેલાં તો સંપાતિ પવનથી દૂર ખેંચાઈને મહેન્દ્રપર્વતે જઈને પટકાયો. બેભાન થઈ ગયો.

જટાયુ એને જોઈ શક્યો નહિ. એ ઊડતો ઊડતો સમુદ્રમાં જઈને પડ્યો, પણ પાંખો સાબૂત હતી. એટલે ત્યાંથી કિનારે આવ્યો. પણ બન્ને ભાઈ વિખૂટા પડી ગયા ! સંપાતિને કળ વળી. ભાન આવ્યું. પણ પાંખો ખલાસ હતી. તરસ સખત લાગી હતી. ખોડંગાતો ખોડંગાતો પાણી તરફ એ જતો હતો ત્યાં એને એક મુનિએ જોયો. મુનિ હતા ચન્દ્રભગવાન પોતે. પૂછ્યું, 'બેટા, કોણ છો ?' બધી વાત માંડીને કરી. 'અરે સંપાતિ ! તમે તો અપાર બળવાળા!' 'હા, પણ આજે તો અપાર ભૂખ લાગી છે, તરસે રહેવાતું નથી.' ઋષિ ઘડીભર જોઈ રહ્યા. ભૂખ-તરસ તો મટાડી જ. પણ બોધ આપ્યો કે 'ક્ષુધા-તૃષા એ દેહના ધર્મો છે; આત્મા એ પ્રાણનો દ્રષ્ટા સાક્ષી છે. એ દ્રષ્ટાને કદી ક્ષુધા-તૃષા નડતાં નથી. એમાં જીવ પરોવ.' અને સંપાતિને અધ્યાત્મ-બોધ મળ્યો.

'પણ આ મારી પાંખોનું શું ? એના વિના શું કરવું ?' મુનિ કહે, 'જો, હું તો આ લોક છોડી અન્ય લોકમાં જાઉં છું. તું અહીં જ સમુદ્રતટે વસજે. થોડા કાળ પછી ઇક્ષ્વાકુ વંશમાં રામ નામે રાજા થશે; એમને પિતાની આજ્ઞા પાળવા જતાં વનવાસ વેઠવો પડશે. એ દંડકારણ્યે આવશે. ત્યાંથી એમની પત્નીનું રાવણ હરણ કરશે ને લંકા લઈ જશે. એની ભાળ કાઢવા સુગ્રીવાદિ મિત્રો અને વાનરો નીકળશે. પણ ભાળ નહિ મળવાને કારણે હતાશ થઈ એ અન્નપાણી ત્યજી દઈ દેહ પાડવા બેસશે ત્યારે એમને તું સીતાની ભાળ આપીશ ત્યારે તારી પાંખો સાજી થઈ જશે.'

ને એમ જ બન્યું. અંગદાદિને સીતા ન મળવાથી એ ધાનપાણીની આખડી લઈને દેહ પાડવા બેઠા હતા ત્યાં એમને સંપાતિનો મેળાપ થયો. એમને મોઢે પોતાના નાના ભાઈ જટાયુના મૃત્યુનું વૃત્તાંત સંપાતિએ જાણ્યું. સંપાતિએ વાનરોને સીતાની ભાળ આપી - સીતાશોધમાં સહાય કરી, ને એને પાંખો ફૂટી.

(જટાયુવૃત્તાંત રામાયણમાં પ્રસિદ્ધ છે. અગત્સ્યના આશ્રમથી રામ પંચવટી જતા હતા ત્યાં રસ્તામાં જટાયુ મળ્યો. ઓળખ થઈ. દશરથરાજાનો તો એ મિત્ર. એણે વનમાં રામસીતાના રક્ષણની જવાબદારી લીધી. રાવણ સીતાને હરી જતો હતો એ એણે પર્વતની ટોચેથી જોયું ને રાવણ સાથે યુદ્ધે ચડ્યો. રાવણે એની પાંખો કાપી નાખી. ત્યારે ત્યાં સાઠ હજાર વર્ષના જટાયુએ રામની પ્રતીક્ષા કરતાં પ્રાણ સાચવ્યા; ને રામ-લક્ષ્મણ આવતાં જ 'રાવણ દક્ષિણ તરફ સીતાને લઈ ગયો છે' એટલું બોલતાં જ ઢળી પડ્યો. રામે એને અગ્નિદાહ દીધો.)

પુરાણોમાં જટાયુને દશરથ-મિત્ર કહ્યો છે. પદ્મપુરાણ-અનુસાર રાજ્યમાં પડેલા દુકાળ વખતે, એ શનિને કારણે હશે એમ માનતાં, દશરથે શનિ પર આક્રમણ કર્યું. ત્યારે શનિએ દશરથને રથસહિત સ્વર્ગેથી ભોંયે ફેંક્યો તે વખતે જટાયુએ એને ઝીલીને બચાવેલો. આમ, સંપાતિ-જટાયુની કથાઓને રામાયણ સાથે સંબંધ છે. તો કદ્રૂ-વિનતાકથા એથીયે જૂની છે. સૂર્ય, ચન્દ્ર, માનવ, ઇન્દ્ર, પક્ષી, વાનર, સૂર્યના ડાઘ, એમ કંઈ કંઈ આ બધી 'મિથ્સ'માં છે. ! અરુણની લાલી ને એની બેહાલી બન્નેનું કેવું મિશ્રણ થયું છે! અરુણની આવી જ મિથ્સ પશ્ચિમમાં પણ છે. એ વિષે વળી બીજી કોઈક વાર ! □

# ફ્લૉરેન્સિયાનો ખજાનો

મનને જચી જાય તેવી તરંગી કલ્પનામાં ગણાઈ જતી હોવા છતાં એ એક હકીકત છે કે હજી યે પૃથ્વી પર અનેક સ્થળે ગુપ્ત ખજાના પડ્યા છે. વિષુવવૃત્તીય ટાપુઓમાં અનેક નિર્જન અને પહાડ-જંગલથી છવાએલા નાનાં નાના બેટોમાં કદાચ હજીયે સદીઓ પહેલાંના ચાંચિયાઓએ લૂંટેલાં વહાણોમાંનો કીમતી ખજાનો પટારાઓમાં ભરાઈને કોઈ છૂપા સ્થાનોમાં દટાએલો-છુપાએલો પડ્યો હશે તેવું મનાય છે. સ્પેનિયાર્ડોએ બેફામપણે લૂંટી લીધા પછીય મધ્ય અમેરિકાના ઇન્કાઓના પ્રદેશમાં અઢળક સોનું પડ્યું હશે તેવું ઘણા માને છે. યુદ્ધો દરમિયાન લૂંટાએલું સોનું, ધન અને ઝવેરાત પરાજિત અફસરોએ ક્યાંક ને ક્યાંક છુપાવી દીધું છે તે યે હજી મળી શકે ખરું. જૂના રાજાઓનું ધન પણ આમ ક્યાંક હશે જ.

આવા આવા ગુપ્ત ખજાનાની અનેક વાતો પ્રચલિત છે. આવી બધી જ વાતો ખરી ન પણ હોય. કેટલીક વાતો કેવળ અનુમાનો કે કલ્પનાથી યે ફેલાઈ હોય. પણ કેટલીક વાતો સાચી હોવાના પુરાવા પણ મળતા રહ્યા છે એટલું જ નહિ, એવા ખજાના પણ હાથ લાગ્યા છે.

સ્પેઈનના રાજા ફિલિપ બીજાએ ઈંગ્લન્ડ પર આક્રમણ કરવા એક વિશાળ નૌકાકાફલો મોકલ્યો હતો. ઈંગ્લન્ડના ઈતિહાસમાં આ નૌકાયુદ્ધ ખૂબ જાણીતું છે. આ કાફલામાં 'ફ્લૉરેન્સિયા' નામનું એક જહાજ પણ હતું, જેમાં આક્રમણ કરનારા નૌકાસૈન્યના પગાર માટે પુષ્કળ ધન હતું. સ્કોટલૅન્ડના મલ ટાપુ પાસે ટોબરમોરી બેમાં, અકસ્માત આ વહાણમાં ભરેલો દારૂગોળો ફાટતાં તે ૬૦ ફુટ ઊંડાં પાણીમાં ડૂબી ગયું. તેમાંથી બચી ગએલા સ્પેનિયાર્ડોએ કદાચ વિચાર્યું હશે કે ક્યારેક પાછા આવીને તેમાંનું ધન પાછું મેળવી લેવાશે, પણ એવું કંઈ બની શક્યું નહિ. અને આમ એ ખજાનો વહાણના ભંગાર સાથે દરિયાને તળિયે ડૂબેલો જ રહ્યો.

ઈ. ૧૫૮૮ના એ કાળના કાયદા પ્રમાણે એ ખજાનો પશ્ચિમ સ્કૉટલૅન્ડના આર્ગીલશાયરના સાતમા અર્લ અને વેસ્ટર્ન ટાપુઓના એડમિરલની મિલ્કત ગણાયો, અને હજીયે તે એના પરિવારની માલિકીનો ગણાય છે.

સત્તરમી સદીમાં આ કાયદા અંગે ઊહાપોહ પણ જાગેલો અને એની તકરારમાં બે આર્ગીલોનો શિરચ્છેદ પણ થએલો. એ પછી નવમા અર્લના વખતમાં એ ડૂબેલો ખજાનો બહાર કાઢવાના પ્રયાસો આરંભાયા. થોડુંક સોનું અને એક જંગી તોપ દરિયામાંથી બહાર કઢાઈ. ઇનવરએરીના વંશાનુગત કિલ્લાના બગીચામાં એ તોપ રાખવામાં આવી છે. પણ ખજાનાની આ શોધ દરમિયાન કેટલાક ઈર્ષાળુ લોકોએ બાધાઓ પણ નાખવા માંડી. એક તબક્કે તો તેવાઓએ ખજાનાની શોધ માટે પાણીમાં ઊતરનાર મરજીવાઓ પર તોપમારો પણ કરેલો, તો બીજી એક વાર ભારે પથ્થરમારો પણ ચલાવેલો.

વર્ષો પછી એ વહાણનો કેટલોક ભાગ, તેનું લંગર અને તેનો ઘંટ મળી આવ્યાં, પણ જહાજના અંદરના ઊંડા ભાગમાં ક્યાંક રખાયેલા એ ખજાના સુધી કોઈ પહોંચી શક્યું નહિ. વર્ષોના વીતવા સાથે એ ડૂબેલા જહાજની ઉપર દરિયાઈ કાદવ જામતો જ જતો હોઈ એને બહાર આણવાની શક્યતા પણ ઘટતી જતી હતી. વળી, ડૂબકી મારવા માટેનાં સાધનો પણ એ કાળે બહુ સામાન્ય કક્ષાનાં હતાં. તળિયેથી ખુલ્લા એવા મોટા ઘંટ આકારના એક આવરણની અંદર રહી માણસો ઊંડાં પાણીમાં ઊતરતા. તેના ખુલ્લા તળિયે વહાણનો જે કંઈ ભાગ દેખાય તેની ઉપર પડેલી ચીજવસ્તુઓ જ તેઓ લાવી શકતા. વહાણના તૂતકની નીચે અંદર પેસીને ત્યાં કંઈ શોધ કરવી એ ત્યારે શક્ય નહોતું.

પછી તો આ ડૂબેલો ભંગાર ફંફોસવામાંથી પણ રસ ઘટવા લાગ્યો, છતાં સદીના આરંભમાં કેટલાંક હથિયારો અને ચાંદીની કેટલીક વસ્તુઓ હાથ ધરી શકાઈ, અને ફરી આ ખજાનાની શોધના પ્રયાસોમાં વેગ આવ્યો. વળી, સક્શન ડ્રેજર જેવાં નવા જમાનાનાં સાધનો પણ ઉપલબ્ધ થતાં વહાણ ઉપર જામેલો કાદવ ખસેડવાનું પણ શક્ય બન્યું, અને આ રીતે ચાંદીનાં આભુષણો વગેરે સાથે અનેક કીમતી વસ્તુઓ મળી આવી. પણ આ રીતની શોધખોળ અત્યંત ખર્ચાળ હતી. અગાઉ થએલી બધી શોધ પાછળ થએલા કુલ ખર્ચ કરતાં પણ તે ખર્ચ ઘણો વધારે હતો.

છતાં બીજા વિશ્વયુદ્ધ પછી આ ખજાનો મેળવવાની આશા વધી. ટોબરબેરીના આ ખજાનામાં એક ધનવાન અમેરિકનને રસ પડ્યો. સોનું ન મળે તો યે જે કંઈ હાથ લાગે તે મેળવવા એ પૈસા ખરચવા તૈયાર હતો. આ શોધ માટે એક ખાસ જૂથ બનાવાયું અને કમાન્ડર ક્રેબને તેનું નેતૃત્વ સોંપાયું. મરજીવા તરીકે કમાન્ડર ક્રેબની વ્યાપક ખ્યાતિ હતી. આગળ જતાં ઈંગ્લન્ડની રાજકીય મુલાકાતે આવેલા રશિયાના નેતા ક્રુશ્ચોફ તથા તેની સાથેની મંડળીનાં જહાજોની ગુપ્ત તપાસ કરવાનું કામ તેને સોંપાએલું, અને તેમાં કમાન્ડર ક્રેબ રહસ્યમય રીતે ગૂમ થયો કે તેનું ભેદી મરણ થયું હતું. અગાઉ 'કુમાર'માં તેનો પરિચય આવી ગયો છે.

ફરી આ વહાણ ફ્લૉરેન્સિયાના ડૂબ્યાના સ્થાનને ચોક્કસપણે શોધી કઢાયું. સદીઓથી તેના ઉપર જામતા રહેલા કાદવને પણ શક્ય તેટલો દૂર કરાયો અને જહાજના કેટલાક કાષ્ટાવશેષો પણ મેળવ્યા. પણ પેલો ખજાનો તો હાથ લાગી શક્યો જ નહિ.

પછી તો એવી શંકાઓ પણ વ્યક્ત થઈ કે ખરેખર એ વહાણમાં એટલું ધન હતું કે નહિ. શક્ય એટલા બધા જ દસ્તાવેજો, અહેવાલો ને નોંધોને ઝીણવટપૂર્વક તપાસીને નિષ્ણાતોએ ખાતરી પણ કરી કે ફ્લૉરેન્સિયામાં એટલું ધન તો હતું જ. છતાં આજ સુધી એ ખજાનો હાથ ન લાગવાનું એક કારણ એ પણ હોય કે ફ્લૉરેન્સિયા પરના દારૂગોળાના અકસ્માત થએલા વિસ્ફોટમાં એ ખજાનો પણ ચોપાસ ઊડી ગયો હોય. પરંતુ સામાન્યતઃ તો વહાણની અંદર ઊંડે બહુ સલામત જગ્યાએ જ તેને રાખવામાં આવ્યો હોય. અને ડૂબેલા એ વહાણના અવશેષો પરથી નાનીમોટી સામાન્ય ચીજો પણ મળી શકી તો પછી ચોક્કસાઈપૂર્વક મૂકેલું ધન કે સોનું તો સલામત રહી શક્યું હોય. એનો અર્થ એ જ કે હજીયે તે ખજાનો ત્યાં હોવો જોઈએ. પણ વિસ્ફોટમાં ખરેખર જ તે વેરણછેરણ થઈ ગયો હોય તો તો પછી હવે એ મળી રહ્યો !

બિ. ટાંક

# સમય

માવજી માહેશ્વરી

'જોઈ શું રહ્યા છો? ઊઠો, જાઓ; કાંઈક તો કરો. બેસી રહ્યે કેમ પાલવશે?'

'ક્યાં જાઉં? એની પાછળ જાઉં કે આ બીજાં ઘરમાં છે એની ચિંતા કરું? આ બધાંનેય પેટ છે એની તો ખબર છે ને? ક્યાં આથડ્યા કરું એની પાછળ?'

'હાય ! હાય ! લાજેય નથી આવતી આવું બોલતા ? બાપ છો કે વેરી ? હમણાં સૂરજ ઊગતાં જ ગામ આખામાં ધજાગરો થશે. આપણે અહીં જ જીવવું છે એ તો જાણો છો ને? લોકો કેવાં છાણાં થાપશે આપણે માથે એનો વિચાર કર્યો છે?'

'ભલે થાપતાં છાણાં. શું કરી લેશે ગામવાળા? કાઢી મૂકશે મને? મારી તો જાન છૂટી!'

'શરમાતા નથી આવું બોલતા? કાયર છો કાયર!'

કાયર! કાનજીની પીઠમાં જાણે ત્રિકમનું પાનું ઘૂસી ગયું. એ વિચારી રહ્યો : "હું કાયર? અને તે પણ આ હીરુ કહે છે? હીરુ અત્યારે ભૂલી ગઈ છે બધું! મારી જુવાની આગળ ભલભલા પાણી ભરતા. પચાસ હાથોએ ઊંચકેલી ડાંગો વચ્ચેથી હીરુને હું ઊઠાવી આવ્યો હતો, તે હું કાયર? આ હીરુ નથી બોલતી, એને સમય બોલાવે છે. આ બધો સમયનો જ ખેલ છે. તે દિ નરભેરામ મા'રાજ કહેતા હતા ને કે 'સમય સમય બલવાન...' હા ! આ બધું મારો સમય ફર્યો એનું પરિણામ છે. નહીં તો મારી પાસે શું ન હતું?"

'કાનજી! આપણે તો ભાઈબંધ. આપણી આ ભાઈબંધીને સંબંધની ગાંઠે વધુ મજબુત કાં ન કરીએ? મંજુલા ખાય છે તારું, ને વધે છે મારા માટે?'

તે દિવસે પોતાની છાતી ગજગજ ફૂલી હતી. બાજુના ગામના સંપન્ન ખેડૂત પચાણે એના દીકરા માટે મારું ઘર ગોત્યું હતું. અને આજે...કાનજીના હૈયામાંથી ઊંડો નિસાસો સરી પડ્યો... 'આજે મારો વખત બદલાયો તો બધું જ બદલાઈ ગયું. ઉપરાઉપરી દુકાળ અને હીરુની માંદગી પછવાડે બધું જ ગયું. હવે તો રહ્યું છે શું? આ બાવાની મઢી જેવું ઘર! બાકીનું તો ક્યારનું વેચાઈ-ખવાઈ ગયું. છેલ્લા બે દુકાળે તો કમર ભાંગી નાખી. આવા કપરા કાળમાં છ છ જણાનું પેટ ભરવું. કે'વાય છે કે દુકાળમાં તો પેટની ભૂખ પણ બમણી થઈ જાય. અને આ મંજુલા પણ વાર્તાની રાજકુંવરીની જેમ વધતી ગઈ. વળી પાછી એ....

'બે વર્ષ પહેલાં હું સામે ચાલીને પચાણ પાસે ગયો હતો. પણ એ તો ખરે ટાંણે જ ફરી બેઠો. એને વેવાઈ-સંબંધ તો ઠીક, ભાઈબંધી પણ આડી ન આવી. એણે માગ્યા એટલા દાગીના તો હું આવા કાળદુકાળમાં ક્યાંથી આપી શકવાનો હતો? સમાજમાં નીચાજોણું કરાવ્યું તે નફામાં.'

પણ શું થાય એમ હતું? રૂપાળી માની દીકરી પણ રૂપાળી જ હોય ને! શું સાંભળ્યું ન હતું? શું જોયું ન હતું? પેલા અરજણે તો મોઢામોઢ બધું કહ્યું હતું. પણ જુવાનીની ધસમસતી નદીને રોકવી કેવી રીતે?

'હજી ક્યાં સુધી બેસી રહેશો? જાણે કાંઈ નથી બન્યું એમ? હું પૂછું છું તમને કાંઈ થતું નથી? બીજું કાંઈ ન કરો તો કાંઈ નહીં તો 'થાણે ખબર તો કરો' હીરુનો સાદ ફાટતો જતો હતો.

'થાણે મારો કોઈ સગલો હશે? મારા ગજવામાં કાણી કોડી ય નથી. થાણે એમ જ નથી જવાતું, સમજી?' કાનજી પૂર્વવત બેસી જ રહ્યો.

'જુઓ, મારી પાસે ચાંદીની એક બાં-પટ્ટી છે. આજ સુધી જેમ તેમ કરીને સાચવી છે. મોટી આશાએ રાખી હતી, પણ એ જ કજાત માટે આજે આમ વેચવી પડે છે!' હીરુના અવાજમાં અસહાયતા છતી થતી હતી.

પટ્ટી ! બાં-પટ્ટી ! ...કાનજીના મગજમાં રાતનું અંધારું ઘૂમી વળ્યું.

ઘણા દિવસો સુધી બધું સાંભળ્યું. આજ સુધી કાંઈ બોલ્યો નહીં. આજે તો થઈ જાય, ભલે એક ઘા ને બે કટકા. માણસો ખાણેત્રા પર માટી સિવાય ઘણુંબધું ખોદે છે દરરોજ.

બિચ્ચારો માસ્તર! પહેલાં તો મારા હાથમાં ડાંગ જોઈને ગભરાઈ ગયેલો, અને છૂટા પડતી વખતે અમે બાપદીકરી તો ભલે રડ્યાં પણ એ શીદને રડતો હતો. વફાદાર ખરો હોં...! બાપડો કહે : મને મંજુલા સિવાય કાંઈ ન ખપે.

એમને આપી દીધેલી બાં-પટ્ટી નહીં નહીં તો ય સો રૂપિયાની તો હશે જ.

ઘરની અંદર હીરુની ફેંદાફેંદ તથા બડબડાટ ચાલુ હતાં. પૂર્વમાં સૂરજની કોર દેખાણી. કાનજીએ ત્રિકમ-પાવડો ઉપાડ્યાં. આજે આ ઓજારો એને હળવાંફૂલ લાગી રહ્યાં હતાં. □

## લવાજમ અંગે

અમે આભારી છીએ 'કુમાર'ના ચાહક-ગ્રાહકોના જેમના ટેકાથી આ અંક સાથે 'કુમાર' તેના પુનઃ પ્રકાશન પછીની બે વર્ષની મજલ પૂરી કરે છે. આ પુનર્પ્રકાશનના આરંભે જેઓએ 'કુમાર'નું વાર્ષિક લવાજમ ભર્યું છે તેવા મોટા ભાગના ગ્રાહકોનું લવાજમ પણ આ અંક સાથે પૂરું થતું હશે, અને અમને શ્રદ્ધા છે કે પાછલાં બે વર્ષોમાં તેઓએ 'કુમાર'ને જે સાથ આપ્યો છે તે હજી યે જારી જ રાખશે. આ તબક્કે અમે એક પ્રસ્તાવ મૂકીએ છીએ. આ જુલાઈ માસના અંક સાથે જેમનું લવાજમ પૂરું થતું હોય તેવા ગ્રાહકો જો ઓગસ્ટ '૯૨થી ડિસેમ્બર '૯૩ સુધીનું લવાજમ ભરવા ઇચ્છે તો તેમને આ વર્ષના ડિસેમ્બર સુધીના પાંચ અને '૯૩ના પૂરા વર્ષના બાર મળી કુલ ૧૭ અંકો માત્ર ૧૦૦ રૂપિયામાં જ આપવા. 'કુમાર'નું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીનું ગણાતું હોઈ આથી અમને હિસાબ અને અન્ય વ્યવસ્થામાં થોડી સરળતા વધશે, જ્યારે ગ્રાહકોને અંશતઃ આર્થિક લાભ થવા સાથે વર્ષની વચમાં લવાજમ મોકલવાનું યાદ રાખવામાંથી મુક્તિ મળશે. અલબત્ત, આમ છતાં યે આપ ઇચ્છો તો માત્ર એક જ વર્ષનું (રૂ. ૭૫) લવાજમ પણ વર્ષના ગમે તે માસથી ભરી શકો છો. જો આપે ઓગસ્ટ '૯૩ સુધીનું લવાજમ મોકલી આપ્યું હોય તો વધારાના રૂ. ૨૫ મોકલી આપી ઉપરના પ્રસ્તાવનો લાભ લઈ શકો છો.

# માધ્યમ-સાક્ષરતા

હસમુખ બારાડી

તમે આ લેખનું શીર્ષક વાંચ્યું એ ગુજરાતી ભાષાનો એકએક અક્ષર શરૂમાં તમે ઘૂંટયો હતો; પછી એમાંથી શબ્દો બનાવવાનું અને એને અર્થ પ્રમાણે ગોઠવવાનું વ્યાકરણ પણ ભણ્યા હતા. નાનપણથી અત્યાર સુધી ખૂબ સમયશક્તિ ખર્ચીને, ભાષા દ્વારા વિચાર, લાગણી, અનુભવ, પ્રતિભાવ વગેરે વ્યક્ત કરતાં તમે શીખ્યાં છો. સામા માણસના એવા જ વિચારો અને લાગણીઓ તમે એ ભાષા દ્વારા સમજી શકો છો.

જો કે ક્યારેક ભાષા કરતાં ફક્ત ઇશારો જ ઘણું બધું કહી જતો હોય છે. કોઈના મુખભાવથી એની લાગણી તમે સારી રીતે સમજ્યા હશો. મુદ્રા, ધ્વનિ, ચીસ, ડૂસકું, હોકારા વગેરે પણ શબ્દ કરતાં વધારે અર્થભર તમને ઘણીવાર લાગ્યા હશે. આમ, ભાષા દ્વારા કે ઇશારા, મુદ્રા વગેરે કોઈપણ રીતે સામી વ્યક્તિને આપણી લાગણી-વિચાર વગેરે સમજાવવાં એને પ્રત્યાયન કહેવામાં આવે છે.

ભાષાનો ઉપયોગ ન હોય ત્યારે તો કોઈપણ દેશ-પ્રાંતની વ્યક્તિ સાથેના પ્રત્યાયનમાં મોટેભાગે અવરોધ નડતો નથી. એ જ રીતે તસ્વીર, ચિત્ર, રેખાંકન, શિલ્પ, સંગીત, નૃત્ય વગેરે પણ સાર્વત્રિક પ્રત્યાયન કરી શકે છે, જોતાં-સાંભળતાં જ મોટેભાગે સમજાઈ જાય. અલબત્ત, એ તસ્વીર કે શિલ્પની વિશેષતા કોઈ સમજાવે, રંગરેખાનો અર્થ તારવી આપે તો એના અનુભવમાં અને ભાવનમાં વળી ઑર મજા પડે.

એ બધા કલાકારોને કંઈક વિશેષ કહેવાનું હોય છે; એ માટે એ પસંદગી અને ગોઠવણી કરતા હોય છે. શ્રમનું ગૌરવ વ્યક્ત કરવા કોઈ શિલ્પકાર 'ખેતરમાં હળ ચલાવતો ખેડુ' એ વિષય પસંદ કરે, એ ત્રણેય ને અમુક સ્થિતિમાં ગોઠવે; ખેડૂતની સ્થિતિ પ્રમાણે એનો વેશ પસંદ કરે અને ભારે/ઓછા શ્રમના પ્રમાણમાં એ પાત્રોને ગોઠવે.. ટૂંકમાં, જે મુદ્રા, સ્થિતિ, પ્રમાણની પસંદગી કરીને ગોઠવણી કરે એની પાછળ એના પ્રત્યાયનની જરૂરત કામ કરતી હોય છે.

વળી, આ શિલ્પ માટે એ માટી, ધાતુ કે પત્થર વગેરેમાંથી કયું માધ્યમ પસંદ કરે છે એ પણ કલાકાર માટે મહત્ત્વનું હોય છે. મોકો મળે ત્યારે કોઈપણ કલાકારને એની આ પસંદગી-ગોઠવણીની વાત પૂછી જોજો.

આ પસંદગી અને ગોઠવણીનો અનુભવ તમને કોઈની વાત કરવાની રીત અને અનુકરણમાં પણ થશે. એક જ પ્રસંગની વાત તમે તમારા મિત્ર કરતાં કદાચ વધારે સારી રીતે રજૂ કરી શકતા હશો, તો કોઈ વ્યક્તિનું અનુકરણ તમારો મિત્ર તાદૃશ પેશ કરતો હશે : રમૂજી ટૂચકા કહેવામાં શૈલી તેમજ આદિ અને અંત મહત્ત્વનાં હોય છે. વાતમાં નિરીક્ષણથી પૂરેલી વિગતો, કલ્પનાથી કરેલું ઉમેરણ, અન્ય પ્રસંગ કે વ્યક્તિ સાથેની સરખામણી વગેરે દ્વારા આવા પ્રત્યાયનને રસપ્રદ બનાવવામાં ય કદાચ તમે કુશળ હશો. વળી, જે વાર્તાઓ તમે સાંભળી/વાંચી હશે એમાંય આ જ વાત બને છે. વિચારી જોજો કે કોઈ પાત્ર કેમ યાદ રહી જાય છે, કોઈ પ્રસંગ કેમ મનમાં કોતરાઈ જાય છે, કોઈ સંવાદનો પૂર્વાપર સંબંધ કેમ ગોખવો નથી પડતો.

એ જ રીતે વાર્તા વાંચો અને કોઈને ભાવવાહી રીતે કહેતાં સાંભળો, કે હલકથી ગવાતું - સંગીત ના સૂરો સાથે - સાંભળો તો કેટલો તફાવત પડે છે! એમાંય વાંચેલા નાટકને ભજવાતું જોવામાં તો આસમાન-જમીનનો ફેર પડે : સંવાદો બોલાય, કૌંસમાં લખેલી (અને બીજી મોટા ભાગની) ક્રિયાઓ થતી દેખાય, પાત્રોના પાઠ કોઈએ લીધેલા હોય, એમણે યોગ્ય વેશ ધારણ કર્યા હોય, સંબંધ તથા પ્રસંગને ઉચિત બધાં ઊભાં રહ્યાં હોય અને આવનજાવન કરતાં હોય.. જે ફક્ત લખેલું હોય, જે તમે કલ્પનાથી બનતું જોયું હોય એ તખ્તા પર જીવંત પેશ થતું હોય છે. પાઠ લીધેલ નટો એમનાં અવાજ, હાવભાવ, શારીરિક સ્થિતિ તેમજ વેશભૂષા, સન્નિવેશ અને સામગ્રી દ્વારા નાટ્યલેખકે વિચારેલા અર્થનું પ્રત્યાયન કરતાં હોય છે.

આ પ્રત્યાયનને અભિનય કહેવાય. અભિનય એટલે અર્થને પ્રેક્ષકો સુધી લઈ જવો. જો કે તખ્તા પર જે પ્રત્યાયન થાય છે, એમાં ફક્ત લેખક જ નહીં, દિગ્દર્શક અને નટો પણ ઉમેરણ કરતાં હોય છે, એમાંથી નવો અર્થ કાઢતાં હોય છે. એ ભજવણીની કલા છે. લેખકે લખ્યા પછી, દિગ્દર્શક પાત્રોને યોગ્ય નટો પસંદ કરે, સંવાદો અને ક્રિયાઓની રજૂઆત નટોને શીખવે; એમને કયાં, શા માટે ઊભા રહેવું અથવા જવું એ ગોઠવે; કોના પર કેટલો પ્રકાશ નાખવો, ક્યા સંવાદ અથવા ક્રિયા વખતે સંગીત શરૂ કરવું કે બંધ કરવું એ બતાવે.

દિગ્દર્શક નટોને દિગ એટલે દિશા દર્શાવે છે; પણ દિશામાં જવાનું તો નટે જાતે હોય છે. એ માટે એણે પોતાનું પાત્ર અને પોતાની સાથે સંબંધિત બધાંનાં પાત્રો સમજવાં પડે; લેખકે કલ્પેલું એ પાત્ર જ બનવું પડે, દિગ્દર્શકે ચીંધેલ સંવાદરીત અને ક્રિયાઓ પોતાનાં હોય એમ બતાવવાં પડે, અને અન્ય કલાકારો, કારીગરો અને કાર્યકરો સાથે મળીને એ બધાંના અર્થ પ્રકટ કરવામાં - 'અભિનય' -માં પ્રયત્નશીલ રહેવું પડે.

કોઈપણ નાટકની રજૂઆતમાં પડદો ઊઘડતાં પહેલાં ફક્ત સંવાદ ગોખવા કરતાં આ બધી કલાકારીગરી એના પર થઈ હોય છે. નટ જે કંઈ સ્વાભાવિકતાથી કરતો તમે જુઓ એ બધું પૂર્વયોજિત અને નિશ્ચિત હોય છે. છતાંય દિગ્દર્શકે બતાવેલ અભિનય કરાવામાં નટ અર્ધે માર્ગે સામો મળતો હોય છે. પોતાનાં નિરીક્ષણ, કલ્પનાશક્તિ, પસંદગી, ગોઠવણી વગેરેથી નટ પોતાનું પાત્ર સર્જે અને એટલે તો નાટકની ભજવણી લેખક-દિગ્દર્શક-નટનું સહકાર્ય ગણાય છે. એ દરેકની પોતપોતાના કામની વિશેષતા છે. એકનું એક નાકટ બીજો દિગ્દર્શક તદ્દન જુદી રીતે ભજવે; નટો પણ એ જ પાત્રમાં બીજી

રીતે પેશ થાય. લેખકો પણ એક જ પ્રસંગ, પાત્ર કે વિચારને પોતાની આગવી રીતે જ ગોઠવે.

પણ ધારો કે, જોનારા જ ન હોય તો ? પ્રેક્ષકો વિના કંઈ એકલાં નાટક ન થાય. લેખક કે દિગ્દર્શક ન હોય તો ય, એકલો નટ પણ જાતે કંઈક વિચારીને રજૂ કરી શકે - જો સામે એકાદ પણ પ્રેક્ષક હોય. એટલે તો પ્રેક્ષકને રસ પડે, એને સમજાય, એને લાગુ પડે એ રીતે જ નાટક રજૂ કરવામાં આવે.

અને આ પ્રેક્ષક પોતાને ઘરેથી બહાર નીકળીને એના થીએટરમાં ગયો હોય છે, નાટક ચાલે ત્યાં સુધી એ બેસે છે, એની આજુબાજુમાં બીજા કેટલાય (અને મોટાભાગના તો સાવ અજાણ્યા) પ્રેક્ષકો બેઠા હોય છે. એ પરિસ્થિતિનો નટમંડળી ખ્યાલ રાખતી જ આવી છે. એ જ રીતે પ્રેક્ષકોએ પણ એ ખ્યાલમાં રાખવું જોઈએ કે આજે અને રોજેરોજ, આ જીવતાં નટો પાત્રોનું સર્જન કરી નાટક રજૂ કરે છે; આ કંઈ 'અગાઉ ઊતરી ગયેલી' ફિલ્મ કે ચલચિત્ર નથી. મિત્રની તસ્વીર કે પત્ર કરતાં એ જાતે મળવા આવે અને જે વર્તન, ઉષ્મા અને વ્યવહાર આપણે એની સાથે કરીએ, એવું નટમંડળી અને પ્રેક્ષકોએ અન્યોન્ય કરવું જોઈએ. કારણ કે નટમંડળી પોતના અભિનયથી પ્રત્યાયન કરે છે, તો પ્રેક્ષકો પોતાના પ્રતિભાવથી સામું પ્રત્યાયન કરે છે. નટપ્રેક્ષક વચ્ચેની આવી જીવંત ભાગીદારી એ નાટક-ભજવણીનો પાયો છે. એ દ્વિમાર્ગી આપ-લેમાં બન્ને એકબીજાંથી પ્રભાવિત હોય છે !

પરન્તુ ફિલ્મ, ટેલિવિઝન કે રેડિયોમાં એવું બનતું નથી; એમાં પ્રેક્ષકો કે શ્રોતાજનોના પ્રતિભાવોની કોઈ વળતી અસર કલાકારો પર એ જ સમયે પડતી નથી. કારણ કે એ બધું અગાઉ 'રેકોર્ડ' કે 'ફિલ્મ' થઈ ગયું હોય છે; અને ધારો કે રેડિયો કે ટી.વી.માં એ જ સમયે 'સીધું પ્રસારણ' થતું હોય (દા.ત. ઉદ્‌ઘોષણા કે આંખે દેખ્યો અહેવાલ હોય) તો ય કલાકારો અને કૉમેન્ટેટરો પ્રેક્ષકોથી ખૂબ દૂર હોય છે.

જે સમૂહ માધ્યમોથી કલાકારો અને પત્રકારો પ્રત્યાયન કરે એ જ માધ્યમોનો પ્રેક્ષકો વળતા પ્રત્યાયન માટે ઉપયોગ કરી શકતા નથી. એ રીતે આ સમૂહ માધ્યમો એકમાર્ગી છે. આપણો પ્રતિભાવ બતાવવા ક્યાં તો આપણે પત્ર લખવો પડે, જાતે જવું પડે અથવા તાર-ટેલિફોન કરવા પડે.

રેડિયોમાં માનવ-અવાજ, પ્રસંગની તાદ્દશતા માટેનો ઉચિત ધ્વનિ (દા.ત. બારણું, યંત્ર, વાસણ, વાહનો અને પરિસ્થિતિ મુજબનું સંગીત) સાથે મળે તો શ્રાવ્ય પ્રત્યાયન સંપૂર્ણ બને. ફક્ત ફિલ્મી ગીતો સાંભળવા એ તો આ માધ્યમોનો અધૂરો ઉપયોગ ગણાય. વળી, ફિલ્મ-ટી.વી.માં આપણી સામે જે 'બનતું' આપણે જોતાં હોઈએ છીએ એ મોટેભાગે 'અગાઉ બની ગયેલું' હોય છે અને એના કલાકારીગરો એ સમયે બીજું કંઈક બનાવવામાં લાગી પડ્યાં હોય છે.

પણ તમે માની લો એવી આ ઓછી અગત્યની વાત નથી. ફિલ્મ કે ટી.વી.ના કાર્યક્રમો 'અગાઉ થઈ ગયા' હોય એટલે કે એના એકેએક ભાગને સંપૂર્ણપણે સંતોષકારક કરવાની તક મળી હોય છે. રિહર્સલો પછી પણ, કોઈપણ સંવાદ કે ક્રિયામાં ભૂલ થાય તો કેમેરા સામે એને ફરી કરાવવામાં આવે - એટલે કે 'રિટેક' લેવામાં આવે અને સૌથી સારાં સંવાદ-ક્રિયાને જ તમને બતાવવામાં આવે. નાટકના તખ્તા પર તો કોઈ પાત્રની ભૂલને તમારે સ્વીકારી લેવી પડે.

આ ફિલ્મ કે રેડિયો-ટી.વી. કાર્યક્રમોમાં પણ એના લેખકો-દિગ્દર્શકો-નટો હોય છે; મોટે ભાગે નાટકની જેમ જ, જુદી જુદી કક્ષાએ અને રીતે, પાત્ર-પ્રસંગ-વિચારની પસંદગી તથા ગોઠવણીની એવી જ પ્રક્રિયામાંથી એ પસાર થાય છે. પરંતુ ફિલ્મ-ટી.વી.માં મહત્ત્વનો છે કેમેરા. તમે જે જુઓ છો એ કેમેરાએ ઝડપેલું હોય છે. ડૂબતા સૂરજને ઢાંકતા પર્વતની ખીણમાંના ઘરને ટેકો દઈ ઊભેલી કન્યા ક્યારેક 'દૂરથી' એ બતાવે તો ક્યારેક 'ખૂબ નજીકથી' એ કન્યાના ફક્ત મુખભાવ કેમેરા બતાવે. એ બધુ ટુકડે ટુકડે અને અલગ અલગ પસંદ કરીને લીધેલું હોય અને પછી જરૂર પ્રમાણે ગોઠવેલું હોય. એ કન્યા એક બાજુ જુએ અને ત્યાં એના પિતા પ્રવેશતા હોય એવું જો પછીના 'શૉટ'માં તમે જુઓ તો એના પિતાને કંઈ એ જ સમયે પ્રવેશતા કેમેરાએ ન પણ લીધા હોય. બીજે દિવસે કે બીજે મહીને એ શૉટ લઈને એ ત્યાં મૂકી શકાય. આ 'શૉટ ' એ દશ્યાત્મક કથન, ભાષામાં જેમ શબ્દો અને વાક્યો હોય છે તેમ. એની અર્થભર પસંદગી અને ગોઠવણીને એડિટિંગ કહેવાય.

એ બધું ફિલ્મ-ટી.વી.ના દિગ્દર્શક ગોઠવે; એ નક્કી કરે એમ જ થાય. એટલે તો અમુકતમુક ફિલ્મ-ટી.વી.ના અભિનેતાએ અમુકતમુક 'એકશન' કર્યું એમ કહીએ, એ કરતાં દિગ્દર્શકે એ અભિનેતાને એમ કરવા કહ્યું હતું, અને એણે જ્યારે એ એકશન જરૂરત પ્રમાણે કરી બતાવ્યું ત્યારે જ એ 'શૉટ' દિગ્દર્શકે ત્યાં એડિટ કર્યો એમ કહેવું વધારે યોગ્ય છે. પડદા ઉપર તમે નટ જુઓ છો, એટલે એ જ બધું કરે છે એમ આપણે માની લઈએ છીએ. એની વેશભૂષા, મેકઅપ શૈલી અને રીતરસમ પણ દિગ્દર્શક જ નક્કી કરે છે. કેમેરા અને એડિટિંગ દ્વારા દિગ્દર્શક જે બતાવે - પેલી કન્યા નજીક કે દૂર - એ જ પ્રમાણે આપણે જોતાં હોઈએ છીએ. તખ્તાના નાટકમાં તો કન્યા અને પિતા સાથે હોય, તો એ બેમાંથી કોઈપણને જોવાની પસંદગી પ્રેક્ષક કરી શકતો હોય છે.

જો કે કેમેરો કશું સ્વેચ્છાથી બતાવતો નથી. લેખક-દિગ્દર્શકના અર્થને પ્રેક્ષકો સુધી પહોંચાડવા એટલે કે 'અભિનય' કરવા - જે જરૂરી હોય એ જ શૉટ એનાથી લેવામાં આવે. કન્યા ક્યાં ઊભી છે. એ બતાવવા ઘર, પર્વત જરૂરી બને એટલે એ દૂરનો શૉટ, અને એ પિતાની રાહ જુએ છે એ બતાવવા એના મુખભાવનો નજીકનો શૉટ લેવાય. એવું જ એમાં આવતા સંવાદો અને ધ્વનિ વગેરેનું છે. ઘર, પર્વતસહિતના શૉટ સાથેનો પંખીનો કલરવ એ વખતે ત્યાં ને ત્યાં, કે પછી કોઈ પણ સ્થળે, રેકોર્ડ કરેલો હોય ! હા, એ ધ્વનિ ત્યાં બરાબર બેસતો હોવો જોઈએ.

બે જુદાજુદા શૉટને સાથે મૂકીને ત્રીજો અર્થ પણ કાઢવામાં આવે. દા.ત. ગંદા ઝૂંપડા પછી ઊંચી ઈમારતો. એ જ રીતે દૃશ્ય અને શ્રાવ્યના વિરોધાભાસથી પણ ત્રીજો અર્થ નીકળી શકે. દા.ત. ઝૂંપડાનાં ભૂખ્યાં

બાળકોના શૉટ સાથે કાચનાં વાસણોનો ખખડાટ અને ભોજન કરતી વ્યક્તિઓનું હાસ્ય. આ બધું દૃશ્ય-શ્રાવ્ય માધ્યમની ભાષાનું વ્યાકરણ ગણાય છે.

આ રીતે પસંદ કરીને ગોઠવેલી ચિત્ર અને ધ્વનિની આ હારમાળા ફિલ્મ-ટી.વી રૂપે આપણી સામે કેવા સંજોગોમાં આવે છે ? ફિલ્મની તો અનેક પ્રિન્ટ કેટલાંય શહેરોમાં એકસાથે બતાવાતી હોય છે. થીએટરના અંધારામાં, કેટલાય અજાણ્યા પ્રેક્ષકો સાથે, દૂર મોટા ઊંચા બાંધેલા પડદા ઉપર આપણે જોઈએ છીએ. પાત્રો, પ્રસંગો, ગૂંથણી અને એ દ્વારા આખી ફિલ્મના વિચારનું આપણી સાથે પ્રત્યાયન થતું હોય છે. ચિત્રની હારમાળા એટલી ગતિશીલ ગોઠવેલી હોય છે કે જાણે સાચે જ બની રહ્યું હોય એવું લાગે, એનો નટ ઊંચા મોટા પડદા પર આપણા કરતાં વધુ મોટો અને ઉચ્ચ જાદૂઈ ભાસે,૪૪ એની ક્રિયાનું અનુકરણ કરવા મન થઈ આવે, અને કૅમેરા દ્વારા એ બધું ગોઠવાયું છે એ આપણે સાવ જ ભૂલી જઈએ. પછી અમુકતમુક નટની છાપ પડી જાય, એવી ઘેરી છાપ કે એ બીજી રીતે વર્તે તો આપણે નારાજ થઈ જઈએ !

પરંતુ ટી.વી.નો પડદો નાનો હોય, ફિલ્મના પડદા કરતાં નજીક હોય, આપણી આજુબાજુ થોડુંક અજવાળું હોય અને વડીલો-મિત્રો-સાથીદારો સાથે બેસીને જોતાં હોઈએ એ પરિસ્થિતિ ફિલ્મ કરતાં કેટલી જુદી છે ! ફક્ત ફિલ્મ એટલે કે કથાચિત્ર નહીં, પણ અનેક પ્રકારની માહિતી આપતા કાર્યક્રમોની વચ્ચેવચ્ચે સમાચાર કે ઉદ્‌ઘોષણાઓ આવે, ક્યારેક આંખે દેખ્યો અહેવાલ આવે - એ બધી ટી.વી.ની વિશેષતા છે. વડીલો-મિત્રો સાથે બેસીને જોઈ શકે એવા રસપ્રદ વિષયો એ કાર્યક્રમોમાં હોય અને એમાં બતાવાતી ફિલ્મ પણ આખું કુટુંબ સાથે બેસીને જુએ છે એ ધ્યાનમાં રાખીને પસંદ કરેલી હોય. મોટે ભાગે તો ટી.વી.ના નાના પડદા માટે ખાસ બનાવેલી ફિલ્મ જ હોય, કારણ કે નહીં તો પર્વતની ખીણના ઘરની પેલી કન્યાઓ શૉટ મોટા પડદા માટે લીધો હોય, તો ટી.વી.ના નાના પડદા પર એ કન્યા ટચૂકડું ટપકું જ બની જાય ! મોટા પડદા પર જોયેલી ફિલ્મને મોકો મળે ત્યારે ટી.વી.માં જોવાનો અનુભવ સરખાવી જોવાથી આ વાત તમને સમજાશે.

પરંતુ આ ફિલ્મ-ટી.વી.નું માધ્યમ એની દશ્ય અને શ્રાવ્ય શક્તિને કારણે ફક્ત કથાચિત્રો કરતાં બીજો કેટલો બધો અનુભવ આપણને આપી શકે તેમ છે, એ તમે ક્યારેય વિચાર્યું છે ? કાશ્મીરનાં ઊંચાં વૃક્ષોનાં વર્ણન કે કેરળના ભૂપૃષ્ઠની વાત કરતાં એનું ચિત્ર બતાવ્યું હોય તો ? ટૂંકમાં, પૃથ્વીની ભૂગોળ, અંતરીક્ષની અજાયબીઓ, ઇતિહાસની ઘટનાઓ, વિવિધ પ્રકારનું લોકજીવન, જાણી-અજાણી કેટલીય માહિતી, વિજ્ઞાનના વિષયોનું જ્ઞાન આપણી સામે એ પેશ કરી શકે : તાદશ અને વિગતપૂર્ણ.

એની સામે તો ભણેલાં અને અભણ બધાં સરખાં; ઊલટું અભણને અક્ષરજ્ઞાન અને ઉપયોગી માહિતી આપવામાં તો એ મોટો ફાળો આપી શકે. આપણા દેશનાં દૂરદૂરનાં ગામડાંઓની ગરીબ અભણ પ્રજા માટે તો એ વળી મોટો આશીર્વાદ બની શકે - જો એમને ખેતઉત્પાદન, પશુપાલન, આરોગ્ય અને કલાકારીગરીના વિકાસના કાર્યક્રમો બતાવવામાં આવે તો. અત્યારે જે ઝડપથી અને જે પ્રમાણમાં ટી.વી.નો પ્રસાર વધી રહ્યો છે, એનો ખરો ઉદ્દેશ લોકોને એવી માહિતી અને શિક્ષણ ઉપરાંત મનોરંજન આપવાનો છે ! અથવા કહો કે મનોરંજક રીતે માહિતી અને શિક્ષણ આપવાનો જ છે !

એ જ રીતે પરંપરા, જડ રૂઢિઓ, અંધશ્રદ્ધા, નાતજાત અને ધર્મના સંકુચિત વાડાઓ, કુરિવાજો, અસ્પૃશ્યતા, વગેરે સામાજિક, આર્થિક પછાતપણાને દૂર કરવામાં ફિલ્મ-ટી.વી.-રેડિયો જેવાં સમૂહમાધ્યમો સૌને સજાગ કરી શકે. અનેક દેશોમાં આવા પ્રયોગો સફળ થયા છે અને એમના દેશના પ્રશ્નો હળવા થયા છે. આપણે ત્યાં પણ ફિલ્મના નેવું વરસોમાં, રેડિયોના પંચાવન વરસોમાં, અને ટી.વી.ના પચીસ વરસોમાં આવા છૂટક-ત્રૂટક પ્રયોગો કરી જોવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓના રોજિંદા અભ્યાસક્રમના વિષયોમાં તો જ્ઞાનની એવી બારીઓ આ માધ્યમો ખોલી આપે કે શાળાના શિક્ષકને જાણે પુસ્તકને બદલે બોલતુંચાલતું સાધન જ ન જડી આવ્યું હોય!

મૂળ વાત છે આ ફિલ્મ-રેડિયો-ટી.વી. કે નાટક જેવી કલાઓને આપણે જાણતાં-માણતાં શીખી લેવું જોઈએ તે. જેમ આપણે ભાષા શીખીએ છીએ, એમાં લખાયેલું વાંચતાં શીખીએ છીએ, એમ આ કલાઓની પણ પોતીકી ભાષા છે, એ પ્રત્યાયનનું સાધન છે, એનું આગવું વ્યાકરણ છે. અહીં જે વાત કરી છે એ તો હજી ખૂબ પ્રાથમિક છે, પરંતુ જે સહેલાઈથી સામે આવીને મળે એના તરફ આપણે ઓછું ધ્યાન આપીએ તે કેમ ચાલે ? એ કલાઓની વિશેષતાઓ અને મર્યાદાઓ સમજીને એનો ઉચિત ઉપયોગ કરતાં આપણે શીખી લેવું પડે.

કૅમેરા બતાવે એટલું જ નિષ્ક્રિય બનીને જોયા કરીશું આપણે ? કારણ કે એ કલાઓનો પ્રભાવ ભારે છે, અને એટલે એમના પ્રત્યે આપણો પ્રતિભાવ ઓછો તો ન જ પડવો જોઈએ ને ! □

# સૌરાષ્ટ્રમાં હરપ્પીય સંસ્કૃતિનાં ઉત્ખનનો

વાય. એમ. ચીતલવાલા



રાજકોટ જિલ્લાના મોરબી તાલુકામાં કુંતાસી ગામના ટિંબાનું ૧૯૮૭-૮૮માં ઉત્ખનન કરતા નીકળેલ હરપ્પીય સંસ્કૃતિનો સ્થાપત્ય-અવશેષ (ફોટો · ગુજરાત રાજયના પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી)

કચ્છ અને ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રનાં વિશાળ વિસ્તારમાં હરપ્પીય સભ્યતાનાં અનેક સ્થળો આવેલાં છે. લગભગ ૪૦૦ જેટલાં સ્થળો સમસ્ત ગુજરાતમાં આવેલાં હોવાનું નોંધાયું છે, જેમાંથી ૩૦૦ જેટલાં સ્થળો ફક્ત સૌરાષ્ટ્રમાં આવેલાં છે. આ સંદર્ભમાં એક નોંધપાત્ર હકીકત એ છે કે ૩૦૦ જેટલાં સ્થળોમાંથી ફક્ત ૨૦ થી ૨૫ જેટલા ટિંબાઓ અકબંધ રહેવા પામ્યા છે, બાકીના સંપૂર્ણરીતે નષ્ટ થયા છે કે ખેતી વગેરે જેવી પ્રવૃત્તિથી નુકસાન પહોંચ્યું છે. સિંધુ-હરપ્પીય સંસ્કૃતિ સાથે અનેક પુરાતત્ત્વીય સમસ્યાઓ સંકળાએલી છે, જેનો હલ ચોક્કસ ટિંબાઓના ઉત્ખનનમાં રહેલો છે. ભારતીય પુરાતત્ત્વવિદો હરપ્પીય સભ્યતાના ઐતિહાસિક મૂલ્ય વિશે સંપૂર્ણ રીતે સભાન છે, જે છેલ્લાં દશ વર્ષોમાં કચ્છ-સૌરાષ્ટ્રમાં થયેલાં ઉત્ખનનો પરથી સહેજે જણાય છે. આ ઉત્ખનનોમાં ભાગ લેનાર સંસ્થાઓમાં ભારતીય પુરાતત્ત્વીય સર્વેક્ષણ (A.S.I.), ગુજરાત રાજ્યનું પુરાતત્ત્વખાતું, મ.સા. વિશ્વવિદ્યાલય (વડોદરા), પૂનાસ્થિત ડેક્કન કોલેજનું પુરાતત્ત્વખાતું વગેરે સંસ્થાઓએ હરપ્પીય સંસ્કૃતિ અંગે વિસ્તૃત સંશોધનો અને તલસ્પર્શી અભ્યાસ હાથ ધરી કેટલાંક નવાં પુરાતત્ત્વીય તારણો ઉપર આવી શક્યાં છે તેને મહત્ત્વની સિદ્ધિ ગણી શકાય તેમ છે.

## હરપ્પીય સંસ્કૃતિ વિષે પ્રવર્તમાન અભિગમ ને સમસ્યાઓ

સિંધુ સંસ્કૃતિ વિષે છેલ્લાં સિત્તેર વર્ષોમાં થયેલા સંશોધનના ફલસ્વરૂપ ભારતની પ્રાચીનતમ સભ્યતા વિષે માહિતી ઉપલબ્ધ થઈ છે, પણ સાથે અનેક પ્રશ્નો પણ ઉપસ્થિત થયા છે, જે અંગેનું નિરાકરણ કરવા ભારત, પાકિસ્તાન, અફઘાનિસ્તાન વગેરે દેશોમાં આંતરરાષ્ટ્રિય ધોરણે સંશોધન હાથ ધરાયાં છે.

પ્રથમ સમસ્યા હરપ્પીય સંસ્કૃતિના ઉત્થાન વિશેની છે. મોહે-જો-ડેરો અને હરપ્પાનાં થયેલાં ઉત્ખનનમાંથી મળેલ માહિતીને આધારે જ્હોન માર્શલ, અર્નસ્ટ મેકકે, મોર્ટિમર વ્હીલર જેવા પાશ્ચત્ય વિદ્વાનોએ હરપ્પીય સભ્યતાનાં એક હજાર વર્ષના અસ્તિત્વમાં લગભગ એકજ પ્રકારની રહેણીકરણીવાળી અપ્રગતિશીલ સંસ્કૃતિ હોવાનો અભિપ્રાય રજૂ કરેલો. સિંધુ સભ્યતામાં પ્રાથમિક વિકાસના તબક્કાઓનો સંપૂર્ણ અભાવ જોતાં શહેરી સભ્યતાની ભાવના અને વિચાર અન્ય સ્થળેથી, કદાચ મેસોપોટેમિઆથી, લાવવામાં આવ્યાં હશે તે માન્યાતા એટલે હદ સુધી બલવત્તર બનાવવામાં આવી કે સિંધુ સભ્યતાને કોઈ સ્વતંત્ર વ્યુત્પત્તિ હોઈ જ ન શકે તે નિર્ભેળ સત્ય તરીકે સ્વીકારી લેવામાં આવ્યું. પરિણામે સિંધુ સંસ્કૃતિને તેના મધ્ય એશિયાઈ પરિપ્રેક્ષ્યમાં મૂલવવાની એક પ્રણાલી શરૂ થઈ, જે આજે પણ અસ્તિત્વમાં છે. તેમ છતાં સરાઈખોલા, કોટડીજી (પાકિસ્તાન) તથા બનવાળી અને કાલિબંગા (ભારત)માંથી પ્રાક્હરપ્પીય વસાહતો મળી આવતાં આ બાબત ફેરવિચારણા કરવા કેટલાક વિદ્વાનો પ્રેરાયા, તેમ છતાં સ્પષ્ટ રીતે હરપ્પીય સભ્યતાના વિકાસનો પ્રશ્ન હલ થઈ ન શક્યો; જોકે બલુચિસ્તાનમાં મળી આવેલી મેહરગઢની વસાહત પછી આ અંગેનું ચિત્ર સંપૂર્ણ રીતે બદલાયું છે.

હરપ્પીય સંસ્કૃતિના સમયાંકનના પ્રશ્ને પણ વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે. જ્હોન માર્શલે મોહે-જો-ડેરોના ઉત્ખનન પછી પશ્ચિમ એશિયાઈ પ્રમાણોના આધારે હરપ્પીય સભ્યાતાનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૧૫૦૦ નક્કી કરેલું જે મોર્ટિમર વ્હીલરે ૨૫૦૦-૧૫૦૦નું ગણેલું. ખરેખર આ ફેરફાર અંગે કોઈ સબબ કારણો જોવાં મળતાં નથી, સિવાય કે અક્કડના રાજા સાર્ગોન ઇ.સ. પૂર્વે ૨૩૫૦માં હયાત હતા અને તે સમયે સુમેર અને હરપ્પીય સંસ્કૃતિ

વચ્ચે વ્યાપારી સંબંધો સ્થપાએલા. ઇ.સ. પૂર્વે ૧૫૦૦માં હરપ્પીય સંસ્કૃતિનો અંત કદાચ આર્યોના આક્રમણને કારણે થયેલો હશે તેવું મોર્ટિમર વ્હીલર માને છે. કારણકે વૈદિકકાલનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૧૫૦૦ જેટલું પ્રાચીન હોવાનું વિદ્વાનોએ સ્વીકાર્યું છે. ખરેખર આ અંગે પણ નવાં પ્રમાણોને આધારે ફેરવિચારણા કરવી જરૂરી બની છે.

હરપ્પીય સભ્યાતાને લગતી ત્રીજી અને મહત્ત્વની સમસ્યા તેના અંત વિશેની છે. આપણે ઉપર જોયું તે પ્રમાણે આર્યોના અનાર્યો પર થયેલા આક્રમણને કારણે હરપ્પીય સભ્યતા નાશ પામી હોવાનું મોર્ટિમર વ્હીલર જણાવે છે; પણ તેમણે રજૂ કરેલાં પ્રમાણોથી તેમનાં તારણો સિદ્ધ થતાં નથી. જે કેટલાંક હાડપિંજરો મળી આવેલાં છે તે મોહે-જો-ડેરા સિવાય અન્ય સ્થળોએથી શક્ય પણ નથી અને એ પ્રકારનાં પ્રમાણો પણ ઉપલબ્ધ નથી. જહોન માશર્લે સિંધુ સભ્યતાના અંતમાં કોઈ વિનાશકારી પૂરે ભાગ ભજવ્યા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. એના એ પુરાવારૂપે મોહે-જો વસાહતો કે શહેરમાંથી મળતાં અને લોથલમાંથી મળેલાં પ્રમાણ પણ પ્રલયકારી પૂરના નિર્દેશ કરતાં નથી. કોઈ માહમારીને કારણે સમસ્ત સંસ્કૃતિનો નાશ થયો હોય તે શક્ય નથી. જો કે કેટલાક વિદ્વાનો આ અંગેની શક્યતાઓ તપાસવાનો આગ્રહ રાખે છે. ટૂંકમાં, કોઈ એક કારણને લઈને હરપ્પીય સંસ્કૃતિનો નાશ થયો હોય તે શક્ય નથી. સંસ્કૃતિના પ્રાક્હરપ્પીયકાળ, પરિપક્વકાળ અને અનુ-હરપ્પીયકાળના તબક્કા પરથી જણાય છે કે આ સંસ્કૃતિ પણ વિશ્વની અન્ય સભ્યતાઓ કે સંસ્કૃતિની જેમ જ કાળક્રમે અસ્ત પામી. તેમની પડતી પાછળનાં કારણોમાં ભૌગોલિક કે પર્યાવરણીય કારણો પણ જવાબદાર હોઈ શકે. આ અંગે વધુ સંશોધન વિદ્વાનો દ્વારા થઈ રહ્યાં છે.

## સૌરાષ્ટ્રમાં ઉત્ખનનો

સૌરાષ્ટ્રમાં અનેક ઉત્ખનનો હાથ ધરાયેલાં છે અને કેટલાંક હાલમાં ધરાયાં છે, જેનો આશય ઉપરોક્ત પ્રશ્નનો હલ શોધવાનો છે. સૌરાષ્ટ્ર ભૌગોલિક દૃષ્ટિએ અનેક વિશિષ્ટતાઓથી સભર પ્રદેશ છે. વિશાળ સાગરતટ ઉપરાંત કાંઠા અને મધ્ય સૌરાષ્ટ્રની જમીન અત્યંત ફળદ્રુપ છે. પર્યાવરણીય દૃષ્ટિએ એનું સંતુલન ઉત્તમ છે. પરિણામે સૌરાષ્ટ્ર પ્રાગૈતિહાસિક કાળથીજ મનુષ્યનું વસવાટનું મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. હરપ્પાકાલ દરમ્યાન તેના વિવિધ તબક્કાઓની અનેક વસાહતો સૌરાષ્ટ્રમાંથી મળી આવેલી છે. સિંધથી કયા સંજોગોમાં હરપ્પીય લોકો સ્થળાંતર કરી કચ્છ-સૌરાષ્ટ્રમાં આવ્યા તે પ્રશ્ન સંશોધનના કેન્દ્રસ્થાને છે. સાથે પરિપકવકાળ દરમ્યાન હરપ્પીય વસવાટ દરમિયાન કાંઠા પર પણ તેઓ કેન્દ્રિત થયેલાં જોવા મળે છે. જ્યારે અનુહરપ્પાકાળમાં વસાહતોની સંખ્યા અનેક ગણી વધુ છે અને સૌરાષ્ટ્રના અંદરના ભાગમાં પણ તે વસાહતો પથરાયેલી છે. વસાહતોની આ ભૌગોલિક સ્થિતિને હરપ્પીય અર્થતંત્ર જોડે ઘનિષ્ટ સંબંધ હશે તેવી પરિકલ્પના - hypothesis - બાંધવા પુરાતત્ત્વવિદો પ્રેરાયા છે. પરિપકવકાળમાં હરપ્પીય આર્થિક સધ્ધરતાનું કારણ તેનો આંતરરાષ્ટ્રિય વ્યાપાર હશે ને તે પડતા અને સિંધ સાથેનો સંપર્ક કોઈ પણ કારણોને લઈને તૂટી જતાં હરપ્પીય લોકો ખેતીપ્રધાન જીવનનિર્વાહ તરફ વધુ ઢળેલા જોવા મળે છે. વધતી વસ્તીને કારણે વસાહતોની સંખ્યામાં પણ અનેકગણો વધારો થયેલો જોવા છે. પરિપક્વકાળમાં મૂળ ૨૫ વસાહતો હતી, જે અનુહરપ્પાકાળમાં વધીને ૨૦૦ ઉપરાંતની સંખ્યાને આંબી ગયેલી. વસ્તીવધારાની જરૂરિયાતોને પહોંચી વળવા તે લોકોએ ઘઉં ઉપરાંત બાજરાની ખેતી પણ શરૂ કરેલી, જેનાં પ્રમાણ રંગપુરમાંથી મળેલાં છે. મહત્ત્વનાં હરપ્પીય ઉત્ખનનો નીચે પ્રમાણ છે.

## કુંતાસી

રાજકોટ જિલ્લાના મોરબી તાલુકાના કુંતાસી પાસેના બીબી આઈના ટિંબા નામની હરપ્પીય વસાહત પર ૧૯૮૭-૯૦ એમ ત્રણ વર્ષ ખોદકામ કરવામાં આવ્યું. આજે આ ટિંબો કચ્છના અખાતથી ૭ મીટરના અંતરે આવેલો છે. ટિંબાને ફરતે ભાંભરાં પાણી ફુલકુ નદીમાં ફક્ત ચોમાસા દરમ્યાન જ વહે છે. ટિંબાનું ક્ષેત્રફળ એકાદ હેક્ટર જેટલું છે અને ઊંચાઈ લગભગ ૪ મીટર છે. ટિંબાના પશ્ચિમ ભાગમાંથી વહાણ લાંગરવાનો પ્લેટફોર્મ (૧૩x૩ મીટર), કેટલાંક માલ સંઘરવાનાં ગોદામો, નાનાં કારખાનાં વગેરે મળી આવ્યાં છે. આ કારખાનાંમાં અકીક સહિતના પથ્થરોના મણકા બનાવવાનો ઉદ્યોગ વિકસિત હતો, અને આ મણકાઓ સંભવતઃ મધ્ય-પૂર્વેના દેશોને નિકાસ કરવામાં આવતા. લાપિસ લાઝુલી નામનો પથ્થર ફક્ત અફઘાનિસ્તાનમાં થાય છે, જેના મણકા કુંતાસીમાંથી મળેલા છે. આ મણકાની માંગ મધ્યપૂર્વમાં વિશેષ હતી. કુંતાસીમાં વસાહતના બે સ્તરો મળેલા છે. પ્રથમ સ્તર પરિપકવકાળને મળતી બંદરીય વસાહત હતી, જેના અસ્તિત્વ દરમ્યાન વહાણ લાંગરવાના કુરચા સહિતના સંકુલનું આયોજન થયેલું છે. આ તબક્કાનું સમયાંકન આશરે ઇ.સ. પૂર્વે ૨૨૦૦-૧૮૦૦ સુધીનું ગણી શકાય. દ્વિતીય તબક્કામાં અનુહરપ્પાકાલની વસાહતનો સમાવેશ થાય છે, જે દરમ્યાન કુંતાસીમાં વેપાર પડી ભાંગ્યો હતો.

આજે કુંતાસી કચ્છના અખાતથી ૭ કિ.મી.ના અંતરે આવેલું છે. પણ ભૂસ્તરીય પરીક્ષણ દ્વારા જે પ્રમાણો પ્રાપ્ત થયાં છે તે કુંતાસી એક બંદર હતું અને દરિયાનાં પાણીની સપાટી આજે છે તેના કરતાં ઊંચી હતી તેવો નિર્દેશ કરે છે.

## રોઝડી

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના શ્રીનાથગઢ પાસેના રોઝડીના ટિંબાનું ખોદકામ થોડાં વર્ષ અગાઉ હાથ ધરાયું હતું. રોઝડીનો ટિંબો ભાદર નદીના કાંઠે આવેલો છે. લગભગ ૨૫૦ મીટર લાંબા અને ૧૫૦ મીટર પહોળા આ ટિંબા પર સમયાંતરે ત્રણ વખત ઉત્ખનન થયેલાં છે. રોઝડીની હરપ્પીય વસાહત બે ભાગમાં વહેંચાએલી છે. ઉત્તર બાજુનો ટિંબો ૩ મીટરની ઊંચાઈ ધરાવે છે, જ્યારે દક્ષિણ બાજુના ટિંબાની ઊંચાઈ દોઢ મીટર જેટલી છે.

ઉત્ખનન દ્વારા પ્રાપ્ત અવશેષો પરથી રોઝડીની હરપ્પીયકાલીન વસાહત બે પ્રમુખ તબક્કાઓમાં મળી આવી છે. પ્રથમ તબક્કો પરિવકવકાલીન વસાહતોનો છે, જ્યારે દ્વિતીય તબક્કો અનુહરપ્પાકાલીન છે. આ બન્ને ગાળાનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૫૦૦-૧૫૦૦ સુધી જેટલું થવા જાય છે. ગુજરાતમાં હરપ્પાકાલનાં સ્થળોના સમયાંકનમાં આ વહેલામાં વહેલું સમયાંકન હોવાનું જણાય છે. રોઝડીના લોકો મુખ્યત્વે ખેતીપ્રધાન હોવાનું

જણાયું છે. ભાદરકાંઠાની કાળી માટીની ફળદ્રુપતા આ વસાહતીઓ માટે આકર્ષણ રહ્યું હશે. ખેતી ઉપરાંત પશુપાલનનો પણ ઠીકઠીક વિકાસ થયેલો જોવા મળે છે. ઘઉં-બાજરાનાં પ્રમાણો ઉપલબ્ધ નથી, પણ મગ, જુવાર અને સંભવિત જીવનાં પ્રમાણ મળી આવેલાં છે. રોઝડીની વસાહત આ વિસ્તારની પ્રમુખ વસાહત છે, જે આજુબાજુની બીજી પેટાવસાહતો માટેનું આર્થિક કેન્દ્ર હશે તેવું જણાય છે.

ઉપરોક્ત ઉત્ખનનો ઉપરાંત નગવાડા(સુરેન્દ્રનગર જિલ્લો), ચીરોડા બાબરકોટ (ભાવનગર જિલ્લો), સોમનાથ અને નાગેશ્વર (જૂનાગઢ જિલ્લો) એ અન્ય મહત્ત્વની હરપ્પીય વસાહતો છે, જેના પર ઉત્ખનનો થયેલાં છે. નગવાડા પરિપક્વ હરપ્પાકાળનું કદમાં નાનું સ્થળ છે. કદાચ હરપ્પીય કાળમાં પણ અહીં લોકો સ્થાયી થયેલાં તેવાં પ્રાથમિક પ્રમાણો મેળલાં છે. અકીકના મણકા બનાવવાનું તે મહત્ત્વનું સ્થળ હશે તેવું જણાય છે. ચીરોડા હરપ્પીયકાળ પછીની પણ સંલગ્ન સંસ્કૃતિની વસાહત છે, જેનો ઉપયોગ આંશિક રીતે ઢોર-ઢાંખર ઉછેરવામાં કરવામાં આવતો હશે તેવું જણાય છે. આ વસાહતમાંથી મકાનબાંધણીનાં કોઈ પ્રમાણો ઉપલબ્ધ નથી. લોકો વર્ષના અમુક સમયે જ આનો ઉપયોગ કરતાં હોઈ, સ્થાયી પ્રકારનું બાંધકામ થયેલું નથી તે સ્વાભાવિક છે.

બાબરકોટની વસાહત અનુહરપ્પાકાલીન છે. વસાહત પર પ્રાયોગિક ધોરણે ઉત્ખનન થયેલું છે. અનુહરપ્પાકાલીન વસાહતો આસપાસ સામાન્યત: કોટની બાંધણી જોવા મળતી નથી, પણ બાબકોટ ફરતે મજબૂત કિલ્લેબંધી જોવા મળી છે અને વસાહતમાં દાખલ થવા વ્યવસ્થિત રીતે બંધાયેલાં પ્રવેશદ્વાર છે. મળી આવેલા અવશેષો સામાન્ય પ્રકારના છે, જેમાં માટીનાં વાસણો પ્રમુખ છે. હજુ વધુ ઉત્ખનન થતાં આ વસાહત પર વધુ પ્રકાશ ફેંકાવાનું શક્ય બનશે. કિરણોત્સર્ગ પદ્ધતિના આધારે આનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૧૮૦૦ જેટલું નક્કી થયું છે.

સોમનાથનું ઉત્ખનન આજથી પંદર વર્ષ અગાઉ પૂનાની ડેકકન કોલેજ દ્વારા હાથ ધરાયેલું છે. આ વસાહતમાંથી સંભવત: પ્રાક્‌હરપ્પીયથી પ્રાગૈતિહાસિક સંસ્કૃતિઓના તબક્કાઓ મળી આવેલા છે. આ વસાહતની વિશિષ્ટતા તેની આગવી સંસ્કૃતિ છે, જેને કારણે 'પ્રભાસ સંસ્કૃતિ' એવું નામ તેને અપાયું છે. આ સંસ્કૃતિમાં અનુહરપ્પીય સંસ્કૃતિની છાંટ સ્પષ્ટ રીતે વર્તાય છે; છતાં તે એક સ્વતંત્ર સંસ્કૃતિનો વિકાસ સૂચવે છે, જે સૌરાષ્ટ્રની તે સમયની ગ્રામીણ સંસ્કૃતિ હશે. સોમનાથનું સમયાંકન ઇ.સ. પૂર્વે ૨૮૦૦ વર્ષ જેટલું ગણવામાં આવે છે, પણ તે સ્વીકાર્ય નથી કારણ કે કિરણોત્સર્ગ પદ્ધતિમાં અમુક ખામીને લઈને આટલી વહેલી તારીખો આવી હોવાનું મનાય છે.

નાગેશ્વરની વસાહત પરિપક્વકાલીન હરપ્પીય વસાહત છે, જેના પર મ.સ. વિશ્વવિદ્યાલયે (વડોદરા) ઉત્ખનન હાથ ધરેલું. વસાહતમાંથી પ્રાપ્ત માટીનાં વાસણોમાં વાટકા, થાળીઓ, રકાબીઓ, સ્ટેન્ડ સાથેની ડિશો વગેરે મળી આવ્યાં છે. નાગેશ્વરની વસાહત શંખના મણકા, બંગડીઓ અને અન્ય વસ્તુઓ બનાવવાનું ઉત્પાદન-કેન્દ્ર હશે તેવું જણાય છે. વસાહત દરિયા સમીપ આવેલી હોઈ શંખ, છીપલાં વગેરે કાચી સામગ્રી સહેલાઈથી ઉપલબ્ધ થઈ શકે તેમ છે. કદાચ આ વસાહત પર હજુ વધુ ઉત્ખનન હાથ ધરવું જરૂરી છે. □

## ઇતિહાસધારા

ભારતમાં એક કાળનાં અનેક રાજ્યોના અનેક રાજવીઓમાં મ્હૈસુરના વાઘ તરીકે ખ્યાત ટીપુ સુલતાન જ પહેલો રાજવી હતો જેણે આ દેશમાંથી અંગ્રેજોની જડ ઉખેડી ફેંકવા ફ્રાન્સના મહાન સમ્રાટ નેપોલિયન સાથે મૈત્રી બાંધેલી. ખંધા અંગ્રેજોએ નેપોલિયનને ગમે તે પ્રકારે હરાવી, સેન્ટ હેલીનાની એકાંત કેદમાં ધકેલી, ધીમા વિષપ્રયોગથી એનો અંત આણ્યો; જ્યારે ટીપુ સુલતાનને યુદ્ધમાં દગાથી હણીને તેનો અંત આણી દીધો.

શ્રીરંગપટ્ટમ્‌ના દિલ્હી દરવાજે યુદ્ધમાં ઘાયલ થઈને પડેલો ટીપુ સુલતાન એક દગાબાજ અંગ્રેજના હાથે હણાયો એ ઇ. ૧૭૯૯ના મેની ૪થીનો દિવસ આ દેશ માટે જેટલો દુર્ભાગી નીવડ્યો એટલો જ અંગ્રેજો માટે ભાગ્યશાળી નીવડ્યો. ટીપુના નામમાત્રથી ભડકી ઊઠતા અંગ્રેજોએ એના મૃત્યુ પછી ફરી એવી ભડક અનુભવવી ન પડે એટલા માટે તેના બારેબાર પુત્રોને, જમાઈઓને તેમજ અન્ય સંબંધીઓને વેલોરના કિલ્લામાં અટકાયત હેઠળ મૂકી દીધા.

પરંતુ તેમને આ રીતે દક્ષિણમાં રાખવામાં પણ ત્યારની કંપની સરકારને જોખમ લાગ્યું. એટલે ૧૮૦૬માં આ તમામ અટકાયતીઓને તેણે તેમના માલસામાન સાથે ૧૨ વહાણો ભરીને કલકત્તા મોકલી આપ્યા, જ્યાં તેમને ટાલીગંજ મુકામે વસાવવામાં આવ્યા. બહારના કોઈ સાથે કશો સંબંધ ન રાખી શકે તે માટે તેમના પર પૂરો જાપતો રાખવામાં આવ્યો.

ટીપુના તમામ શાહજાદાઓમાં શાહજાદો ગુલામમોહમ્મદ સૌથી વધુ પ્રતિભાશાળી અને સૌથી વધારે ઉદાર હતો. ગરીબગુરબાંને તે છૂટથી દાન આપતો. શિક્ષણમાં એનો રસ અને એ ક્ષેત્રે તેના પ્રદાનથી પ્રભાવિત થઈને તો ખુદ વાઈસરૉય લૉર્ડ કૅનિંગે કલકત્તા યુનિવર્સિટીની સેનેટમાં તેનું નામ મૂકેલું.

દક્ષિણથી માંડી મધ્ય કલકત્તા સુધી આ શાહજાદાએ મોટી સ્થાવર મિલકત ઊભી કરેલી, જેનું ઇ. ૧૮૭૨માં તેણે ઊભું કરેલું ટ્રસ્ટ દુનિયાભરનાં મોટામાં મોટાં મુસ્લિમ ટ્રસ્ટોમાંનું એક ગણાય છે. પરંતુ એ દિલેર શાહજાદાના અવસાન પછી ટીપુના વંશવારસો વચ્ચે મિલકતની બાબતમાં ઝઘડા પડતાં મામલો હાઈકોર્ટે પહોંચ્યો. કલકત્તા હાઈકોર્ટના જસ્ટીસ અમીરઅલીએ આ પરથી ટ્રસ્ટના વહીવટ માટે એક કમિટી નીમી. પાંચ જણાની એ કમિટી પરનો એક સભ્ય પ્રિન્સ ગુલામમોહમ્મદનો વંશજ પ્રિન્સ હૈદરઅલી હતો, જે થોડાં જ વર્ષો પર કલકત્તામાં 'છોટી હવેલી' તરીકે ઓળખાતા પોતાના નિવાસસ્થાનમાં મૃત્યુ પામ્યો. હવેલીનો કદી જીર્ણોદ્ધાર થયેલો ન હોઈ દેખાવમાં ખંડિયેર જેવી લાગે, છતાં કલકત્તાના લોકો આજેય તેને 'નવાબસાહેબની છોટી હવેલી' તરીકે ઓળખે છે.

પ્રિન્સ ગુલામમોહમ્મદે ઊભા કરેલા ટ્રસ્ટમાંથી તેના વંશજ તરીકે પ્રિન્સ હૈદરઅલીને મહિને ૧૨૦૦ રૂપિયા મળતા, પરંતુ પેઢીઉતાર ચાલ્યાં આવતાં અન્ય સગાંસંબંધીઓનું શું? ટાલીગંજની ઝૂંપડપટ્ટીમાં તપાસ કરશો તો કોઈ રિક્ષા ચલાવતો તો કોઈ ફેરી કરતો મળી આવશે. ટીપુ સુલતાનના સીધા જ વંશજો આજે બે છે : ટીપુની દસમી પેઢીનો મુનીરુદ્દીન અને અગિયારમી પેઢીનો ગુલામમોહમ્મદ, જે બંને પરચુરણ માલની હાટડીઓ દ્વારા પોતાનું પેટિયું કાઢતા રહ્યા છે.

**અશોક હર્ષ**

# મોનરિઆલે, ત્રાપાનિ અને સેફાલુ

પ્રીતિ સેનગુપ્તા

પાલેર્મોથી વીસેક કિ.મી. બહાર-પણ જાણે શહેર પૂરું થયેલું જ ના લાગે - બીજા એક, માઉન્ટ કાપુતો નામના પર્વત ઉપર મોનરિઆલે (Monrealc) ગામ છે. એની ખ્યાતિ ૧૨મી સદીમાં બંધાયેલા કૅથિડ્રલ અને 'ક્લોઈસ્ટર' કહેવાતા નિવાસ-વિભાગ પર નિર્ભર છે. આ બંને ઇમારતો સ્થાપત્ય, શિલ્પ, ભિત્તિચિત્રો અને સૌથી વિશેષ તો કપચીના કામ (મોઝેઈક)ની દૃષ્ટિએ અદ્‌ભુત અને અસાધારણ સુંદર છે. આ બધાંનાં પરિસંકલ્પ અને સિદ્ધિ, અંકન અને અનુષ્ઠાન વિસ્મિત કરે તેટલાં ઉદાત્ત છે. બહારથી પીળચટ્ટી ઈંટો અને લાલ નળિયાંનાં છાપરાંના આવિર્ભાવવાળી, પરસ્પર બદ્ધ આ ધર્મભોગ્ય, પ્રવાસયોગ્ય ઉપસ્થિતિ-દ્વય અંદર જોતાં અદ્વિતીય કળા-સંચય પ્રદર્શિત કરે છે.


૧૦૨ મીટર લાંબું અને ૪૦ મીટર પહોળું આ મહાદેવાલય દૈદીપ્યમાન છે. સંગેમરમરના સ્તંભ અને ફર્શ પરથી ફરીને ઉપર ને આસપાસ જતી દૃષ્ટિ વ્યાકુળ થઈ જાય છે. અપરંપાર કળા, અને સર્વત્ર અખંડ સૌંદર્ય. ક્યાં જોવું? કેટલું જોવું? જોઈએ જોઈએ ને ભૂલીએ. મનમાં આનંદ અને આશ્ચર્ય ઊભરાય છે. સોનેરી ઝાંયથી આ વિશાળ અંતર્ભાગ ઝળાહળા છે. આ દીવાલો પર, કમાનોથી છત સુધી કપચીથી નિર્માણ કરેલાં, ખ્રિસ્તી ધર્મકથાઓ અને ઈશુના જીવન પર આધારિત અપૂર્વ ચિત્રો છે. આ મોઝેઈકસમાં ૧૩૦ મોટી ચિત્રકથાઓ છે, પણ સંતો, દેવદૂતો ચક્રાકૃતિઓ અને શોભાંકનો તો અગણ્ય છે. એક ઈંચની પણ જગ્યા એવી નથી કે જ્યાં આ મોઝેઈકનું કામ ના હોય. આ સુવર્ણમય સંસ્થિતિમાં જ જાણે પ્રકાશ જન્મ્યો, કે કેદ થયો, કે મુક્ત રીતે રાજ્ય કરે છે. આ પીતોજજવળ આલોકમાં સંતોનાં અંકન સુગભીર અને પૂજનીય લાગે છે, અને શ્રદ્ધાળુનાં નેત્ર-હૃદયમાં અનન્ય ધર્મ-મહિમ્ન પ્રસ્થાપિત કરે છે. નાનીનાની કપચીઓથી રંગ અને વર્ણ એવી યથાર્થતાથી ઉપસાવ્યા છે કે દરેક પ્રસંગ, દરેક ભાવ તાદૃશ બને છે. જાણે ચિત્રો નહીં, પણ કાવ્યો રચાયાં છે - એવી મંત્રમુગ્ધતા અનુભવાય છે.


આ બધું જોયા પછી પણ શ્રેષ્ઠ તો છે મુખ્ય વેદીની ઉપરની ગોળાકાર દીવાલમાં કંડારાયેલા, મહા-પરિમાણ-યુક્ત ઈશુ. મુખ ત્રણ મીટર લાંબું છે, વચલી આંગળી એક મીટર છે. આંખ, નાક, હોઠ વગેરે આ બધાં માપ ૧૯૭૮માં લેવાયેલાં. આ સ્વરૂપમાં ઈશુ મોક્ષદાતા, મુક્તિદાતા (The Redeemer) તરીકે સંબોધાય છે. ડાબા હાથમાં ગ્રીક અને લેટિન અક્ષરોવાળું ખુલ્લું પુસ્તક છે. એમાં વાંચી શકાય છે કે 'હું વિશ્વનો પ્રકાશ છું, જે મને ભજશે તે ક્યારેય અંધકારમાં નહીં ચાલે.' આ શબ્દોથી એમના દેવત્વનું પ્રમાણીકરણ થાય છે. જમણો હાથ આશીર્વાદની મુદ્રામાં છે. માથાની ઉપર, બે બાજુ, ગ્રીક અક્ષરોમાં 'ઈશુ ખ્રિસ્ત-સર્વશક્તિમાન પરમેશ્વર' એવા શબ્દો અંકિત કરેલા છે. શ્રદ્ધા અને સૌંદર્યની દૃષ્ટિએ આ ભિત્તિ-કૃતિ વિશ્વવિખ્યાત બની છે.

કૅથિડ્રલ અને ક્લોઈસ્ટર બાંધવા માટે મુસ્લિમ સ્થપતિઓ નીમવામાં આવેલા. તેથી આ ખ્રિસ્તી ધર્મભવનો હોવા છતાં એમનાંમાં આરબ અસર દેખાતી રહે છે. ક્લોઈસ્ટર એટલે મુખ્યત્વે એક ખુલ્લી જગ્યા, જેની ચારેપાસ કમાનવાળા થાંભલાઓની રચના હોય છે. અહીં આ જગ્યા ૪૭ ચોરસ-મીટરની છે. ૨૨૮ સ્તંભોને કમાનો સળંગ જોડી રહી છે. આ સ્તંભશ્રેણી પણ કપચીકામથી જડેલી છે. જોકે ઘણા પરથી કપચીઓ નીકળી ગઈ છે. કાચના ટુકડાઓના આ જડતરમાં અરબી ડિઝાઈનનો ઉપયોગ થયો છે. દરેક સ્તંભની ટોચ પર, કમાન શરૂ થતાં પહેલાંના ભાગમાં ઈશુ-માતા; આ ઈમારતો બંધાવનાર રાજા વિલિયમ દ્વિતીય, યોદ્ધાઓ, પશુ-પંખી, ફૂલ-ફળ વગેરેનાં શિલ્પ છે.

ખ્રિસ્તી અને અરબી કળા-કલ્પનનો આ સહજ સમન્વય અસામાન્ય અને અતિરુચિર લાગે છે. કયા યુગમાં, કયા પ્રદેશમાં છીએ તે જાણે ભૂલી

(નીચે) મોનરિઆલેનું મહાદેવળ
(જમણી બાજુ) મોનરિઆલેનું કોતરણીયુક્ત 'ક્લોઈસ્ટર'





જઈએ છીએ. આટલે દૂર સુધી કરેલા પ્રવાસની અહીં ફળશ્રુતિ મળી હોય એમ માનવા પ્રેરાઉં છું.

એક સવારે પાલેર્મોથી ટ્રેનમાં સિસિલીના છેક છેડે 'ત્રાપાનિ' (બોલતાં ભાર પહેલાં અક્ષર પર) સુધી ગઈ. ટ્રેન સાવ ધીમી, અને લોકલ હતી. મોડી પણ થયેલી જ. દૃશ્યાવલિમાં એ જ સૂકો રંગ હતો. થોડી ટેકરીઓ, થોડાં સરુનાં ઝાડ, ક્યાંક દ્રાક્ષ કે ઓલિવનાં વાવેતર. અચાનક સૂકા ઢોળાવો પર ઘેરો, તાજો પીળો રંગ દેખાયો. જોયું તો એ બધી લાંબી, લંબગોળ, શીશા જેવી દૂધી હતી. ના કોઈ પાન કે ના કોઈ વેલા - ફક્ત આ સૂર્યમુખીના રંગના આકાર. ને બસ, દૃષ્ટિગોચર નિકટવર્તી પ્રદેશના સ્વરૂપમાં એટલો રમ્ય, રંગીન નિખાર આવી ગયો.

ત્રાપાનિ નાનું, સાધારણ શહેર છે, પણ અગત્યનું બારું છે. છેક અહીં સુધી ધક્કો ખાધેલો, કારણ કે મનમાં એક લાગણીવશ ઇચ્છા હતી કે એવા બારા પર જઈ, કિનારે ઊભી ઊભી ટ્યુનિશિયાની દિશામાં જોઉં. પણ બારું તો ઘણુ દૂર હતું. ચાલવા તો માંડ્યું, પણ પહોંચાય તેમ લાગ્યું નહીં. ક્યાંક ઊભાં રહીને દૂરની એ આગબોટો તરફ, ટ્યુનિશિયાની દિશામાં નજર કરી ખરી. ત્યારે ક્યાં ખબર હતી કે થોડા જ મહિનામાં ખરેખર ટ્યુનિશિયા જઈ જ આવીશ, ને એ ભૌગોલિક સંધાન દ્વારા આ પ્રવાસગાથાનું સૂત્ર બાંધીશ!


ફરતી ફરતી બીજી તરફ દરિયાકિનારે ગઈ. આ તો તાઈરેનિયન સમુદ્ર. તે ભલે, કારણકે જરા ડાબે વળો ને તરત આવી જાય ભૂમધ્ય સમુદ્ર. પાણી-પાણીની વચમાં સરહદ ક્યાં શોધવાની?

અહીં પાણીનો નીલ રંગ ખૂબ સરસ હતો. કિનારાના પાષાણો પર મોજાં અફળાતાં હતાં. જગ્યા સારી હતી. પણ નવા બાંધેલા એ રસ્તા પર એકકે ય ઝાડ નહીં, સહેજે છાંયો નહીં. પાછો સિસિલીનો દક્ષિણાત્ય સૂર્ય. એની ઉગ્રતા અને ઉજજવળતા સહેવાય તેવી નહોતી.

પાછાં જતાં મેં સેફાલુ ગામ સુધી જવાનો વિચાર કર્યો. થયું, એના દરિયાકિનારે ચાલુ. પણ આ નિરાંતવાળા પ્રદેશની ટ્રેનો કેવી હોય? બધી ધીરી ને આળસુ જેવી. કિનારે થઈને જતો એનો રસ્તો નયનાભિરામ હતો. છેક ધારે, ખડકાળ કાંઠા પરથી ટ્રેન જતી, પણ ગામો આવતાં દૂર જતી રહેતી. ત્યાંને કિનારે તો હોટેલો ને ખાણીપીણીની જગ્યાઓ બંધાઈ ગઈ છે.

અજવાળું ના હોય તો દરિયાકિનારે જવાનું કારણ નહોતું. મનોમન નક્કી કર્યું કે નહીં જવાય તો પરવા નહીં, હતાશ નહીં થાઉં. ત્યાં સામે બેઠેલા ઇટાલિયન પુરુષે વાત શરૂ કરેલી. એણે દસ વર્ષ અમેરિકામાં રહીને નોકરી કરેલી. હવે પાછો ઘરે આવી ગયો છે. સવારસાંજ એકએક કલાક ટ્રેનમાં ગાળીને નોકરી કરવા જાય છે. પણ સ્વદેશમાં ખૂબ સુખ અનુભવે છે. એ સાન્તો સ્તેફાનો ગામમાં રહેતો હતો, જે એની મૃત્તિકાકળા માટે જાણીતું છે. એણે મને કહ્યું કે એ મને ત્યાં લઈ જશે, દુકાનો પાસે ઉતારી દેશે, ને પાછાં પાલેર્મો જવા માટે સ્ટેશનનો રસ્તો બતાવી દેશે. આ તો અપ્રત્યાશિત લાભ.

સેફાલુથી વીસ કિ.મી. પછીનું આ એક પર્વતીય ગામ હતું. અંધારામાં એનું રૂપ બહુ દેખાયું નહીં. દુકાનો બંધ થવા માંડેલી. પણ વસ્તુઓ ખૂબ આકર્ષક હતી. મારે તો ખૂબ ફરવાનું હતું હજી. ભારે વસ્તુઓ લેવી કઈ રીતે? આજુબાજુ દીવાલો, થાંભલાઓ અને કળાત્મક વસ્તુઓ પર ઇસ્લામી શૈલીની ડિઝાઈન હતી. મને તો આકારો ને આલેખનો ખૂબ જ ગમે છે. આ કળા-દર્શન પણ અગત્યનું હતું, કારણ કે આ પણ બે જુદી સંસ્કૃતિઓ, બે જુદા પ્રદેશો વચ્ચેના ઐતિહાસિક સૂત્રના સાતત્યની સાક્ષી હતી. (ક્રમશઃ)



મોનરિઆલેના કેથિડ્રલમાં સોનેરી અને બીજા રંગોની કપચીઓથી ઘુમ્મટની છત પર ઉપસાવેલા ઈશુના વિખ્યાત ભીંત-ચિત્રની જેમ સેફાલુ ગામના કેથિડ્રલમાંનું ઈશુનું આ મોઝેઈક (mosaic) પણ સંપૂર્ણપણે જાજવલ્યમાન છે. બાઈઝેન્ટિન કળા-શૈલી અને કળા-કૌશલ્યનું આ ઉત્તમ ઉદાહરણ ગણાય છે. ઈશુનું આ નિરૂપણ ક્રિશ્ચિયન આર્ટનું કદાચ મહત્તમ પ્રદાન છે.

# જૉન્સન અને ગોલ્ડસ્મિથ

ડૉ. મધુસૂદન પારેખ

## સેમ્યુઅલ જૉન્સન


અઢારમી સદીના કેટલાક વિશિષ્ટ કવિઓના વૃંદમાં ડૉ. સેમ્યુઅલ જૉન્સન (Samuel Johnson - ૧૭૦૯ થી ૧૭૮૪) અને ઑલિવર ગોલ્ડસ્મિથ (Oliver Goldsmith - ૧૭૩૦ થી ૧૭૭૪) પોતાની અનોખી કટાક્ષકલાથી, નૈતિકતાના પુરસ્કારને કારણે તેમજ વર્ણન અને ચિંતનાત્મકતાને લીધે તત્કાલીન કવિઓમાં નવી ભાત પાડે છે.

જૉન્સને નૈતિકબોધના ખાસ પ્રયોજન માટે ડ્રાયડન વગેરે કવિઓએ અપનાવેલી 'હિરોઈક કપ્લેટ'ને અનોખી રીતે પ્રયોજીને પદ્યને એક નવો જ ઘાટ આપ્યો- એક નવું સામર્થ્ય, નવી સમતુલા એ પદ્યસ્વરૂપમાં જોવા મળી.

જૉન્સનની લેખક તરીકે બહુમુખી પ્રતિભા હતી. એની 'ડિક્શનરી' તો પ્રસિદ્ધ છે જ; 'રૅસિલેસ' (Rasselas - ૧૭૫૯) જેવી નવલકથા પણ લખી છે. અને બોઝવેલે એનું ચરિત્ર લખીને એને અંગ્રેજી સાહિત્યમાં અમર કરી દીધો છે.

અંગ્રેજી કવિતા-સાહિત્યમાં જૉન્સને વિવિધ વિષયો પર નાનીમોટી કૃતિઓ રચી છે. તેમાં 'લંડન' (London - ૧૭૩૯) અને 'ધ વૅનિટી ઑફ હ્યુમન વિશીઝ' (The Vanity of Human Wishes - ૧૭૪૯) ધ્યાનપાત્ર છે.

જૉન્સનની ઉપર્યુક્ત બે કટાક્ષકૃતિઓ અઢારમી સદીની કવિતામાં એક નવી પગદંડી પર પ્રયાણ કરે છે. એ રીતે તેની મહત્તા છે; બાકી જૉન્સન કવિ તરીકે વાચક-વિવેચકોની ઠીક ઠીક ઉપેક્ષા પામ્યો છે. એક તો ડ્રાયડન અને પોપ જેવા ધુરંધર કવિઓની વચમાં તે ઢંકાઈ ગયો છે; તદુપરાંત ગદ્યલેખક તરીકેના તેના પ્રકાશમાં તેની કાવ્યકૃતિઓ તરફ વિવેચકોનું જોઈએ તેટલું ધ્યાન ખેંચાયું લાગતું નથી. અલબત્ત, એ મોટા ગજાનો કવિ નથી, તેમ છતાં ઉપર્યુક્ત બે કૃતિઓમાં અંગ્રેજી કવિતા-સાહિત્યની એક નવી શોભા અવશ્ય પ્રકટ થાય છે.



અંગ્રેજી કટાક્ષ-કૃતિઓમાં ઘણીવાર રોમના બે સમર્થ કટાક્ષકાર હોરેસ (Horace) અને જુવેનલ (Juvenal)ના કટાક્ષોનું અનુકરણ દેખાય છે. કવિ પોપે એની કટાક્ષકૃતિ માટે હોરેસના કટાક્ષને લક્ષમાં લીધા છે. જૉન્સને 'લંડન'માં જુવેનલના ત્રીજા કટાક્ષને સેવ્યો છે. અલબત્ત, એ વિષયબીજની બાબતમાં જુવેનલથી જુદો ફંટાય છે. 'લંડન' કાવ્યમાં એનું મુખ્ય પ્રયોજન નગરજીવન અને ગ્રામજીવનની વચ્ચેનાં વૈષમ્ય પ્રકટ કરવાનું અને ગરીબાઈનાં દુઃખો વર્ણવવાનું છે. 'લંડન' કાવ્ય એની સમર્થ કહી શકાય તેવી કૃતિ નથી. એ કૃતિની તુલનામાં 'ધ વૅનિટી ઑફ હ્યુમન વિશીઝ' વિશેષ ગુણવત્તા દાખવે છે. તેમ છતાં 'હિરોઈક કપ્લેટ'ને તેણે જે નવો ઘાટ, નવું પરિમાણ આપ્યું અને નૈતિકબોધનાં વર્ણનો કરતી કૃતિઓમાં આગવી છટા પ્રકટાવી તે નોંધપાત્ર બાબત છે. પોતાના વિચારને કાવ્યપંક્તિઓમાં પૂરી ક્ષમતાથી રજૂ કરવાનું તેનું કૌશલ પ્રશસ્ય છે. લંડન શહેરના દંભ અને ભ્રષ્ટાચાર પર, ભૌતિક લાલસાઓ પર પ્રકાશ નાખતી તેની કટાક્ષસભર પંક્તિઓ જુઓ :

This mournful truth is everywhere confessed
Slow rises worth by poverty depressed :
But here more slow, where all are slaves to gold;
Where looks are merchandise, and smiles are sold;
Where won by bribes, by flatteries implored,
The groom retails the favours of the lord.

જૉન્સનની કટાક્ષવૃત્તિનો પરચો નીચેની બે પંક્તિઓમાં યોગ્ય રીતે મળી રહે છે. ખુશામતિયા અને ખુશામતમાં રાચનારા બંને પર તેની કલમ ત્રાટકે છે. ગણિકા પ્રત્યેના વલણને પણ તેણે એમાં વણી લીધું છે. ખુશામતિયા વિશે તે ઉદ્‌ગારે છે કે તેઓ -

Exalt each trifle, ev'ry vice adore,
Your taste in snuff, your judgment in whore.

'હિરોઈક કપ્લેટ' પરનો જૉન્સનનો કાબૂ ઉત્તમ રીતે 'ધ વૅનિટી ઓવ હ્યુમન વિશીઝ'માં પ્રતીત થાય છે. એમાં સંખ્યાબંધ પંક્તિઓ એવી મળે છે કે જેમાં પ્રાસનું સંગીત જૉન્સનના નૈતિક વિચારને સચોટ રીતે પ્રકાશિત કરવામાં સહાયક બની રહે છે.

આ કાવ્ય જુવેનલના દસમા કટાક્ષ પરથી રચાયું હતું. અહીં એનો મુખ્ય મુદ્દો સ્પષ્ટ છે કે 'માણસ સુખ માટે જન્મ્યો નથી.' (Man is not born for happiness) આ જ વિચારબીજ તેના ચિત્તમાં એવું જચી ગયું છે કે તેની 'રૅસિલેસ'નવલકથામાં પણ તે તેને વિકસાવે છે. જુવેનલના દસમાં કટાક્ષમાં જે પ્રાચીન દષ્ટાંતો છે તેને બદલે જૉન્સન આધુનિક સંસ્કૃતિમાંથી દષ્ટાંતો શોધી લાવે છે. ઇતિહાસના જુદાજુદા યુગોમાંથી દષ્ટાંતો લાવીને તે માનવની આશા-આકાંક્ષાઓ, એનાં સાહસો, એનાં કલાકૌશલ આદિ સર્વનું મિથ્યાપણું ભારપૂર્વક પ્રતિપાદિત કરે છે.

જૉન્સનના વિચારો પદ્ય-પરિચ્છેદોમાં એકધારી રીતે વિકસતા જાય છે. અને દરેક પરિચ્છેદ જૉન્સનના પ્રયોજનની દિશામાં ગતિ કરે છે. નીચેનો પરિચ્છેદ એના વિચારનો ઉચિત પડઘો પાડી રહે છે :

Remark each anxious toil, each eager strife
And watch the busy scenes of crowded life;
Then say how hope and fear, desire and hate
O'erspread with snares the crowded maze of fate,
Where wavering man beterayed by venturous pride
To tread the dreary paths without a guide
As treacherous phantoms in the mist delude
Shuns fancied ills or chases airy good
How rarely reason guides the stubborn choice,
Rules the bold hand, or prompts the suppliant voice.

જોન્સનની આ કૃતિને લક્ષમાં રાખીને કેટલાક વિવેચકોએ તેના પર નિરાશાવાદી હોવાનો અને માનવજીવનની મહત્તા ઓછી આંકવાનો આક્ષેપ મૂક્યો છે. પણ જોન્સન ખ્રિસ્તીધર્મના જ મર્મને પ્રકટ કરે છે - આકાંક્ષાઓ અને મહેચ્છાઓને નિયંત્રણમાં રાખો અને લાગણીને-ભાવનાને પવિત્ર રાખો.

જૉન્સનનો ચરિત્રકાર બોઝવેલ (Boswell) 'ઠવેનિટી' પર વારી જઈને નીતિલક્ષી અંગ્રેજી કવિતામાં તો ઠીક પણ કોઈપણ ભાષાની આ પ્રકારની કૃતિઓમાં તેને એક ઉત્તમ કૃતિ ગણાવે ('as high an effort of ethick poetry as any language can show') તો તેમાં નવાઈ નથી.

## ઑલિવર ગોલ્ડસ્મિથ (૧૭૩૦-૭૪)

જૉન્સનની કંઈક નિરાશાજનક-વિષાદમય ફિલસૂફી એના મિત્ર, કવિ ગોલ્ડસ્મિથની કૃતિઓમાં ઊતરી આવી છે. અલબત્ત, જૉન્સનની કટાક્ષકૃતિઓ કરતાં ગોલ્ડસ્મિથની કૃતિઓ વિશેષ પ્રસન્નકર અને સહિષ્ણુતાભરી લાગે છે. અમુક અંશે અઢારમી સદીના મધ્યભાગે રચાયેલી કવિતાની પરંપરા તે જાળવે છે. મઝાનાં વર્ણનો, નીતિશિક્ષણ, થોડુંક પ્રેરક ચિંતન - આ સર્વ ગોલ્ડસ્મિથની કવિતાનો વિશેષ છે. તેણે પણ પોતાનાં કાવ્યો માટે મુખ્યત્વે 'હિરોઈક કપ્લેટ' અપનાવી - ઊલટો એ તત્કાલીન કવિતામાં નવાંનવાં સ્વરૂપો વિશે કંઈક તિરસ્કાર પ્રકટ કરે છે. એને મન 'હિરોઈક કપ્લેટ' ઉત્તમ છે.



એની પ્રથમ નોંધપાત્ર કૃતિ 'ધ ટ્રાવેલર' (The Trveller - ૧૭૬૪) છે. દાક્તરી શાખાના એક વિદ્યાર્થી તરીકે એણે જે રઝળપાટ કરેલો તેના અનુભવો તેમાં રજૂ થયા છે. એનો પણ મુખ્ય ભાવ એના વડીલ-ગુરુ જૉન્સનની જેમ એ જ છે કે સુખની તૃષ્ણા મિથ્યા છે. એનો અનુભવ એને એમ કહેવા પ્રેરે છે કે બધા જ દેશોમાં, બધાં જ પ્રકારનાં સરકારી તંત્રો હેઠળ સુખના ખ્યાલ સરખા જ છે. દરેક પ્રજા સુખની પાછળ દોડીને દુઃખ નોતરે છે.

ગોલ્ડસ્મિથની કવિતામાં એક બીજો ભાવ પણ ઊપસે છે - જૉન્સન કરતાંય વધારે સ્પષ્ટ રીતે અને તીવ્રપણે. એ ભાવ છે ગરીબો પ્રત્યે હમદર્દીનો અને શ્રીમંતાઈ-વૈભવ પ્રત્યે આક્રોશનો કે તિરસ્કારનો.

Each wanton judge new penal statutes draw,
Laws grind the poor, and rich men rule the law.

ગોલ્ડસ્મિથે એના સમયની વ્યાપક ગરીબી પ્રત્યક્ષપણે નિહાળી હતી. એટલે એ જૉન્સન કરતાં પણ એ બાબતમાં વધારે સભાન હતો. એની કવિતામાં ઠેરઠેર શ્રીમંતોના વૈભવ, તેમની જોહુકમી અને ગરીબાઈનાં દૂષણોનાં ચિત્રો જોવા મળે છે.

ગોલ્ડસ્મિથની કવિતામાં જૉન્સનને કઠે તેવી બાબત એ હતી કે એનામાં ઊંચી બૌદ્ધિકતા નથી. અને એ અભિપ્રાયમાં તથ્ય છે. ગોલ્ડસ્મિથ નીતિ વિશે ગરીબી વિશે, સુખ વિશે અર્થાન્તર ન્યાસો પ્રયોજી શકે છે, પણ બૌદ્ધિક પ્રતિભાવાન વાચકને તે ખાસ અપીલ કરી શકતો નથી.

ગોલ્ડસ્મિથનું બીજું વિશેષ ખ્યાતિ પામેલું દીર્ઘકાવ્ય 'ધ ડિઝર્ટેડ વિલિજ' (The Deserted Village - ૧૭૭૦) છે. અઢારમી સદીના એક મધુરતમ કાવ્ય તરીકે તેની ગણના થઈ છે. આ કૃતિમાં તેણે ગામડાનું ચિત્ર આદર્શના - ભાવનાના ગાઢ રંગ પૂરીને આલેખ્યું છે. એ ચિત્રમાં તેની નાજુક હળવી કલમનો કસબ ચિત્તને પ્રસન્નકર નીવડે છે. ગ્રામજીવનનાં પાત્રોનું આલેખન પણ તેની કલાનું નિર્દેશક બની રહે છે. ગામડાની નિશાળના માસ્તરનું ચિત્ર હળવાશથી આલેખાયું છે. એ માસ્તર એના નાનાકડા મગજમાં કેટલું બધું જ્ઞાન ભરીને બેઠો છે તેનું અબુધ ગ્રામજનોને આશ્ચર્ય થાય છે :

While words of learned length and thundering sound
Amazed the gazing rustics ranged around;
And still they gazed, and still the wonder grew
That one small head could carry all he knew.

વેરાન, ઉપેક્ષિત ગામનું ચિત્ર પણ ચિત્તને સ્પર્શી જાય તેવું છે :

Sweet smiling village, loveliest of the lawn,
Thy sports are fled, and all thy charms withdrawn.
Amidst thy bowers, the tyrann's hand is seen,
And desolation saddens all thy green.

ગામડાની ગરીબ છોકરીઓનાં શ્રીમંતો દ્વારા થતાં શોષણનાં ચિત્રોમાં ગાઢા કરુણ રંગો પુરાએલા છે.

એકંદરે અઢારમી સદીમાં 'ધ વેનિટી ઑફ હ્યુમન વિશીઝ' અને 'ધ ડિઝર્ટેડ વિલિજ'માં અંગત ઊર્મિનો જે આવેગ છે તે વિવેચકોના મતે બીજી કૃતિઓમાં જવલ્લે જ અનુભવાય છે; અને ઊર્મિભર્યા આલેખનમાં જૉન્સન કરતાં ગોલ્ડસ્મિથ ચડિયાતો દેખાય છે.

ગોલ્ડસ્મિથનાં કેટલાંક હળવાં કાવ્યોમાં 'ધ હોન્ચ ઑફ વેનિસન' ('The Haunch of Venison'), 'ધ ડેથ ઑફ અ મેડ ડૉગ' (The Death of a Mad Dog) વગેરે જાણીતાં છે. □

# 19 ૨૫મો ઑલિમ્પિક રમતોત્સવ 92

આ માસ જુલાઈની ૨૫મી તારીખથી ૯ ઑગસ્ટ દરમિયાન સ્પેઈનમાં બાર્સેલોના નગરમાં ઑલિમ્પિક રમતોત્સવ યોજાયો છે. આજથી ૨૭૬૭ વર્ષ એટલે કે ઇસ્વી સન ૭૭૬ પૂર્વે પ્રાચીન ગ્રીસના ઑલિમ્પિયા નામના નગરમાં આ રમતોત્સવનો આરંભ થએલો. ગ્રીક દેવતા ઝ્યૂસ ઑલિમ્પિયસ તથા દેવી હેરાના ભવ્ય દેવળો ધરાવતું આ નગર પવિત્ર ધામ મનાતું. અહીંના સ્ટેડિઅમ અને હિપ્પોડ્રોમમાં આ રમતસ્પર્ધાઓ યોજાતી. દર ચાર વર્ષે યોજાતો આ રમતોત્સવ આરંભમાં તો માત્ર એક જ દિવસનો હતો અને તેમાં માત્ર દોડની સ્પર્ધા જ યોજાતી. કાળક્રમે દોડ ઉપરાંત મુક્કાબાજી, કુસ્તી અને પછી રથદોડ અને ઘોડદોડની સ્પર્ધા પણ ઉમેરાઈ. સ્ત્રીઓને તેમાં હાજર રહેવા પર પ્રતિબંધ હતો અને માત્ર હેલેનિક વંશના લોકો જ તેમાં ભાગ લઈ શક્તા હતા. આગળ જતાં રોમનો પણ તેમાં જોડાયા અને હવે તો આ રમતોત્સવ આંતરરાષ્ટ્રિય બની જઈ આ વર્ષે તો તેમાં દક્ષિણ આફ્રિકા પણ ભાગ લેશે, જે તેની રંગભેદી નીતિને કારણે આમાંથી બાકાત હતું. ઇ.સ. પૂર્વે ૭૭૬ પછી તો સ્પર્ધાના વિજેતાઓ વગેરેની રીતસરની નોંધ રખાવા માંડી.

આ પછીથી ખ્રિસ્તી ધર્મપ્રસાર તથા અન્ય રાજકીય કારણોને લીધે ઑલિમ્પિયા નષ્ટ થઈ ગયું અને પાંચમી શતાબ્દીમાં ભયાનક ભૂકંપે તેને ભોંયમાં ભંડારી દીધું હતું. અઢારમી સદીમાં પુરાતત્ત્વવિદોનું લક્ષ ફરી ઑલિમ્પિયા તરફ દોરાયું અને ૧૮૭૫માં ત્યાં ઉત્ખનન આરંભાયું. ૧૮૯૪માં ફ્રાંસમાં પિયે દ કુવેર્તાએ ઑલિમ્પિક રમતોત્સવને પુનર્જીવિત કરવા પ્રયાસ કર્યો અને તેના નેતૃત્વમાં એક આંતરરાષ્ટ્રિય કૉંગ્રેસનું આયોજન થયું, જેમાં ૧૨ દેશોએ ભાગ લઈ પ્રતિચાર વર્ષે આ રમતોત્સવ યોજવાનું સ્વીકાર્યું. એ અધિવેશન બાદ ૧૮૯૬ની ૪ એપ્રિલે એથેન્સમાં પહેલો ઑલિમ્પિક રમતોત્સવ યોજાયો જેમાં ૧૩ દેશોના ૨૮૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. તે પછી વિશ્વયુદ્ધનાં વર્ષો - ૧૯૧૬, ૧૯૪૦ અને ૧૯૪૪ બાદ કરતાં દર ચાર વર્ષે અનુક્રમે પારીસ, સેન્ટ લૂઈ, લંડન, સ્ટોકહોમ, એન્ટવર્પ, પારીસ, ઍમ્સ્ટરડૅમ, લૉસ એન્જેલસ, બર્લિન, લંડન, હેલસિંકી, મેલબોર્ન, રોમ, ટોકિયો, મેક્સિકો, મ્યૂનિખ, મૉન્ટ્રીઅલ, મોસ્કો, લૉસ એન્જેલસ, સેઉલમાં આ રમતોત્સવ યોજાઈ ચૂક્યો છે. એક આંતરરાષ્ટ્રિય ઑલિમ્પિક સમિતિ તેનું આયોજન કરે છે. ૧૮૯૪માં ૨૩ જૂને આ સમિતિની રચના થએલી, જેમાં એક અધ્યક્ષ, ત્રણ ઉપાધ્યક્ષ અને પાંચ સભ્યોની કાર્યકારિણી સમિતિ હોય છે અને આ સમિતિ ઑલિમ્પિક અંગેના બધા નિર્ણયો કરે છે.

આ અગાઉના ઑલિમ્પિક રમતોત્સવો વખતે તો યુદ્ધ, કુદરતી આફતો, રાજકીય સંઘર્ષો વગેરે જેવા કોઈ ને કોઈ કારણે ઘણા દેશો તેમાં ભાગ નહોતા લઈ શકતા યા નહોતા લેતા, પણ હવે તેનો ઉત્સાહ વધ્યો હોઈ આ વર્ષે અગાઉની તુલનામાં ઘણા વધુ ખેલાડીઓ ભાગ લેશે એવો અંદાજ છે.

ઑલિમ્પિક સ્પર્ધાઓનો આ ૨૫મો એટલે કે રજતજયંતી ઉત્સવ છે અને બાર્સેલોના માટે તેની સઘળી વ્યવસ્થા કપરી કસોટી સમાન છે. દુનિયાભરમાં ટી.વી. પરથી તેનું પ્રસારણ થવાનું હોઈ આપણે ઘેર બેઠાં પણ જોઈ શકીશું. આ વખતે ૨૫ જેટલી રમતોની સ્પર્ધાનું આયોજન છે. જેમાં ૧૬૯૧ જેટલા - ૫૪૯ સુવર્ણ, ૫૪૯ રૌપ્ય અને ૫૯૧ કાંસ્ય - ચંદ્રકો અપાશે તે સાથે ૪૪૦૮ જેટલાં પ્રશસ્તિપત્રો અપાશે. બાર્સેલોનાએ આ ઉત્સવ ધૂમ્રપાનરહિત બનાવવા ત્યાં તમાકુની બનાવટો માટેની જાહેરાતો તથા તેના વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. ૧૭૦ દેશોના લગભગ ૧૫,૦૦૦ ખેલાડીઓ તેમાં ભાગ લેવાનો અંદાજ છે.

જ્યાં આ ઉત્સવ યોજાયો છે તે બાર્સેલોના સ્પેઈનની પૂર્વ કંઠારે કેટેલોનિયા વિસ્તારમાં સીએરા ડી કોલ્સેરોલા પર્વતના ઢોળાવ પર ઇ.પૂર્વે ત્રીજી સદીમાં સ્થપાએલું નગર છે. સ્પેઈનનું એ મોટામાં મોટું મુખ્ય વ્યાપાર-કેન્દ્ર છે. આ જ રીતે સ્પેઈનમાં કેટેલોનિયન રાષ્ટ્રવાદનું પણ એ મુખ્ય કેન્દ્ર રહ્યું છે. ૧૯૩૧માં રાજાશાહી હટાવવામાં એ મુખ્ય હતું તેમજ ૧૯૩૯માં ફ્રાંસની સામે હાર સ્વીકારનાર એ છેલ્લું શહેર હતું.

છેક નવમી સદીથી જુદીજુદી પ્રજાની ચઢાઈઓથી કેટેલોનિયા અલગ અલગ ટુકડાઓમાં વહેંચાયેલું હતું. બાર્સેલોનાની દરમિયાનગીરીથી આ પ્રદેશ આઝાદ બન્યો અને પછી કેટેલોનિયા એરોગોન યુનિયનની સ્થાપના થઈ. પંદરમી સદીના અંતભાગમાં એરોગોન સાથે કેસ્ટાઈલ રાજ્ય પણ જોડાયું. ૧૮મી સદીમાં સ્પેઈનની ચઢાઈ અને વિજય બાદ એણે સ્વાતંત્ર્ય ગુમાવ્યું અને સ્પેઈનમાં ભળી ગયું. બાર્સેલોના સ્પેઈનનું અગ્રગણ્ય અને અનેક રીતે મહત્ત્વનું નગર છે અને ત્યાંની રાજભાષા સ્પેનિશ હોવા છતાં આ પ્રદેશના લોકો પોતાની કેટેલોનિયન ભાષાના ચુસ્ત આગ્રહી રહ્યા છે. મુખ્યત્વે ખ્રિસ્તી આ પ્રદેશની પ્રજામાં વ્યક્તિગત સ્વાતંત્ર્યના સ્વીકાર સાથે સંયુક્ત કુટુંબપ્રથાનો મહિમા જાળવી રાખે છે. એક તરફ ઉદ્યોગોને કારણે આધુનિક તો બીજી બાજુ પરંપરાગત જીવનરીતિથી એમની આગવી ઓળખ અહીં જળવાઈ રહી છે. છેલ્લી બે સદીમાં સાંસ્કૃતિક તેમજ રાજકીય જાગૃતિનો ઉદય અહીં વિશેષ રહ્યો છે. બાર્સેલોનામાં જે પ્રગતિ થઈ છે તેમાં હવે નવા ઉમેરણને બદલે જે કંઈ છે તેને વિશેષ સુંદર અને સુવિધાજનક બનાવવા તરફ તેનું વલણ બંધાયુ છે. બાર્સેલોનામાં આધુનિક ઇમારતો, વિશાળ હોટેલો, વ્યાપાર કેન્દ્રો, સંગ્રહસ્થાનો, પ્રદર્શન-સ્થળો વગેરેની સાથે છેક કડમી સદીનો ઇતિહાસ જાળવી રાખતાં અનેક સ્થાનો છે. કઠડણમાં અહીં યુનિવર્સિટી સ્થાપાઈ હતી. અહીંના વિશાળ ગોથિક દેવળો પણ ખ્યાત છે. અહીંનો નગરચોક સ્પેઈનભરમાં મોટામાં મોટો અને અનેકવિધ પ્રવૃત્તિઓથી ધમધમતો છે. એના બંદરના ધક્કા ઉપર મોટામાં મોટાં જહાજો નાંગરી શકે છે. ટેક્સ્ટાઈલ, એન્જિનીઅરિંગ અને રસાયણ વગેરેના ઉદ્યોગોનો અહીં ખૂબ વિકાસ થએલો છે.

દર વર્ષે ૨૪ સપ્ટેમ્બરે 'લી માર્સ' નામે મોટો ઉત્સવ ઉજવાય છે, જેમાં 'સેરનાડાસ' નામે નૃત્યોત્સવ પણ યોજાય છે. ઑક્ટોબરમાં સંગીતોત્સવ અને વ્યાપારમેળાઓ તથા બીજી નવેમ્બરે પવિત્ર આત્માઓનો દિન ઉજવાય છે. આઠેક લાખની વસતિવાળા ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી ધમધમતા આ નગરમાં ઑલિમ્પિક જેવી આંતરરાષ્ટ્રિય સ્પર્ધાઓ યોજાય ત્યારે સ્વાભાવિક છે કે તેની પૂર્વતૈયારીઓમાં એ અત્યંત વ્યસ્ત બની જાય. રમતો માટેનાં સ્ટેડિઅમ, આવનાર ખેલાડીઓ તથા તેની સાથેનો રસાલો, ઉત્સવ જોવા આવનારાઓ વગેરે બધાંનો એકસાથે સગવડભર્યો સમાવેશ કરવો, સલામતીની વ્યવસ્થાઓ ગોઠવવી, સૌના માનપાન અને મનોરંજનની સગવડ કરવી એ કંઈ નાનુંસુનું કામ તો નથી જ. પણ બાર્સેલોનામાં તેનો ઉત્સાહ છે અને થોડા જ દિવસોમાં તો એ દુનિયાભરની આંખોમાં જઈ વસશે. □

## ધારાવાહી લઘુનવલ રવજી માસ્તરનું મૃત્યુ

ધીરેન્દ્ર મહેતા

આ વાતને મહીનોમાસ વીતી ગયા પછી રવજી માસ્તરે સાવિત્રીબહેનને પૂછી જોયું : 'શૈલેષે તમને કેટલા પૈસા આપ્યા ?'

સાવિત્રીબહેન, કોઈ અજાયબ વાત સાંભળી હોય એમ, જોઈ રહ્યાં :

'પૈસા ! શાના પૈસા ?'

'બાબુભાઈ મોટરસાઈકલવાળા કને નોકરી કરે છે તે પગાર મળતો હશે ને, એ પૈસા.'

રવજી માસ્તર મક્કમતાથી આગળ વધાવા માગતા હોય એમ બોલ્યા.

પરંતુ સાવત્રીબહેને એવો ઉત્તર વાળ્યો, જાણે રવજી માસ્તરની આખી વાતને તળિયાઝાટક ખંખેરી નાખતાં ન હોય !

'ના રે ના, પગાર કેવો ને વાત કેવી ! શિખવાડવાને બહાને કામ કરાવે, કોઈ કોઈવાર થોડાઘણા પૈસા હાથમાં પકડાવી દે કે કોઈ જૂના સ્કૂટર-મોટર સાઈકલનું ઘરાક ગોતી દે તો ઊપજેલા પૈસામાંથી કાંક પરખાવે.. એમાંથી શું દાંડો વળે ? ઊલટું બધાની દેખાદેખીમાં હાથમાં આવતાં હશે એ પૈસાય ઉડાવી દેતો હશે. જોતા નથી એના રંગઢંગ ! આપણે ચડ્ડી ને બાંડિયું પેરાવીને મોટો કર્યો ને હવે મૂઓ આખો દાંડો પાટલૂન ને બુશકોટ પે'રીને ફરે છે ! હું તમને કે'વાની જ હતી કે હવે આનો કાંક વિચાર તો કરે !'

રવજી માસ્તરને લાગ્યું, સાવિત્રીબહેન જાણે બોલ્યે જ જતાં હતાં.. બોલ્યે જ જતાં હતાં..

આમ ને આમ વખત વીતતો ગયો. રવજી માસ્તરને થયું, આ રીતે કંઈ પત્તો નહિ ખાય; હવે નિવૃત્તિ પછી જ કંઈક સરખો વિચાર કરશું, ક્યાં ઝાઝો વખત બાકી છે ?

બસ, આમ ને આમ વખત વીતતો ગયો, રવજી માસ્તર જેવા એક સીધાસાદા સરળ માણસનો વખત વીતી જાય એમ.

પરંતુ એમાંય એક દિવસ ન બનવાનું બન્યું -

નોકરીમાંથી નિવૃત્ત થવાને આગલે જ દિવસ અચાનક રવજી માસ્તર ગુજરી ગયા.

રવજી માસ્તરે છેલ્લો શ્વાસ લીધો હશે એ વખતે ઘેર કોઈ નહોતું. સાવિત્રીબહેન ગામમાં કોઈને ત્યાં ગયાં હશે અને શૈલેષ શહેરમાં ગયો હશે.

ટ્રંકકોલ માટે કે ટપાલના કંઈ કામ માટે આવનારે જોયું તો રવજી માસ્તર કંઈ વિચાર કરતા બેઠા હોય એમ ખુરશીમાં બરોબર ગોઠવાયેલી સ્થિતિમાં બેઠા હતા. જોનારને એકવાર તો એમ લાગ્યું કે માસ્તરને ઊંઘ ચઢી ગઈ લાગે છે, સમય પણ બરોબર બપોરનો હતો. જાગી જાય એવા ઇરાદાથી આમતેમ ખાંખાંખોળાં કરીને અવાજ પણ થવા દીધો. પછી કોણ જાણે એને કંઈ વહેમ પડયો કે શું તે એણે રવજી માસ્તરને ઢંઢોળ્યા, ને ઢંઢોળતાની સાથે એ ઢળી પડ્યા.

પેલો ગભરાયો. ઘરમાં જઈને જુએ છે તો કોઈ ન મળે. આજુબાજુમાં કહ્યું ને લોકો ભેગા થયા. સાવિત્રીબહેન પણ એ જ પ્રમાણે આવી ગયાં. સૌની જેમ એ પણ ડગાઈ ગયાં હતાં અને એકબાજુ ઊભા રહી ગયાં હતાં.

બેચાર જણે ભેગાં મળીને એમને ખુરશી પરથી ઘરમાં લઈ જઈને પલંગ પર સરખા સુવડાવ્યા એટલી વારમાં તો શૈલેષ મારમાર કરતો મોટરસાઈકલ પર આવી પહોંચ્યો. સાથે ડૉકટરને પણ બેસાડતો આવેલો. એમણે જોઈને તરત હૃદય બંધ પડી ગયાનું કહ્યું. પછી એ પાછળ જતા રહ્યા અને બીજા લોકો આગળ આવ્યા.

અનુભવી માણસો તૈયારીમાં લાગી ગયા. શૈલેષ મન કાઠું કરીને એમનાં સલાહસૂચનોને ભારે ત્વરાથી અનુસરવા લાગ્યો. બહાર મોટરસાઈકલ તૈયાર જ હતી એટલે જરૂરી દોડધામ કરવામાં પણ એ જ રોકાયો. એને બહાર મોકલનારે એકવાર એના ચહેરા સામે જઈ લીધું હતું. એ ગમગીન હતો, છતાં એના ચહેરા પર કોઈ રઘવાટ દેખાતો ન હતો.

સ્ત્રીઓ આવી પહોંચી હતી. એ સૌ સાવિત્રી બહેનને વીંટળાઈને બેઠી અને એમનું રુદન સંભળાવા લાગ્યું.

લોકો જાણતા ગયા અને સૌ આશ્ચર્ય પ્રકટ કરતા રહ્યા, હજુ સવારે તો -

અને રાત પહેલાં તો રવજી માસ્તરનો અંતિમ સંસ્કાર પણ થઈ ગયો.

બીજે જ દિવસે ઉઠમણું પણ થઈ ગયું અને ત્રીજે દિવસે તો સાવિત્રીબહેન અને શૈલેષે ઘરનો સામાન બાંધવા માંડ્યો.

એમની વિદાય ગામલોકોએ, ભલે જુદાજુદા સંદર્ભમાં, પણ સ્વીકારી લીધી.

'ખરી વાત છે, હવે અહીં રહીને શું ? રવજી માસ્તર હતા તો બધું હતું.'

'ભલે વરસો સુધી રહ્યા, પણ પોતાનું ગામ તો નહિ જ ને ?.. આ આમ છે. જુઓ, માણસ એક આટલી વારમાં ઊઠી જાય છે !'

શૈલેષ સૌને કહેતો રહ્યો :

'આ તો સરકારી મકાન, ખાલી કરવું જ પડે.. પછી હવે ગામમાં ઘર ભાડે રાખીને રહેવાનો શો અર્થ ?'

આમ તો શહેરના ઘરમાં સામાન મૂકી જ દેવાનો હતો ત્યાં પણ આવનારા આવી ગયા. બારતેર દિવસ એ રીતે પસાર થઈ ગયા.. બહારગામથી પણ સગાંવહાલાં આવતાં હતાં. સહુ રવજી માસ્તર વિશે વાત કરતાં હતાં - એમના સ્વભાવ વિશે, પોતાની સાથેના સંબંધ વિશે, એને લગતા કોઈ પ્રસંગ વિશે..

સાવિત્રીબહેનને આ બધું બહુ વિચિત્ર લાગતું હતું. આ બધાંની વચ્ચે, એટલે કે આ માણસો વચ્ચે, એમના દ્વારા કહેવાઈ રહેલી વાતો વચ્ચે, એક અજાણ્યાપણાનો ભાવ મનમાં જાગતો હતો. એમ થતું હતું કે આવું બધું હતું એનો આટલાં વરસો લગી કેમ કંઈ ખ્યાલ ન આવ્યો ! બધાં માણસો તો અજાણ્યાં લાગતાં હતાં, એ જેમના સંદર્ભમાં આ બધું કહી રહ્યા હતા એ રવજી માસ્તર પણ પોતાને આ ક્ષણે કેમ અજાણ્યા લાગી રહ્યા હતા !

આવી મનઃસ્થિતિમાં મુકાયેલાં સાવિત્રીબહેનને પછી લોકો હિમ્મત રાખવાનું, શાંન્તિ રાખવાનું કહેતાં રહ્યાં.

સાવિત્રીબહેનને કંઈ સૂઝતું ન હતું.

પરંતુ એ દિવસોય પૂરા થયા.

આ દિવસોમાં શૈલેષ એકદમ બદલાઈ ગયો લાગતો હતો. રવજી માસ્તરના મૃત્યુની ઘટનાએ એને ઓચિંતો મોટો અને પાકટ કરી મૂક્યો હતો. એની હિલચાલમાં એક પ્રકારની ગંભીરતા અને સાવિત્રીબહેન સાથેના એના વ્યવહારમાં એક પ્રકારની જવાબદારી દેખાઈ આવતી હતી.

થોડા દિવસ પછી શૈલેષે બધો સામાન તપાસવા માંડ્યો. રવજી માસ્તરની ચીજવસ્તુઓ, ફાઈલો, કાગળિયાં, બધું એ જોવા લાગ્યો.

ચીજવસ્તુઓમાં તો શું હતું ? ઝાંખાં પડી ગયેલાં ધોતિયાં, પહેરણ ને ટોપી. વારતહેવારે પહેરવા માટે ઈસ્ત્રી કરાવી પ્લાસ્ટિકની થેલીઓમાં ચીવટપૂર્વક ગડીબંધ રાખેલાં કેટલાંક વસ્ત્રો, જેમાં હંમેશના આ પહેરવેશ ઉપરાંત એકબે જોડી બુશશર્ટ ને પેન્ટ પણ હતાં...

બધું ફંફોસતાંફંફોસતાં શૈલેષ સહસા થંભી જાય છે. બાપુને પેન્ટ-બુશશર્ટમાં છેલ્લે ક્યારે જોયા હતા ? કંઈ યાદ આવતું ન હતું. બહુ યાદ કરવા જતાં એવો એક ફોટો જોયાનું યાદ આવ્યું. કદાચ એમની યુવાવસ્થાનો એ ફોટો હતો.

ઉથામતાંઉથામતાં નજરે પડેલી બીજી ચીજવસ્તુઓમાં જૂના ચશ્મા, એકબે બોલપેનો, ઘડિયાળ, એવું બધું હતું. એ લાગણીવશ ક્ષણોને ઓળંગીને એણે ઝડપથી એ બધું એક બૅગમાં ભરી દીધું અને બૅગ માળિયા પર ચઢાવી દીધી.

ફાઈલો અને કાગળિયાં લઈને એ બહાર ગયો અને પાછા આવીને એણે કેટલાંક ફૉર્મ ને અરજીમાં સાવિત્રીબહેનની સહીઓ લેવા માંડી, અહીં-અહીં આ ચોકડીઓ કરી છે ત્યાં... એ સમજાવતો હતો.

સાવિત્રીબહેન જોઈ રહ્યાં, કેવી સમજદારીથી કહેતો હતો અને કેવા આત્મવિશ્વાસથી વર્તી રહ્યો હતો, જાણે પહેલાંનો શૈલેષ હોય જ નહિ ! ક્યાંથી શીખી-સમજી લાવ્યો આ બધું !

મનમાં જાગેલા આ ભાવને ખંડિત કરવાનું મન ન થયું, છતાં સાવચેતીના ભાવ સાથે સાવિત્રીબહેને શૈલેષની સામે જોયું.

'બાપુના સરકારમાં જમા પૈસા, પ્રૉવિડન્ડ ફંડ, ગ્રેચ્યુઈટી પાછા લેવા માટે બાલુકાકાએ બધાં કાગળિયાં તૈયાર કરી આપ્યાં છે. બધું પાછું એમને સોંપવાનું છે. એટલે એ પતાવી આપશે.'

શૈલેષે ધરેલા કાગળોમાં સાવિત્રીબહેને સડસડાટ સહીઓ કરવા માંડી. રવજી માસ્તરે પણ કોઈ કોઈવાર એમની પાસે સહીઓ કરાવી હતી, પરંતુ મનમાં અત્યારે જાગે છે એવો ભાવ એ વખતે કયારેય જાગ્યો નહોતો - આવો પોતાપણાનો ભાવ. બાબુભાઈ મોટરસાઈકલવાળા બે વાર પૃચ્છા કરી ગયા પણ શૈલેષ મળતો નથી. એ ઘેર આવ્યો ત્યારે સાવિત્રીબહેને ખબર આપ્યાં અને કહ્યું,

'તું ભેગો તો થઈ આવજે એમને એક વાર. જતો નથી હમણાં ત્યાં ?'

'કાલે જઈ આવીશ.'

શૈલેષે ટૂંકો જવાબ આપ્યો અને બેસી રહ્યો. હમણાં હમણાંનો કોઈ જાણે એ શું વિચાર્યા કરે છે ? પરંતુ એને આ સ્થિતિમાં જોવો સાવિત્રીબહેનને ગમે છે.

બીજે દિવસે એ બાબુભાઈ મોટરસાઈકલવાળાને મળવા ગયો ત્યારે એણે એવી રીતે વાત શરૂ કરી કે ઘડીભર એ પણ જોઈ રહ્યા.

'કાં બાબુભૈ !' કહીને એ એમની બાજુમાં બેઠો.

એનું આ રીતે બેસવું એ બાબુબાઈ મોટરસાઈકલવાળાની અપેક્ષા બહારની ચેષ્ટા હતી.

રવજી માસ્તરના આકસ્મિક અવસાનનું જાણ્યા પછી બાબુભાઈ મોટરસાઈકલવાળાને તો દહેશત હતી કે હવે એની નોકરીનું કંઈક કરવું પડશે. છોકરો આવડતવાળો હતો, એને લઈને ખાસ કરીને બહારના કામકાજની કંઈ ઉપાધિ પોતાને રહેતી નહિ, એટલે એમની પોતાની પણ એ માટે દાનત હતી. પોતે ઘેર ડોકું નાખશે કે તરત શેઠ- શેઠ કરતો દોડ્યો આવશે, એવી ધારણા હતી. બીજી વાર તો પોતે એની માને કહ્યુ હતું પણ કંઈક એવા જ સૂરમાં : કેટલાય દી થ્યા મોઢુંય દેખાડ્યું નથી; ફરે છે તો આખા ગામમાં, પછી ?.. અને એની માનું મોં તો કેવું ઓશિયાળું થઈ ગયું હતું !

પણ આ તો એ પછીય બે દિવસ લગી ઢૂક્યો નહિ ને હવે આવ્યો ત્યારેય આમ ભાઈબંધની જેમ આવીને બેઠો છે અને વાતેય પાછો એવી રીતે કરે છે, જાણે કામની તો કાંઈ ગરજેય ન હોય !

એટલામાં કામ કરતા છોકરાઓએ એની સામે જોયું તો એમની સામે પણ એવી રીતે આંખ ઉલાળી કે કંઈક બોલવા જતા એ બે જણ પણ ચૂપ જ રહ્યા ને ખસિયાણા પડ્યા જેવું મોં કરી નીચી મૂંડીએ પાછા કામે લાગી ગયા.

બાબુભાઈ મોટરસાઈકલવાળાનું લક્ષ આ તરફ ખેંચાયું હોય એમ લાગ્યું અને સમજીને એમણે શૈલેષ પાસે કંઈ વાત જ ન કાઢી. એ પણ થોડું બેસીને પછી ઊઠી ગયો. (ક્રમશઃ)

# કલાવાર્તા

## રાય શ્રી કૃષ્ણદાસજી

ભારતીય કલાઓના ક્ષેત્રમાં રાય શ્રી શ્રી કૃષ્ણદાસજીનું નામ વ્યાપક પ્રસિદ્ધિ ધરાવે છે. બનારસવાસી આ કલામર્મજ્ઞ સાહિત્યકારનો જન્મ ઇ. ૧૮૯૨ના નવેમ્બરની પાંચમી તારીખે એક અગ્રવાલ વૈશ્ય કુળમાં થયો હતો. એમના વંશના મૂળપુરુષને સમ્રાટ અકબર તરફથી 'રાય'નો ખિતાબ અને અન્ય ખાસ અધિકારો એનાયત થયા હતા, તેમજ એ કુટુંબની બુદ્ધિપ્રતિભા, કૌશલ અને યોગ્યતાને લીધે ઘણી સંપત્તિ પણ એકઠી થઈ હતી. ઇસ્ટ ઇન્ડિયા કંપનીના કાળમાં આ કુટુંબ અનેક વાર લૂંટાએલું અને ઘણી ધનહાનિ પણ ભોગવવી પડેલી, પણ એક પછી એક સવાયા વંશજોએ સ્વપરાક્રમથી પોતાની પૂર્વવત્ સ્થિતિ પ્રાપ્ત કરી લીધી હતી. ધનભંડારના વારસા ઉપરાંત લાખોની કિંમતનો ગ્રંથભંડાર પણ હતો; પરંતુ પલટાતી પરિસ્થિતિઓ વચ્ચે તેની પૂરતી રક્ષા થઈ શકી નહોતી.

રાયસાહેબ એટલે કે કૃષ્ણદાસજીના પિતા રાય પ્રહ્લાદદાસજી હિંદીના મહાન સાક્ષર ભારતેન્દુ હરિશ્ચંદ્રના દૂરના સંબંધી ભાઈ થતા હતા. એ સંસ્કૃત સાહિત્ય અને કવિતાકળાના રસિયા હતા, જેની અસર પુત્ર કૃષ્ણદાસ પર પણ પડી હતી. સાત વર્ષની વયે કૃષ્ણદાસને ચિત્રાંકનનો શોખ લાગ્યો



હતો અને આઠ વર્ષની વયે એમણે પ્રથમ છંદરચના કરી હતી.

ચિત્રાંકનનો એમનો નાદ એટલો તીવ્ર હતો કે તેને કારણે એમનું સ્વાસ્થ્ય પણ બરાબર સચવાતું નહિ અને એટલે વડીલોએ તેમના પર પ્રતિબંધ લાદ્યો હતો. પણ એ શોખમાંથી પ્રકટેલી કલાભક્તિ તો વિકસતી જ રહી અને કળાના એ ઉત્તમ આલોચક બન્યા. કલાનિરીક્ષણથી શુધ્દ આનંદ મળવા સાથે મનોવૃત્તિ ઉચ્ચ બનીને જીવન સાર્થક થયા છે એમ તેઓ માનતા હતા.

આપણા દેશના પૌરાણિક, ઐતિહાસિક અને પ્રકૃતિ સૌંદર્યનાં ઉત્તમ ચિત્રોના ઉત્કૃષ્ટ સંગ્રહવાળી એક મહાન રાષ્ટ્રિય કલાશાળા આપણા દેશમાં થવી જોઈએ એવી આકાંક્ષા છેક એ કાળથી એમનામાં જન્મી હતી. એ સમયમાં એમને તૈલચિત્રો તરફ વધારે આકર્ષણ હતું, પરંતુ ૧૯૧૦માં મહાન કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરના પરિચયથી એમને ભારતીય કલાનો મર્મ સમજાયો, અને ત્યારથી એમણે ભારતીય ચિત્રોનો સંગ્રહ કરવા માંડ્યો.

ઇ. ૧૯૨૦ની પહેલી જાન્યુઆરીએ આચાર્ય ભગવાનદાસજીના નિર્દેશ તથા શ્રી સીતારામ સાહી અને શ્રી શિવેન્દ્રનાથ વસુના સહકારથી 'ભારત કલા પરિષદ'ની સ્થાપના થઈ. તેના વિવિધ ઉદ્દેશોમાં સંગીત વિષયક પ્રવૃત્તિઓનો પણ સમાવેશ હતો. એ પરિષદના સભાપતિ હતા કવિવર શ્રી રવીન્દ્રનાથ ઠાકુર તથા ઉપસભાપતિઓ હતા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર તથા શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ.

ભારત કલા પરિષદ સ્થપાતાં જ રાય શ્રી કૃષ્ણદાસજીએ પોતાના સંગ્રહની ચિત્રો મૂર્તિઓ વગેરે બધી જ કલાસામગ્રી પરિષદને અર્પણ કરી દીધી. આ સંગ્રહ એકત્ર કરવા પાછળ એમણે પોતાનો ઘણો સમય અને પુષ્કળ દ્રવ્ય ખર્ચ્યાં હતાં. એ કાળે લગભગ એક લાખ રૂપિયા જેટલી એની કિંમત થતી હતી. આવી મૂલ્યવાન સામગ્રી સંઘરવાને તથા તેને સુવ્યવસ્થિત ગોઠવવાને માટે વિશાળ મકાનની જરૂર હતી. તેને માટે ફાળો મેળવવા તેઓ દેશનાં મુખ્ય મુખ્ય નગરોમાં ફરવા નીકળ્યા હતા. આ રીતે તેઓ અમદાવાદ પણ આવેલા, પણ એ વેળા અસહકારની લડતની હવા હતી અને બારડોલીની લડત જાહેર થવામાં હતી એટલે સંજોગો પ્રતિકૂળ હોઈ વધુ ન રોકાતાં તેઓ તરત પાછા ગયા હતા. એ સમયે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા વતી એમણે એક સુંદર પ્રવચન આપેલું જે એમની સુમધુર સંસ્કારી ગદ્ય-શૈલીના ઉત્તમ નમૂનારૂપ હતું. હિંદી ભાષાના નામાંકિત કવિ શ્રી મૈથિલીશરણ ગુપ્ત તથા હિંદીના લોકવાર્તા-વિશારદ મુનશી અજમેરીજી પણ તેમની સાથે હતા. મૈથિલીશરણજીએ ત્યારે બારડોલી પર એક હિંદી કાવ્ય પણ રચેલું જે એમના એ પ્રવાસની એક અમર સ્મૃતિરૂપ બની રહ્યું છે. એ વખતે 'કુમાર'માં પ્રકટ થએલી 'હેમલો ભૂત' નામની વાર્તા એ સમયે અજમેરીજીએ કહેલી એક હિંદી લોકવાર્તા 'હેમલા જાટ' પરથી તૈયાર થયેલી હતી.

પણ અંતે રાય શ્રી કૃષ્ણદાસજીનું સ્વપ્ન સાકાર થયું. કાશીની સુવિખ્યાત 'નાગરી પ્રચારિણી સભા'એ એમને સારો સહકાર આપ્યો. એ સભાએ પોતાના વિશાળ ભવનમાં એ સંગ્રહાલય માટે પૂરતી જગ્યા કાઢી આપી અને ત્યાં સમસ્ત કલાસંગ્રહને રાખીને તેને 'ભારત કલાભવન' નામ આપ્યું. રાજપૂત, મુઘલ, કાંગડા વગેરે જેવી ભારતીય ચિત્રશૈલીનાં હજાર જેટલાં લઘુચિત્રો સહિત તેના જૂના કાળની પાષાણપ્રતિમાઓ, ગુપ્તકાળની સુવર્ણમુદ્રાઓ, મુઘલ સમયના સિક્કા, જહાંગીરના સમયના રાશિચિત્રો, ચાંદી, હાથીદાંત તથા પિત્તળ વગેરેની ધાતુની પ્રતિમાઓ અને કલાકૌશલની અન્ય અનેક ચીજવસ્તુઓ સાથે સાહિત્યનો ત્યાં અપૂર્ણ સંગ્રહ છે.

ઇ. ૧૯૩૦ની ૩જી માર્ચના રોજ તેનું ઉદ્‌ઘાટન થયું. એશિયાભરમાં ભારતીય કલાની સમાલોચના માટે અગ્ર ગણાતા, એ કાળના 'રૂપમ્' પત્રના સમર્થ કલામર્મજ્ઞ તંત્રી શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી તેના ઉદ્‌ઘાટક હતા. તેહરી ગઢવાલના કુંવર વિચિત્રશાહ, જુગ્આનપુરાના રાજાસાહેબ, નાનાલાલ ચમનલાલ મહેતા, કવિ મૈથિલીશરણ ગુપ્ત, છોટુભાઈ દેસાઈ, સીતારામ સાહા, શિવલાલ શાહ અને જયશંકર પ્રસાદ વગેરે મિત્રોનો પણ પૂરો સહકાર હતો.

આમ, જે ચિત્રાંકન પ્રવૃત્તિ રાય શ્રી કૃષ્ણદાસજીએ બાલ્યકાળથી પોષી હતી તે આજે 'ભારત કલા-ભવન'ના રૂપમાં સમગ્ર ભારતવર્ષનું

એક મોટું કલાધામ બની રહી છે. તેઓ પોતે નમ્ર, ભાવિક અને સહૃદય ગૃહસ્થ હતા. જીવનભાવના ઘણી ઊંચી, મધુર સ્વભાવ, પ્રાચીન નીતિનિષ્ઠાને સંસ્કારીને પોતાના જીવનમાં પ્રકટાવી હતી. પ્રવૃત્તિમાં સુઘડતા, રસ અને સૌંદર્યની ભાવનાભરી કાળજી રાખતા. સૌંદર્ય અને કલાના એ પૂજારી હતા. ૧૯૮૦ની ૨૦ જુલાઈએ એમનું અવસાન થયું.

આ એમનું જન્મ શતાબ્દીનું વર્ષ હોઈ, એમના ગાઢ સંપર્કમાં રહેલા આપણા જાણીતા કલાકાર શ્રી વાસુદેવ સ્માર્તે એમના જીવનના અનેક પાસાંઓમાંથી થોડાં સંસ્મરણો સાથે એક અંજલિ આપી છે જે અહીં પ્રકટ કરીએ છીએ. -સં.

* * *

કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલય, વારાણસીસ્થિત 'ભારત કલાભવન'ના પ્રણેતા, આધુનિક હિન્દી સાહિત્યના પુરોધા, બનારસની મહાન રઈસી પરંપરાની જીવન્ત મૂર્તિ સમા, કલા-પારખુ, મેધાવી શ્રી રાયકૃષ્ણદાસની જન્મશતાબ્દીનું આ વર્ષ છે. દેશ વિદેશમાં કલાવિદો અને સંશોધકોના એ ગુરુ તથા કાશીની અભિજાત, ઉદાર, પ્રાચીન અને સહૃદયી પરંપરાના પ્રતિનિધિ હતા. સાહિત્ય ને કલાક્ષેત્રમાં ભારતીય પ્રતિભાના નવોન્મેષના મૂર્તિમંત ઈતિહાસ હતા. તેઓ ભારતેન્દુ હરિશ્ચંદ્ર-યુગ અને આજના





ભારત કલા-ભવન (વારાણસી)ના બહુમૂલ્ય સંગ્રહમાંની કેટલીક શિલ્પકૃતિઓમાં ગુપ્તકાળની ઉદાત્ત અને ઓજસ્વી આ મૂર્તિ શિવપુત્ર કાર્તિકેયની છે. આ મૂર્તિ આશરે પાંચમી સદીની છે. બીજી મૂર્તિ બીજી-ત્રીજી સદીનાં કુશાણકાળની છે, જેમાં મથુરા શૈલીમાં કૃષ્ણની માખણચોરીને કંડારાઈ છે. (નીચે) વારાણસીના રાજઘાટમાંથી મળી આવેલાં લાલમાટીનાં આ સુંદર લઘુ-શિલ્પો-ટેરાકોટા-અહીં મૂળ કદમાં રજૂ કરાયાં છે. આ બધા જ ફોટોગ્રાફ શ્રી જગન મહેતાના છે.





હિન્દી સાહિત્યની જીવન્ત કડીરૂપ હતા. હિન્દી ભાષાના સ્વર્ણયુગમાં કાશીના જયશંકર પ્રસાદ, રત્નાકર, રામચન્દ્ર શુક્લ, શિવપ્રસાદ ગુપ્ત, શ્યામસુન્દર દાસ, લક્ષ્મણ નારાયણ ગર્દે, રામદાસ ગૌડ, પરાડકર, હરિઔધ અને લાલા ભગવાનદીન જેવાં રત્નોમાંના અન્તિમ રત્ન સમા હતા. હિન્દીમાં ગદ્યકાવ્યના તેઓ પ્રવર્તક હતા. એમના હિંદી કાવ્યસંગ્રહો 'સાધના', 'છાયાપથ', 'પ્રવાલ'માં ભાવુક હૃદયની સરસ અભિવ્યક્તિ આજે પણ રસજ્ઞ પાઠકોને પ્રફુલ્લિત કરે છે. આ કાવ્યોમાં હિન્દી ગદ્યની ભાવપ્રવણતાનો નૂતન નિખાર જોવા મળે છે. વાર્તાકલાના ક્ષેત્રમાં 'સુધાંશુ' 'અનાખ્યા' અને 'આંખો કી થાહ' નામક વાર્તાસંગ્રહોમાં સૂક્ષ્મ ભાવભંગિઓના કુશળ કલાકાર અને જટિલ માનવ-ચરિત્રના સૂક્ષ્મ નિરૂપકના રૂપમાં હિન્દી સાહિત્યમાં પ્રતિષ્ઠિત છે. એઓ પરમ વૈષ્ણવ હતા. 'વ્રજરજ' નામના કાવ્ય-સંકલનમાં એમની ઉદાર અને સુંદર વૈષ્ણવ ભાવબોધની રચનાઓ પાઠકોને રસવિભોર કરી મૂકે છે. ખડી બોલીનાં કાવ્યોનાં 'ઉપવન', 'ભાવુક' અને 'પ્રત્યુપકાર' નામનાં એમણે કરેલાં સંકલનો પારંપરિક અને છાયાવાદને જોડવાવાળી કડીઓ સમા છે. એમનું પુસ્તક 'જવાહરભાઈ' વ્યક્તિગત સ્મરણો દ્વારા પંડિત નેહરુનું અપ્રતિમ ચિત્રણ છે.

રાયસાહેબનું નિવાસસ્થાન સાહિત્યકાર અને કલાકારોનું મિલનસ્થાન હતું. સ્વ. મૈથિલીશરણ ગુપ્ત, સ્વ. સીયરામશરણ ગુપ્ત, સ્વ. જયશંકર પ્રસાદ, સ્વ. દિનકરજી, સ્વ. મોતીચંદ્ર, સ્વ. વૃન્દાવન વર્મા, સ્વ. મહાદેવી વર્મા, સ્વ. સચ્ચિદાનંદ વાત્સ્યાયન, સ્વ. જગન્નાથ અહિવાસી વગેરે જેવી હિન્દી સાહિત્ય અને કલાની મહાન વિભૂતિઓની અવર-જવર એમને ત્યાં રહેતી. ગરમીના દિવસોમાં મહેફિલો જામતી, ઠંડાઈની રંગત જામતી તો કોઈવાર એમની અમેઠીકોઠી પર સાયંકાળે મિલન અને દાલ-બાટીનો કાર્યક્રમ યોજાયો હતો. આ મહાપુરુષોની વાણી-વિનોદનો લાભ મને પણ મળ્યો છે.

રાયસાહેબમાં કલા અને સાહિત્યનો સુંદર સુમેળ હતો. ભારતીય કલાનું મહત્ત્વ અને એમાં સુરુચિનો બોધ, વિશેષ કરી હિન્દીભાષી જનતામાં, એમણે એકલાએ પ્રસાર્યો એ આ ક્ષેત્રના ઈતિહાસમાં એમનું અદ્વિતીય કાર્ય મનાય. 'ભારત કી ચિત્રકલા' અને 'ભારતીય મૂર્તિકલા' આ બે પુસ્તકો એમની સંશોધનાત્મક સૂક્ષ્મ દષ્ટિ, ભારતીય કલાનાં સૌષ્ઠવ, વૈભવ, લાલિત્ય, ઈતિહાસપક્ષ, કલાસમીક્ષા, ભારતીય તેમજ ભારતીય કલા પ્રભાવિત પડોશી દેશોની કલાની સમતુલા (સામંજસ્ય) કલાક્ષેત્રે મોટી દેન છે, જે ભવિષ્યની પેઢી માટે પણ એટલી જ મહત્ત્વની છે. એ એક દસ્તાવેજી, અધ્યયનશીલ પ્રદાન છે; અને હિન્દી સાહિત્યનું ગૌરવ છે.

રાયસાહેબ વિલક્ષણ અને મેધાવી હતા. એમની યાદશક્તિ ખૂબ જ તીવ્ર હતી. એઓ બહુશ્રુત તેમજ કલાસાહિત્યના વાચનથી ખૂબ સમૃદ્ધ હતા. સ્મરણોના તો નિધિ હતા. અનેક વિષયોના જ્ઞાતા હતા. ઈતિહાસ, ભૂગોળ, લોક-સંસ્કૃતિ, કલા, સંસ્મરણો વગેરે પર અગણિત નિબંધો લખી હિંદી સાહિત્યને એમણે સમૃદ્ધ કર્યું છે. એમનું સાન્નિધ્ય જ્ઞાનપ્રદ, સ્નેહયુક્ત, વિનોદપૂર્ણ અને જીજ્ઞાસુને તૃપ્ત કરનારું હતું.

કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયસ્થિત 'ભારત કલા ભવન' આપણા દેશની કલાઓનો અમૂલ્ય ખજાનો છે. એ એમનો નિજી સંગ્રહ હતો. એ સંગ્રહ વિશ્વવિદ્યાલયમાં આવ્યા પછી તેના માટે ભવ્ય ભવનનું નિર્માણ થયું, સંગ્રહમાં પણ વિપુલ વધારો થયો. રાયસાહેબની કલાપારખુ દષ્ટિ અને કલાસંગ્રાહિતાની કુનેહ અદ્વિતીય હતાં. આ સંગ્રહસ્થાનમાંની અમૂલ્ય વસ્તુઓ ભારતીય શિલ્પ, ચિત્ર, મૃણ્મય પાત્રો, મૂર્તિઓ, વસ્ત્ર, અલંકાર, સિક્કાઓ અને એવી અનેક ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પુરાતત્ત્વીય મહત્ત્વ ધરાવે છે તથા ભારતીય સાહિત્યમાં હસ્તપ્રતોથી માંડી અદ્યતન સાહિત્યકારોની પાંડુલિપિઓનો સમૃદ્ધ ખજાનો તેમાં છે. આ સંગ્રહાલયની ગણના આપણા દેશમાં તો મહત્ત્વની છે જ, પરંતુ વિદેશી વિદ્વાનો માટે પણ અભ્યાસનો નિધિ છે.

સાહિત્ય, કલા તથા પ્રકાશનક્ષેત્રે કરેલી અનન્ય સેવાઓ બદલ ભારત સરકારે એમને 'પદ્મભૂષણ', 'પદ્મવિભૂષણ'ના ઈલકાબોથી વિભૂષિત કર્યા હતા. લલિતકલા અકાદમીએ 'ફેલોશિપ' પ્રદાન કરી હતી. કાશી નાગરી પ્રચારિણી સભા દ્વારા 'વાચસ્પત્ય', હિન્દી સાહિત્ય સંમેલને 'સાહિત્ય વાચસ્પતિ', મેરઠ વિશ્વવિદ્યાલયે પીએચ.ડી.ની માનદ્ ઉપાધિથી વિભૂષિત કર્યા હતા. કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયે ડિ. લિટ્‌ની ઉપાધિથી સન્માનિત કર્યા હતા. જીવનભરની અર્જિત કળાનિધિ એમણે કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયને અર્પિત કરી દીધી હતી.

જીવનની અન્તિમ સ્થિતિ સુધી એમણે નિતાન્ત લેખનકાર્ય ચાલુ રાખ્યું હતું. સદ્‌ભાગ્યે એમના સુપુત્ર ડૉ. આનંદકૃષ્ણે એમની જ્ઞાનસંપદાને દીપાવી છે. એઓ ભારતીય કલાક્ષેત્રે વિશેષ સેવા આપી રહ્યા છે. કુળપરંપરા અનુસાર રઈસીને પણ ઠીકઠીક ઉદારતાથી નિભાવે છે. એઓ સંગીત, સંસ્કૃત તેમજ અન્ય વિષયોના પણ અચ્છા જાણકાર છે. સ્વ. રાયસાહેબના સંસ્મરણોનો વિપુલ સંગ્રહ એમની પાસે છે, જે ભવિષ્યમાં પ્રકાશિત થવાની સંભાવના છે.

મારો રાયસાહેબ સાથેનો ખૂબ નિકટનો સંબંધ હતો. એમના પરિવારના સદસ્ય-સમું મારું સ્થાન છે. એમના પુત્ર ડૉ. આનંદકૃષ્ણ, જેમને અમે રાજાભૈયાના હુલામણા નામથી સંબોધીએ છીએ એમના પત્ની રાનીબહેન (સૌ. ઊર્મિલાજી) ખૂબ જ નમ્ર, વિવેકી અને સેવાભાવી સન્નારી છે. એમના બન્ને પુત્રો ડૉ. કલ્યાણકૃષ્ણ અને ડૉ. નવલકૃષ્ણ પણ કુળ પરંપરા અનુસાર જ્ઞાનસંપન્ન અને નમ્ર, વિવેકી તથા મારા આત્મીય સ્વજન છે.

અહીં મેં એમણે હિન્દી સાહિત્યમાં કરેલા પ્રદાન વિશે થોડી માહિતી આપી છે. પરંતુ રાયસાહેબની પરંપરાગત રઈસી, એમનાં સ્મરણો તથા વિચક્ષણતા અને વિલક્ષણતા વિશે થોડી માહિતી એમની અન્તર્ગત પ્રતિભાનો પરિચય આપશે એમ હું માનું છું. આ યુગમાં તો આવી બધી વાતો દંતકથાઓ જેવી જ મનાશે, પરંતુ આ હકીકતો છે.

– વાસુદેવ સ્માર્ત

# ભારત કલાભવનની 'બનારસ દીર્ઘા'

કાશીનું 'ભારત કલા-ભવન' એ દેશનો એક સર્વતોમુખી અને સમૃદ્ધ કલાકોષ તો છે જ, પણ દુનિયાનાં સંગ્રહસ્થાનોમાં પણ તેનું સ્થાન ગણનાપાત્ર છે. તેનો અમૂલ્ય અને વૈવિધ્યપૂર્ણ સંગ્રહ પ્રાગૈતિહાસિક વિભાગ, મૂર્તિ વિભાગ, ચિત્રકલા વિભાગ, લલિત કલા વિભાગ, વસ્ત્ર વિભાગ, બૃહત્તર ભારત વિભાગ, મુદ્રા વિભાગ, ઈતિહાસ-પુરાતત્ત્વ વિભાગ, સાહિત્ય વિભાગ, હસ્તલિખિત ગ્રંથોનો વિભાગ અને બાપુ (ગાંધીજી) વિભાગ એમ કુલ ૧૧ વિભાગોમાં વહેંચાયેલો અને અત્યંત સમૃદ્ધ છે. આ અગિયાર વિભાગો ઉપરાંત ભારતીય ઈતિહાસ તથા કલાસંબંધી મૂલ્યવાન ગ્રંથો સહિતનું પુસ્તકાલય તથા મબલખ ફોટોગ્રાફોનો સંગ્રહ અને ભવનનો પોતાનો પ્રકાશન વિભાગ પણ છે.

ભારત કલાભવનના સંસ્થાપક કલા-ઋષિ તુલ્ય શ્રી રાયકૃષ્ણદાસજીનું એક સ્વપ્ન હતું કે બનારસમાંથી લુપ્ત થતાં બનારસીપણું બનારસની અનૂઠી કારીગરી, બનારસી કલાકૌશલ અને બનારસની સાંસ્કૃતિક પરંપરાના રક્ષણ તથા સંરક્ષણ માટે બનારસ-સંગ્રહાલયની સ્થાપના કરવી અને તેમાં આ બધા અણમોલ નિધિઓને બનારસના ઈતિહાસને ભવિષ્યની પેઢીની જાણ માટે, ઇમાનદારીથી, મૂલરૂપમાં સુરક્ષિત રાખવા.

દુર્ભાગ્યવશ રાયસાહેબના જીવનકાળ દરમિયાન 'બનારસ દીર્ઘા'ની જાહેરાત ન થઈ શકી. પરંતુ એમના અવસાન પછી શ્રદ્ધાંજલિ રૂપે કાશી હિન્દુ વિશ્વ વિદ્યાલયના કુલપતિ મહોદયના આવાસ પર સંસ્કાર પીઠ સમા આ ઋષિની અંતિમ ઇચ્છાને સાકાર કરવાનો સંકલ્પ કર્યો હતો.

શ્રી સરકારજીએ ૧૯૩૬માં 'કાશી પ્રદર્શન' પ્રકાશિત પુસ્તકમાં, બનારસી લોક, ઘરેણાંઓ, હવેલીઓ, મંદિરો, બનારસનાં કલાકૌશલ, ચિત્રકલા અને બનારસની સંસ્કૃતિ બાબત એમની જેટલી જાણ હતી એ જણાવી હતી. કાશીના અનેક વિદ્વાનો, ઈતિહાસજ્ઞો, સ્થપતિઓ વગેરની સહાયથી ૧૯૭૮માં 'યુગ યુગ મેં વારાણસી' પ્રદર્શનનું આયોજન પણ થયું હતું.

બનારસના ધાર્મિક સ્વરૂપનું સૂક્ષ્મ અને ગહન અધ્યયન પંડિત કુબેરનાથ સુકુલજીએ કર્યું છે. એમણે 'વારાણસી વૈભવ' નામે બૃહદ્ ગ્રંથ પ્રકાશિત કર્યો છે. આ કાર્યભાર સુકુલજીને રાયસાહેબે સોંપ્યો હતો. સુકુલજીએ પોતાનો સમસ્ત સંગ્રહ-અલભ્ય પુસ્તકો, માનચિત્ર, આલેખો, પોતાનાં પ્રકાશિત પુસ્તકો, પાંડુલિપિઓ, શોધસંદર્ભલેખો, અનેક ચિત્રો અને કલાકૃતિઓ બનારસ દીર્ઘાને ભેટમાં આપ્યાં છે.

આ કલાવીથિમાં પ્રેક્ષક 'બનારસ'ને પૂર્ણ રૂપે જોઈ શકશે. જો કે આ તો સંગ્રહની શરૂઆત જ છે. આજે પણ બનારસના રઈશો એટલે, ધનવાન-સંપન્ન લોક નહિ, પરંતુ ઉદાર બનારસી કે જેમની પાસે આજે પણ અણમોલ વસ્તુઓ છે એઓ, આ સંગ્રહસ્થાનને તે અર્પણ કરી આ મહાન કાર્યમાં યોગદાન પ્રદાન કરે એવી આયોજકોએ વિનંતી કરી છે.

આ 'બનારસ દીર્ઘા'માં પુરાતત્ત્વ, ભૂગોળ, ભૂગર્ભવિસ્તાર, ગંગા અને એના ઘાટો, મંદિરો, મસ્જિદો, ગુરુદ્વારો, ગિરજાઘરો, તીર્થસ્થાનો અને તીર્થયાત્રીઓ, ઉત્સવો, તહેવારો, મેળાઓ, સંગીત અને સંગીતકારો, બનારસી ચિત્રકલા, બનારસી કલા-કૌશલ, સાડી, ગાલીચાઓ, લાકડાનાં, માટીનાં અને ધાતુનાં રમકડાં, હાથીદાંતનું કામ, શિક્ષાદીક્ષા, મહામના પંડિત માલવિયજીનું સાકાર સ્વપ્ન કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય અને અનેક વિદ્યાલયો, પંડિતો, સંતો, મહાત્માઓ, સાહિત્યકારો, બનારસના કુટીર-ઉદ્યોગો, રામલીલા, સ્વાતંત્ર્ય-સંગ્રામની યાદો, પ્રકાશનો, અખબારો, પત્રિકાઓ, અખાડાઓ અને પહેલવાનો વગેરે સાથેસાથે કાશીની આધ્યાત્મિક ચેતના અને ઠેઠ બનારસીપણાને ઉજાગર કરવાનું ધ્યેય છે. જિજ્ઞાસુ વ્યક્તિને અહીં એકસાથે બનારસ જોવા મળશે.

રાયસાહેબનું સ્વપ્ન આ રીતે સાકાર થયું છે. આ કલાદીર્ઘામાં ઉપરોક્ત વસ્તુઓ કોઈ ને કોઈ સ્વરૂપે સુંદર રીતે આયોજિત કરવામાં આવી છે. ચિત્રો, ફોટોગ્રાફ્સ, નમૂનાઓ, હસ્તલિખિત પોથીઓ, ગ્રંથો ઇત્યાદિ પ્રચૂર માત્રામાં દર્શકો માટે, સંક્ષિપ્ત ઈતિહાસ સાથે, રજૂ કરવામાં આવ્યાં છે.

બનારસમાં અન્ય સંગ્રહસ્થાનો, અમૂલ્ય પુસ્તકાલયો, સંસ્થાઓ વિદ્યમાન છે, પરંતુ સમસ્ત બનારસનું એક નાનકડું સ્વરૂપ જે દર્શકોને પ્રાચીનકાળથી આજસુધીનો બધાં જ પાસાંઓનો ખ્યાલ આપે એવું આ એક જ પ્રદર્શન છે. શ્રદ્ધેય રાયસાહેબના સ્વપ્નની આ અમૂલ્ય ભેટ યુગો સુધી એમને અમરત્વ પ્રદાન કરશે. વાસુદેવ સ્માર્ત

અનુસંધાન) માધુકરી (પૃ. ૩૧૯ પરથી

ખાનગી હૉસ્પિટલો અને ખાનગી ડૉક્ટરોની ફી ખૂબ જ ઊંચી છે તે હકીકત છે. સામાન્ય માણસ ખાનગી અને સરકારી હૉસ્પિટલ વચ્ચે ભીંસાય છે. તે તરફ રાજ્યનું લક્ષ જતું નથી. તે આપણા રાજ્ય વહીવટની કમનસીબી છે. તબીબી સેવાઓ અને શૈક્ષણિક સેવાઓ બન્ને સેવાઓ અનિવાર્ય અને પ્રજાના ઘડતર અને ચણતર માટે આવશ્યક છે. દરેક ક્ષેત્રમાં સરકારી સેવાઓ ખાડે જાય તો તે સેવાઓ પાછળ સરકારી ખર્ચ બચાવી પ્રજાને સારી સેવાઓ મળે તેવા પ્રયત્નો થવા જોઈએ. ખાનગી ક્ષેત્ર અને સરકારી ક્ષેત્ર બંને ક્ષેત્રના દોષો છે અને ગુણ પણ છે. એક રીતે બન્ને ક્ષેત્રે હરીફાઈ પણ છે. સ્પર્ધા હોય ત્યાં હંમેશાં સારી સેવાઓ મળે. પરંતુ સરકારી ક્ષેત્રે ઉત્તમ સેવાઓ મળવી જોઈએ તો જ ખાનગી ક્ષેત્રની અનિવાર્યતા ના રહે. સરકારે આ દિશામાં જાગૃત બની પ્રજા પ્રત્યે પોતાની ફરજ અદા કરવી જોઈએ.

ખાનગી હૉસ્પિટલો પોતાને ભાગે નામોશી કે બદનામી ના આવે એટલે જ મોટા ભાગે દર્દીની સ્થિતિ ગંભીર હોય કે ગંભીર બને ત્યારે ખાનગી હૉસ્પિટલના દર્દીઓની ભરતી સરકારી હૉસ્પિટલોમાં કરે છે. સરકારી હૉસ્પિટલો આવા કેસો દાખલ કરવાની ના પાડી શકતી નથી. આ સંજોગોમાં છેવટે બદનામી સરકારી હૉસ્પિટલોને શિરે આવે છે.

આ બધાનો ઉપાય નાના-નાના ડૉક્ટરોએ ભેગા મળી સેવાભાવી ટ્રસ્ટો અથવા સહકારી મંડળીઓ ઊભી કરવી જોઈએ અને તે રીતે પ્રજાને સસ્તા અથવા રાહતને દરે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

આજનો જમાનો જ અર્થ પાછળ ઘેલો બન્યો છે. નવી પેઢીમાં સેવા કરવાની વૃત્તિ ઓછી થતી જાય છે. આની અસર ડૉક્ટરો અને શિક્ષકો પર પડી છે. શિક્ષણક્ષેત્ર જાહેરમાં બદનામ થઈ ચૂક્યું છે. ડૉક્ટરોમાંથી સેવાભાવ લુપ્ત થતો જાય છે એ હકીકત છે. ડૉક્ટરોએ પણ પોતાના આત્માને પૂછીને સેવાભાવ તેમનામાં ટકી રહે તે ડૉક્ટર તરીકે જોવાની પણ તેમની ફરજ છે. તેમનાં તબીબી મંડળો મારફત પ્રતિપાદન કરવું જોઈએ તેમ સમાજના સેવકો તરીકે ડૉક્ટરોએ બહાર આવવું જોઈએ.

# અતીતમાં અવગાહન

## મનુષ્ય એટલે શું ?

तरवोऽपि हि जीवन्ति जीवन्ति मृगपक्षिणः
स जीवति मनो यस्य मननेन हि जीवति

વૃક્ષો પણ જીવે છે અને પશુપંખીઓ પણ જીવે છે, પરંતુ તે જ ખરેખર જીવે છે કે જેનું મન મનન વડે જીવે છે.

'મનુષ્ય' અને એક અતિ ગંભીર અર્થથી ભરેલો શબ્દ છે. મન્ એટલે 'મનન કરવું,' એ ધાતુ ઉપરથી એ વ્યુત્પન્ન થયો છે. અંગ્રેજી શબ્દ 'man'નું એ મૂળ રૂપ છે અને પૃથ્વીની અન્ય પ્રજાઓ સાથે આપણો સંબંધ સૂચવે છે. વળી, વૃક્ષો ને અન્ય પ્રાણીઓ કરતાં પોતાની વિશિષ્ટતા ને શ્રેષ્ઠતા એ પ્રકટ કરે છે.

વૃક્ષોમાં જીવન છે, પરંતુ તે સ્થાવર છે. એમાં વિકાસ છે, પણ તે એક જ પ્રકારનો છે. વૃક્ષો કરતાં પ્રાણીઓનું જીવન ચડિયાતું છે. પ્રાણીજીવન જંગમ છે. એમાં ઇન્દ્રિયોનું જીવન છે, પરંતુ એ જીવન મનનહીન છે. મનુષ્યનું જીવન જ એવું છે કે જે મનનશીલ હોવાને લીધે વ્યાપક જીવનઉદ્દેશ નેત્ર સમક્ષ ખડો કરે છે. એ એક જ જીવન એવું છે કે જેનો વિકાસ વિવિધ અને અસીમ થઈ શકે છે.

પરંતુ મનુષ્યનું કુલ શું ? એના દૂર દૂરના પૂર્વજો કોણ ? આ તપાસ કરતાં 'કપિ અને વ્યાઘ્ર' એના પૂર્વજો તરીકે મળી આવે છે. 'કપિ અને વ્યાઘ્ર'ની વૃત્તિઓ મનુષ્યને વારસામાં પ્રાપ્ત થઈ છે. પ્રાણીજીવનમાંથી મનુષ્યમાં આ હીન વૃત્તિઓ ઊતરી આવી છે. આ હીન વૃત્તિઓને મનુષ્ય અંકુશમાં રાખી શકે છે. પરંતુ એનો અર્થ એવો નથી કે આ વૃત્તિઓ મનુષ્યમાં સર્વથા નિર્મૂળ બને છે. પોતાની ઊંચી વૃત્તિઓને પોષવા માટે એણે હીન વૃત્તિઓનો ઉપયોગ કરવાનો રહે છે. ઉદાહરણ તરીકે, કપિની વૃત્તિ લઈએ. મુખ્યત્વે કરીને કપિમાં અનુકરણવૃત્તિ રહેલી છે. મનુષ્યજીવનના વિકાસમાં અનુકરણવૃત્તિનું ઘણું મહત્ત્વ છે. આ ઉપકારક વૃત્તિને લીધે જ્ઞાનપ્રાપ્તિમાં ઘણી કરકસર થાય છે. આ વૃત્તિ મનુષ્યમાં એકતા સ્થાપે છે. આપણે 'કાલિદાસ અને શંકર જે વાણી બોલતા તે બોલીએ છીએ' એ અનુકરણવૃત્તિનો મહિમા છે. પરંતુ અનુકરણ સમજણપૂર્વક કરવું જોઈએ. એ કેવળ ચાળા કે ચેષ્ટા ન હોવું જોઈએ. જ્ઞાનપૂર્વકનું અનુકરણ એ કપિથી મનુષ્યનો ભેદક ગુણ છે.

હવે વ્યાઘ્રની વૃત્તિ લઈએ. શરીરબળ અથવા સ્થૂલબળ એ વ્યાઘ્રની સ્વાભાવિક વૃત્તિ છે. મનુષ્ય એના કુલને- એના પ્રાણીજીવનના વારસાને- સર્વથા પાછળ મૂકી આગળ વધતો નથી. પોતાની પૂર્વની પેઢી - પોતાની પ્રાક્ મનુષ્યાવસ્થાનો વારસો એનામાં હજી પણ ચાલુ રહ્યો છે. અર્થાત્ એનામાં વ્યાઘ્રનો પરંપરાગત સ્થૂલ બળનો વારસો ઊતર્યો છે. આ સ્થૂલ બળનો ઉપયોગ તે અન્ય પ્રાણીઓ અથવા અન્ય મનુષ્યની સામે થવામાં ઘણી વાર કરે છે. અનેક વાર એ સત્યને ખાતર સ્થૂલ બળને ઉપયોગમાં લે છે અને એ વડે એણે કેટલીક સિદ્ધિ પણ મેળવી છે. પરંતુ સત્યનો વિજય શામાં ? સ્થૂલ બળના નિતાન્ત નાશમાં કે એને અંકુશમાં લઈ જાતે એનું સ્થાન લેવામાં ? સત્ય પોતાનું જ ધ્યેય સિદ્ધ કરવામાં સ્થૂલ બળનો ઉપયોગ કરે તો કેમ ? સ્થૂલ બળ વગરનું સત્ય અથવા અધ્યાત્મબળ એ કેવળ એક અમૂર્તભાવ છે; જેમ સત્ય અથવા અધ્યાત્મ બળ વગરનું સ્થૂલ બળ એ કેવળ પશુબળ છે.

પરંતુ સત્ય એટલે શું ? એનો નિર્ણય શી રીતે થાય ? પોતાનું અંતઃકરણ કહે તે સત્ય ? અત્રે એક ચેતવણી આપવાની જરૂર છે. અન્તર્દીપ ! તારા નામે આ જગતમાં કેટલાં પાપ થયાં છે ? કોઈ પણ અપકવ કે ભ્રાન્ત વિચાર એ અન્તર્દીપ ન હોઈ શકે. મનુષ્યે પોતાના મનનાત્મક વિચારને જગતના મહાન મનનશીલ મનુષ્યોના વિચાર સાથે સરખાવવો જોઈએ. આનો અર્થ એ નથી કે મનુષ્યે બુદ્ધિનો સ્વતંત્ર નિશ્ચય ન જ કરવો, પરંતુ જગતના પીઢ પ્રજ્ઞાવાન મનુષ્યોના વિચારોથી સર્વથા જુદા પડી પોતાના તરંગોને જ પ્રતિષ્ઠા આપવા માટે પ્રયત્ન કરવો એવો અન્તર્દીપનો સિદ્ધાંત હાનિકારક છે ને જગતમાં અનેક અનિષ્ટોનું મૂળ છે. સર્વના પ્રતિષ્ઠિત મત સામે સ્વમત સ્થાપવા દુરાગ્રહ કરવો એ સત્યની શોધ નથી. સ્વ અને પરનો સર્વમાં સમન્વય કરવો એ સત્યાન્વેષણનો ધોરી માર્ગ છે. અન્તઃકરણનો જે અવાજ સન્માનને પાત્ર છે તે કાલિદાસની નીચેની પંક્તિમાં પ્રકટ થાય છે :

सतां हि सन्देहपदेषु वस्तुषु
प्रमाणमन्तःकरणप्रवृत्तयः

(સત્પુરુષોને જ્યારે શંકા થાય ત્યારે અન્તઃકરણનો અવાજ કહે, તેમ કરવું.) આવું 'સત્પુરુષપણું' મનુષ્યે પ્રાપ્ત કરવું જોઈએ; કેમકે સત્પુરુષો જ પવિત્ર અંતઃકરણ દ્વારા સત્યનો સાક્ષાત્કાર કરી શકે છે. આમ, સત્યનો અનુભવ સહેલો નથી. સત્ય એ બે છેડા વચ્ચેનું મધ્યબિંદુ છે. મધ્યબિંદુ શોધવું બેશક બહુ મુશ્કેલ છે. પરંતુ એ મુશ્કેલ છે એટલે જ મૂલ્યવાન છે.

પ્રગતિ એ મનુષ્યનું લક્ષણ છે; દેવ કે પશુનું નહિ. પરંતુ મનુષ્યજાતિ ધીમે ધીમે પ્રગતિ કરે છે. એનો ઘણો મોટો ભાગ નીચી કક્ષાએ રહે છે. અસંખ્ય મનુષ્યો ઘોર અજ્ઞાન અને સ્વાર્થમાં પડ્યા છે. જેમ મહાસાગરમાં અનંત મોજાંમાંથી કોઈ એક મોજું કોઈકવાર વિશાલ જલપ્રદેશ ઉપર વિસ્તરે છે, જેમ ધગધગતી રેતીના રણના વિસ્તૃત પ્રદેશ ઉપર એકાદ પ્રવાસીનાં ચરણ ફરી વળે છે, તેમ જનસમૂહમાંથી કોઈ વિરલ જ વ્યક્તિ આગળ જાય છે ને અન્યને નમૂનારૂપ બને છે. જ્યારે સમસ્ત જનસમુદાય પોતાની સર્વશક્તિઓનો વિકાસ કરશે, ત્યારે બ્રાઉનિંગના શબ્દોમાં મનુષ્યજાતિનું બાળપણ મંડાશે.

અલબત્ત, મનુષ્યસ્વભાવની મર્યાદાને ઓળંગી જનાર મનુષ્યો આજ પણ આ વિશ્વમાં વિરાજે છે. પરંતુ તેમની સંખ્યા વિરલ છે. તેઓ અપૂર્ણ મનુષ્યોની મધ્યમાં પૂર્ણ મનુષ્યત્વથી દીપે છે. તેઓ અનેક પુણ્યશાળી મનુષ્યોને તારે છે અને એમના જીવનનું કેન્દ્ર બને છે. જગતના અનુગ્રહ અર્થે તેઓ જીવે છે અને એને તમસમાંથી જ્યોતિમાં અને અસત્‌માંથી સત્‌માં લઈ જાય છે. મનુષ્ય-કલ્યાણથી ભિન્ન એવું કોઈ પણ બીજું કલ્યાણ તેઓ કલ્પતા નથી. તેઓ મનુષ્યને ખાતર, મનુષ્યત્વના વિકાસ ખાતર, મનુષ્યજાતિની સેવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પણ કરે છે.

પ્રકૃતિમાં સર્વત્ર સત્ય રૂપ પરમાત્માના છૂટાછવાયા ગુણો વેરાએલા છે. એ સર્વનો સમુદાય 'મનુષ્ય'માં પરિસીમાએ પહોંચે તેમ છે. મનુષ્ય મનનશીલ હોવાથી પૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત કરી શકે છે અને અન્ય મનુષ્યોના અનુકરણ માટે આદર્શ થઈ શકે છે. આવું પૂર્ણ મનુષ્યનું જીવન માનવજાતિને મહાન ઉપકારક છે. આવા જીવનનો આદર્શ કાલના પ્રવાહમાં જો સહીસલામત રહેશે તો પ્રત્યેક યુગના નવા મંનુષ્યો એનો અભ્યાસ કરશે અને એને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરશે. મહાન આત્માનું વિસ્મરણ એ મનુષ્યની એક પરમ કરુણતા છે; એનું સ્મરણ એ એનું અભિનવ જીવન છે.

રતિલાલ મોહનલાલ ત્રિવેદી
(સળંગ અંક ૨૭૯માંથી)

# ટચૂકડો શાહજાદો

(એક ઈરાની બાલવાર્તા)

એક બાદશાહ હતો. એને કોઈ સંતાન ન હતું એટલે એ બહુ દુઃખી અને ગમગીન રહેતો. દુઃખમાં ને દુઃખમાં ક્યારેક એ રણવગડામાં ચાલ્યો જતો અને એકાંતમાં આંસુ સારતો.

એક વાર વગડામાં જતાં એને એક દરવેશ મળી ગયો. કુર્નિસ બજાવીને દરવેશે બાદશાહને માન આપ્યું અને પછી પૂછ્યું : 'હે બાદશાહ, આપ આમ એકલા ક્યાં જાઓ છો ? અને આપ ગમગીન કેમ લાગો છો ?' બાદશાહે પોતાના દુઃખની બધી વાત કરી એટલે થોડો વિચાર કરી દરવેશે બાદશાહને પૂછ્યું, 'આપને કેટલી બેગમો છે ?'

બાદશાહે કહ્યું કે એને ચાર બેગમો હતી. આ સાંભળી દરવેશે એને ચાર સફરજન આપ્યાં અને કહ્યું, 'આમાંથી આપની ચારેય બેગમને એક એક સફરજન ખાવા આપજો. ખુદાની મહેરબાનીથી આપની ઈચ્છા ફળશે.' બાદશાહને લાગ્યું કે દરવેશે આપેલાં આ ફળ ખાવાથી એની ચારેય બેગમને સંતાન જરૂરથી થશે. રાજી થતોથતો બાદશાહ પેલાં ફળ લઈ પોતાના રાજમહેલમાં પાછો ફર્યો. ચારેય બેગમોને બોલાવી અને દરેકને એક એક ફળ ખાવા આપ્યું. ત્રણ બેગમો તો પોતાને ભાગે આવેલું ફળ આખેઆખું છાલ-ગર સાથે તુરત ખાઈ ગઈ, પણ ચોથી બેગમે થોડુંક ફળ ખાઈને બાકીનું પછીથી ખાવા માટે એક બાજુ મૂકી દીધું, પરંતુ બાકી રાખેલું એ ફળ બેગમ ખાય તે પહેલાં તો એક કાગડો ઉપાડી ગયો. હવે જો બાદશાહને એ ખબર પડે કે ચોથી બેગમે પૂરું ફળ ખાધું નથી તો કદાચ એ બહુ ગુસ્સે થાય એમ ધારીને બેગમે આ વાત બાદશાહને કરી જ નહિ. સમય જતાં ચારેય બેગમે બાળકને જન્મ આપ્યો. પહેલી બેગમને એક પુત્રી આવી. બીજી બે બેગમે પુત્રને જન્મ આપ્યો અને ચોથી બેગમને જે પુત્ર આવ્યો તે પેલી ત્રણે બેગમનાં સંતાનો કરતાં અર્ધા જ કદનો ટચૂકડો હતો.

બાદશાહને પોતાની શાહજાદી અને બે મોટા શાહજાદાઓ પર બહુ વહાલ હતું. જેમ જેમ એ ત્રણે મોટાં થતાં ગયાં તેમતેમ બાદશાહે એમના શિક્ષણ માટે ઉત્તમ વ્યવસ્થા કરી અને અવારનવાર એમને જાતજાતની કિંમતી ભેટસોગાદો પણ આપતો. પરંતુ પેલા ચોથા ટચૂકડા શાહાજાદા નીમ તનકને તો એ પોતાના મહેલમાં પણ પેસવા દેતો નહિ. એના ઠીંગણા કદને કારણે બાદશાહને તે ગમતો નહોતો.

હવે બન્યું એવું કે જ્યારે આ ચારે સંતાનો મોટાં થયાં ત્યારે એક દિવસ નરભક્ષી જાતનો એક રાક્ષસ શાહજાદીને જોઈ ગયો. જોતાં જ એને શાહજાદી બહુ જ ગમી ગઈ. એક વાર આ શાહજાદી પોતાના ભાઈઓ સાથે વનમાં શિકાર ખેલવા ગઈ ત્યારે એકાએક આકાશમાંથી આ રાક્ષસ ઊતરી આવ્યો અને શાહજાદીને ઉઠાવી પોતાની ગુફામાં લઈ ગયો.

બાદશાહને જ્યારે શાહજાદીના અપહરણની જાણ થઈ ત્યારે તેને ઘણું દુઃખ થયું અને એટલો જ ક્રોધ ચડ્યો. એણે એક સૈન્ય તૈયાર કર્યું અને પછી એ સૈન્ય મોટા શાહજાદાને સોંપીને તેને રાક્ષસ પર ચઢાઈ કરી તેને મારીને શાહજાદી છોડાવી લાવવા આજ્ઞા કરી.

જ્યારે બાદશાહનું સૈન્ય લઈને શાહજાદો રાક્ષસની ગુફા નજીક પહોંચવા આવ્યો ત્યારે રાક્ષસને લાગ્યું કે પોતાના આવાસ તરફ કોઈ આવી રહ્યું છે. એણે એ શાહજાદીને બતાવ્યું અને પૂછ્યું કે આ શું દેખાય છે.

'મને તો ધૂળ ઊડતી દેખાય છે અને એક યુવાન ઘોડેસવાર એમની આગળ છે.' શાહજાદીએ કહ્યું.

થોડીવાર પછી રાક્ષસે ફરી પૂછ્યું કે હવે એ યુવાન શું કરે છે, ત્યારે શાહજાદીએ જોઈને કહ્યું કે હવે એ આદમી પાણી પીતો લાગે છે.

રાક્ષસે પૂછ્યું કે એ કેવી રીતે પાણી પીએ છે, ત્યારે શાહજાદીએ કહ્યું કે, 'એ આદમી ધીરેધીરે ઘૂંટડે ઘૂંટડે પાણી પીએ છે.'

'તો તો કાંઈ વાંધો નહિ. આપણે હસાય તેટલું હસીએ. કારણ કે એની સામે વિજય આપણો જ છે.' રાક્ષસે આનંદ પામતાં કહ્યું.

પછી શાહજાદાનું સૈન્ય ઠીક ઠીક નજીક આવી ગયું ત્યારે રાક્ષસે પોતાનાં હથિયારો લીધાં અને શાહજાદા સામે લડવા ગયો. આ ભયાનક રાક્ષસને લડવા આવતો જોતાં જ શાહજાદો ભયથી ધ્રૂજવા લાગ્યો અને એનાં હથિયારો પણ હાથમાંથી છૂટી પડ્યાં. રાક્ષસે દોડીને શાહજાદાને પકડી લીધો અને પોતાની ગુફામાં ઉઠાવી જઈ તેના વાળ બાંધીને એક તરફ લટકાવી દીધો. શાહજાદા સાથે આવેલા સૈનિકો પણ રાક્ષસના ભયંકર દેખાવથી ગભરાઈને નાસી ગયા. એમણે રાજમહેલમાં પહોંચી જઈ બાદશાહને બધી વાત કરી.

બાદશાહે પહેલાં કરતાં બમણા માણસો એકઠા કરી નવું સૈન્ય તૈયાર કર્યું અને પોતાના બીજા શાહજાદાને એ સોંપીને કહ્યું, 'જાઓ, અને રાક્ષસને મારીને તમારી બેન શાહજાદીને છોડવી લાવો.'

સૈન્ય લઈ બીજો શાહજાદો ઊપડ્યો. જ્યારે એ પેલી ગુફાની નજીક પહોંચ્યો ત્યારે અગાઉની પેઠે રાક્ષસે શાહજાદીને એ બતાવીને પૂછ્યું, 'બોલ શાહજાદી, તને શું દેખાય છે?'

'ધૂળ ઊડતી દેખાય છે. અને એક ઘોડેસવાર જુવાન સૈન્યની આગળ ચાલી તેને દોરીને આ તરફ આવી રહ્યો છે!' શાહજાદીએ કહ્યું.

જરા વાર રહીને રાક્ષસે પૂછ્યું, 'હવે એ શું કરી રહ્યો છે?'

'એ લીલી દ્રાક્ષ ખાતો લાગે છે!' શાહજાદીએ જવાબ દીધો.

'કેવી રીતે ખાય છે?' રાક્ષસે પૂછ્યું.

'ઝૂમખામાંથી એકએક દાણો તોડીને ખાય છે!'

'તો તો કંઈ ચિંતા નથી. ચાલો, આપણે હસાય તેટલું હસીએ!' રાક્ષસે આનંદ પામતાં કહ્યું, 'કારણ કે આની સામે પણ વિજય આપણો જ છે'

પછી રાક્ષસ હથિયાર સજીને શાહજાદા સામે લડવા ગુફાની બહાર નીકળ્યો. એનું ભયાનક રૂપ જોતાં જ બીજા શાહજાદાનું સૈન્ય પણ ભય પામી નાસી છૂટ્યું અને રાક્ષસે આ શાહજાદાને પણ પહેલા શાહજાદાની જેમ એના માથાના વાળ બાંધી પોતાની ગુફામાં લટકાવી દીધો.

ટચૂકડા નીમ તનકને આની જાણ થઈ ત્યારે તેણે વિચાર્યું કે પોતાની બહેનને તો રાક્ષસની કેદમાંથી છોડાવવી જ જોઈએ, પણ એ જાણતો હતો કે જો પોતે બાદશાહ પાસેથી મદદ માટે સૈન્ય માગશે તો એ એને નહિ જ આપે. આથી એણે જાતે એકલા જ જઈને શાહજાદીને છોડાવી લાવવા વિચાર્યું. અને એક રાતે ચોકીદારોનું ધ્યાન નહોતું ત્યારે બાદશાહની ઘોડારમાંથી એક મનપસંદ ઘોડો ઉઠાવી જઈ એ એકલો જ રાક્ષસને મારીને પોતાની બહેનને છોડાવવા છાનોમાનો ઊપડી ગયો.

ફરી રાક્ષસને લાગ્યું કે પોતાની ગુફા તરફ કોઈ આવી રહ્યું છે. ફરી અગાઉની જેમ તેણે શાહજાદીને બોલાવી અને ગુફા તરફના માર્ગ પર જોવાનું કહી પૂછ્યું, 'માર્ગ ઉપર શું દેખાય છે?'

'ધૂળ ઊડે છે અને તેની પાછળ એક ઘોડેસવાર એકલો આવી રહ્યો છે!' શાહજાદીએ કહ્યું.

'એ શું કરે છે?' પહેલાંની જેમ જ રાક્ષસે પૂછ્યું.

'હવે એ ઝરણામાંથી પાણી પી રહ્યો છે.' શાહજાદીએ કહ્યું.

'એ કઈ રીતે પાણી પીએ છે?' રાક્ષસે પૂછ્યું.

'ખોબેખોબે અને ઝરણમાં જેવું છે તેવું ચોકખું કે ડહોળું જોયા વિના એ પાણી પીએ છે.' શાહજાદીએ કહ્યું; અને પછી ફરી બોલી, 'અને હા, એની પાસે દ્રાક્ષનાં ઝૂમખાં પણ છે. તેમાંથી એ મોં ફાડીને ડાળપાંદડાં સાથે કોળિયા ભરીભરીને દ્રાક્ષ ખાય છે!'

'તો તો પછી હવે રડવું જ પડશે.' રાક્ષસે બૂમ પાડી કહ્યું, 'કારણ, હવે આની સામે હું જીતી નહીં શકું.' અને એમ જ થયું. છેક સુધી પહોંચી ગએલા નીમ તનકે રાક્ષસને જોયો કે તરત પોતાની તલવાર ખેંચી એના ઉપર તૂટી પડ્યો અને એક જ ઝાટકે બે ટુકડા કરી નાખ્યા.

રાક્ષસના શરીના એ ટુકડા હવે પોતાને કંઈ કરી શકે તેમ નથી એમ જાણી નીમ તનકે એના ઉપર તલવારના વધુ ઘા કરવાનું માંડી વાળ્યું. તરત એ ગુફાની અંદર પ્રવેશ્યો. વાળ બાંધીને રાક્ષસે ત્યાં લટકાવી રાખેલા પોતાના બંને ભાઈઓ છોડ્યા અને શાહજાદીને સાથે લઈ એ વિજય મેળવી બાદશાહના રાજમહેલમાં પાછો ફર્યો.


રાક્ષસનો વધ કરીને પોતાના બંને શાહજાદા તથા શાહજાદીને છોડાવી લાવવાના નીમ તનકના પરાક્રમથી બાદશાહ તો રાજીરાજી થઈ ગયો. હવે એ નીમ તનક પ્રત્યે માન અને પ્રેમથી વર્તવા લાગ્યો, અને એટલું જ નહિ, પોતાના બંને મોટા શાહદાઓને છોડી બાદશાહે નીમ તનકને જ પોતાની રાજગાદીનો વારસદાર બનાવ્યો. □

## સાહિત્યસંપર્ક

# 'દર્શક'ને નરસિંહ મહેતા પુરસ્કાર

હર્ષદ અ. ત્રિવેદી

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર, કેળવણીકાર અને જાગ્રત કર્મ-સંસ્કાર પુરુષ મનુભાઈ પંચોળી 'દર્શક'નો જન્મ તા. ૧૫મી ઓક્ટોબર ૧૯૧૪ના રોજ રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકના પંચાસિયા ગામે થયો હતો. બચપણથી જ વાચનરસિયા, ઉદ્યમી અને કર્મઠ મનુભાઈએ ૧૯૩૦ થી ૧૯૪૨ દરમિયાન સ્વાતંત્ર્ય સેનાની તરીકે ત્રણેક વખત જેલવાસ ભોગવ્યો. ઔપચારિક શિક્ષણ ઝાઝું મેળવવાનો અવકાશ મળેલો નહીં, પણ જેલ એમની શાળા-મહાશાળા બની. અનેક વિષયોનું મૂલગામી અધ્યયન જેલમાંથી શરૂ થયેલું તે આજ પર્યંત ચાલુ રહ્યું છે. ૧૯૩૮માં આંબલા ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના થઈ ત્યારથી તેઓ નાનાભાઈ ભટ્ટ સાથે જોડાયા અને એમના સંસ્કારવારસાના ઉત્તમ વારસ બની રહ્યા. લોકશાળાના વિચારને મૂર્તિમંત કરવા નાનાભાઈ સાથે લોકભારતી ગ્રામવિદ્યાપીઠની સ્થાપના (૧૯૫૩) કરી. લોકભારતીમાં શિક્ષણકાર્ય શરૂ કર્યું. નાનભાઈના અવસાન પછી નિયામક બન્યા અને હવે ટ્રસ્ટી તરીકે સેવાઓ આપે છે.



રણજિતરામ સુવર્ણ ચન્દ્રક, ભારતીય અકાદમી એવૉર્ડ, પૂજ્ય મોટા સુવર્ણચન્દ્રક, ભારતીય જ્ઞાનપીઠનો મૂર્તિદેવી એવૉર્ડ, કનૈયાલાલ મુનશી શતાબ્દી એવૉર્ડ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ડિ.લિટ્.ની માનદ ઉપાધિ જેવા પુરસ્કારો એમને એનાયત થયેલા છે. તાજેતરમાં જ ગુજરાત સરકારે સાહિત્ય-શિક્ષણની એમની દીર્ઘ સેવા બદલ રૂપિયા એક લાખનો નરસિંહ મહેતા ગૌરવ પુરસ્કાર એનાયત કર્યો છે.

સાહિત્ય અને શિક્ષણ સાથે સંકળાયેલા મનુભાઈ રાજનીતિથી પણ અલિપ્ત રહ્યા નથી. જવાબદાર રાજયતંત્ર ભાવનગરમાં શિક્ષણ પ્રધાનપદે પણ રહી ચૂક્યા છે. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, ગુજરાત નઈ તાલીમ સંઘ અને એવી અનેક પ્રવૃત્તિઓ-સમિતિઓ સાથે તેઓ સતત જોડાયેલા ને સક્રિય રહ્યા છે. ૧૯૮૧ થી ૧૯૮૩ દરમિયાન ગુજરાતી-સાહિત્ય પરિષદ-પ્રમુખનું ગૌરવવંતું સ્થાન દર્શકે શોભાવ્યું હતું. સાહિત્ય-શિક્ષણ તથા સંસ્કૃતિના પ્રસાર-પ્રચારાર્થે વ્યાખ્યાનો આપવા બ્રહ્મદેશ, ડેનમાર્ક, પૂર્વ આફ્રિકા, ઇઝરાઈલ, ઇંગ્લંડ-યુરોપ અને અમેરિકા જેવા દેશોના શુભેચ્છા-પ્રવાસો કર્યા છે. રાજ્ય સરકારે ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમી સ્વાયત્ત કરવાના ઉદ્દેશથી મનુભાઈને અકાદમી-અધ્યક્ષ બનાવ્યા. એમણે સમિતિ સાથે મળીને પૂરી નિષ્ઠાથી તૈયાર કરેલું સ્વાયત્ત અકાદમીનું બંધારણ સરકારને સોંપી પણ દીધું છે.

નવલકથા, નાટક અને નિબંધ જેવાં સાહિત્ય સ્વરૂપોમાં 'દર્શક'નું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. કથ્ય-સામગ્રી અને જીવન-અભિગમની ભૂમિકાએ 'દર્શક' ગોવર્ધનરામ ગોત્રના નવલકથાકાર છે. વળી, એમણે મુનશી, ર.વ.દેસાઈ તથા મેઘાણીને પણ આરાધ્યા છે. સંભવ છે કે મુનશીની નવલકથાકાર તરીકેની લોકપ્રિયતા અને ઇતિહાસપ્રિયતાએ એમને નવલકથા તરફ આકર્ષ્યા હોય, પરંતુ એમની નવલકથાઓમાં નિરૂપાયેલાં સામાજિક વાસ્તવ, પાત્રસૃષ્ટિ અને જીવનદર્શનમાં તેઓ ગોવર્ધનરામ, ર.વ.દેસાઈ અને મેઘાણીની વધુ નજીક જતા જણાય છે. એમની કૃતિઓમાંથી પ્રકટતી કરુણા, માનવતા અને સૌહાર્દની ભાવનનાં મૂળ એમના કેળવણીકાર વ્યક્તિત્વમાં પડેલાં છે. ક્યારેક તો એવું પણ લાગે કે નવલકથા એ માનવ સંસ્કાર-ઘડતર માટે એમણે સ્વીકારેલું એક શ્રદ્ધેય માધ્યમ છે.

'દર્શક'ને માટે ઇતિહાસ એ માત્ર શુષ્ક તવારીખ જ નથી, ઇતિહાસમાંથી વર્તમાનની સમસ્યાઓનો ઉકેલ શોધવામાં અને એ રીતે ભવિષ્ય-ઘડતર માટે ઇતિહાસનો સર્જનાત્મક સ્તરે ઉપયોગ કરવાનું એમનું વલણ રહ્યું છે. આદર્શવાદી અને ઉદાત્ત ભાવનાવાળાં એમનાં પાત્રોના વિકાસમાં જે આદર્શ-સંસ્કાર ગુરુની જરૂર પડી છે તેનાં સગડ ઇતિહાસ-સંસ્કૃતિ અને ફિલસૂફી પ્રત્યેની એમની શ્રદ્ધામાં જોવા મળે છે. ઐતિહાસિક સંદર્ભો અને કથાઓ તો મુનશી-ધૂમકેતુ વગેરેમાં પણ મળે છે, પરંતુ ભૂતકાળ બની ચૂકેલી, ઇતિહાસ બની ચૂકેલી ઘટનાને નિરૂપતાં નિરૂપતાં વર્તમાન સાથે તેનો અનુબંધ રચીને નવું અર્થઘટન આપવાનો અભિગમ 'દર્શક'ને એમના પુરોગામીઓથી જુદા પાડે છે. આમ થવાનું કારણ 'દર્શક'ની સાહિત્યપ્રીતિ કે સિસૃક્ષા જ માત્ર નથી, પણ આંખ-કાન-નાક ખુલ્લાં રાખીને એમણે સમાજને સંવેદ્યો છે એમ કહી શકાય.

'દર્શક'ની પ્રથમ નવલકથા 'બંદીઘર' (૧૯૩૫)માં જેલજીવનનાં વિવિધ પાસાંઓ આલેખાયાં છે. એમાં રાષ્ટ્રિય વાતાવરણના નિરૂપણમાં 'દર્શક'ના નિજી અનુભવોનો સંસ્પર્શ જોવા મળે છે. 'બંધન અને મુક્તિ' (૧૯૩૯) તો ૧૮૫૭ના મુક્તિસંગ્રામની પશ્ચાદ્ભૂમાં સર્જાયેલી નવલકથા છે, જેમાં ગાંધીયુગીન વાતાવરણ અને વિચારપ્રણાલીનો કાલવ્યત્યયદોષરહિત પ્રતિભાવ જોવા મળે છે. પરાધીન ભારતને સ્વાધીન પ્રજાતંત્રની પ્રેરણા આપતી નવલકથા 'દીપનિર્વાણ' (૧૯૪૪)માં પ્રકટ થઈ. એક રુચિર પ્રેમકથા સમેત એમાં ભારતનાં ગણરાજ્યોની ઐતિહાસિક સંદર્ભો સાથે મહાનિર્વાણની કથા ગૂંથાઈ છે. એમની અતિપ્રસિદ્ધ નવલકથા 'ઝેર તો પીધાં છે જાણી જાણી' ભાગ ૧-૨-૩ માં મૈત્રી, કરુણા, ઉપેક્ષા અને મુદિતાની ક્રમિક ભૂમિકાએ જીવનનું બહુપરિમાણી ચિત્ર ઊપસ્યું છે. 'સોક્રેટિસ' (૧૯૭૪) એના કથાનાયકની માંગલ્યમય સત્યની આરાધનાને નિરૂપતી ઘટનાપ્રધાન, ભાવનાવાદી અને ચિંતનપ્રેરક નવલકથા છે.

આ ઉપરાંત 'જલિયાંવાલા' (૧૯૩૪), 'અઢાર સો સત્તાવન' (૧૯૩૫), 'પરિત્રાણ' (૧૯૬૭), 'અંતિમ અધ્યાય' (૧૯૮૩) એમના નાટ્યસંગ્રહો છે. જ્યારે 'વાગીશ્વરીનાં કર્ણફૂલો' (૧૯૬૩), 'મંદારમાલા' (૧૯૮૫) વિવેચનગ્રંથો છે. આ સિવાય 'વારસો અને વૈભવ'થી માંડીને 'સદ્‌ભિઃ સંગઃ' સુધીના વિવિધ વિષયોને આલેખતાં બીજાં પંદરેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. 'કુરુક્ષેત્ર' (૧૯૯૧) મહાભારતના અતિખ્યાત એવા કથાનકના એક અંશને લઈને લખાયેલી એમની તાજેતરની નવલકથા છે.

આમ, આપણે જોઈએ છીએ કે સાહિત્યકાર તરીકે 'દર્શક'ની સર્જક પ્રતિભાનો ઉત્તમ આવિષ્કાર નવલકથામાં થયો છે. સાહિત્ય જેટલું જ લોકશિક્ષણને મહત્ત્વ આપતા 'દર્શક'ને જોઈને સહજ પ્રશ્ન થાય કે 'દર્શક' લોકના માણસ ઝાઝા કે સર્જક ઝાઝા ? સર્જનને ભોગે પણ તેઓ લોકમાં રમમાણ રહ્યા છે એ શું સૂચવે છે ? 'દર્શક' બીજું બધું પછી, પહેલાં એક શિક્ષક છે; અને શિક્ષક હોવાને નાતે સમાજનાં તમામ સ્તરોનો એમને પ્રત્યક્ષ અનુભવ છે. જીવનની વિષમતાઓ વચ્ચે પણ મંગલતત્ત્વો પરની એમની અખૂટ શ્રદ્ધાને લીધે જ એમની નવલકથાઓ આગવું ને ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકી છે.

'દર્શક'ની પૂરી વિચારસરણી અને અભિવ્યક્તિ 'ભારતીય' રહી છે. એમનાં તમામ સર્જનોમાંથી ભારતીયતાનું દર્શન પ્રકટે છે, અને એથી જ એમનું સન્માન એ આપણા વારસા-વૈભવ અને શીલ-સંસ્કારનું સન્માન છે એમ કહી શકાય.

આજે જ્યારે દર્શક નરસિંહ-પુરસ્કારથી પુરસ્કૃત થાય છે ત્યારે નરસિંહે 'લોકવરણમાં શ્રી-હરિભક્તિ, પ્રેમ કરીને લાગ્યા પાય' - ગાઈને વ્યક્ત કરેલી, સમાજના છેવાડે ઊભેલા માણસમાંની અતૂટ શ્રદ્ધાને દોહરાવતું દર્શકનું, મૂર્તિદેવી-પુરસ્કાર-સ્વીકાર કરતી વેળાનું વ્યાખ્યાન યાદ આવે છે. એમાં એમણે, જ્યાં વરણ અને વેશનો ભેદ નથી એવો દેશ દેખાડવાની કલાકારની ખેવના વ્યક્ત કરી હતી. ગુજરાતી ભાષામાં આવી નરસિંહ વિરાસત ખીલતી રહો એ અભિલાશ સાથે ઈતિ અલમ્ ! □

## શબ્દાર્થચર્ચા

## યોગેન્દ્ર વ્યાસ

અહીં 'જોવું' શબ્દજૂથના સભ્ય હોય તેવા શબ્દોના વિવિધ અર્થોની-વપરાશની ચર્ચા કરી છે.

| | | |
|---|---|---|
| અવલોકવું | સક્રિ. [સં. અવલોક] જોવું, તપાસવું, અવલોકન કરવું | ૪૯ |
| જોવું | સક્રિ. [પ્રાજો,જોઅ, જોવ] દેખવું; આંખ વડે જાણવું (૨) [લા.] તપાસવું, વિચારવું, ધ્યાન આપવું (૩) વાંચવું, અભ્યાસ કરવો (જેમ કે પ્રૂફ જોવાં; કામના કાગળો કે જોશ જોવા ઈ.) (૪) અખતરો કરવો, પ્રયોગ કરવો (જેમ કે, જોવું હોય તો આવી જા) એ અર્થમાં બીજાં ક્રિયાપદો સાથે સહાયકારક તરીકે વપરાય છે. જેમ કે : કહી જોવું, બોલાવી જોવું, કરી જોવું . | ૩૫૮ |
| તાકવું | સક્રિ. [સં.તર્ક, પ્રા.તક્ક અથવા સં. તક્] એક નજરે જોયા કરવું (૨) નિશાન બાંધવું (૩) ધારવું, ઇચ્છવું | ૪૧૧ |
| દીસવું | અક્રિ. [સં. દૃશ્, પ્રા. દિસ્સ] દેખાવું (૨) [લા.] ભાસવું, સૂઝવું. | ૪૪૫ |
| દેખવું | અક્રિ. [પ્રાદેક્ખ, અપ. દેખ [સં.દૃશ્] જોવું | ૪૫૦ |
| નિહાળવું | સક્રિ. [સં. નિ+ભાલ, પ્રા. ણિહાલ] ધારી ધારીને જોવું | ૪૯૫ |
| નિરીક્ષવું | સક્રિ. [સં. નિરીક્ષ] અવલોકવું | ૪૯૧ |
| નિરીખવું | સક્રિ. [પ્રા નિરીક્ખ] નિરીક્ષવું, નીરખવું | ૪૯૧ |
| નીરખવું | સક્રિ. [સં. નિરીક્ષ, પ્રા. નિરક્ખ] બરાબર જોવું | ૪૪૭ |
| ભાસવું | સક્રિ. [સં. ભાસ] દેખાવું (૨) સમજાવું, લાગવું (૩) પ્રકાશવું. | ૬૨૭ |
| ભાળવું | સક્રિ. [સં. ભલ્] જોવું, અવલોકવું | ૬૨૭ |
| ભાળ | સ્ત્રી [જુઓ ભાળવું] પત્તો, ખબર, શોધ (૨) અંજામ | ૬૨૭ |

૧. 'આ પુસ્તક તમને અવલોકવા આપ્યું છે.' 'અવલોકવું' એટલે ઝીણવટથી, ધ્યાનપૂર્વક જોવું, તપાસવું. એમાંનાં સારાં-નરસાં પાસાંનો ઝીણવટથી અભ્યાસ કરવો. 'આ પુસ્તક તમે જોઈ જજો' એવા વાક્ય સાથે ઉપરનું વાક્ય સરખાવવાથી 'ઝીણવટથી અભ્યાસ કરવો' એવો 'અવલોકવા'નો અર્થ સ્પષ્ટ થશે. 'જોઈ જવું' એટલે ઉપર ઉપરથી, ઝડપથી વાંચી જવું. સામાન્ય રીતે 'અવલોકન કરવું' એમ 'કર' સહાયકારક ક્રિયાપદ સાથે તે વપરાય છે તે ઉપરથી એમ પણ કહી શકાય કે જવાબદારીપૂર્વક, કર્તૃત્વના ભાન સાથે જોવાની જે ક્રિયા છે તેને 'અવલોકવું' કહી શકાય.

૨. 'જાગીને જોઉં તો જગત દીસે નહીં,'
- નરસિંહ

'મુજને સર્વભૂતોમાં સર્વભૂતોને મુજમાં
જુએ છે તે દેખે છે.... - ભગવદ્‌ગીતા

'કિસ્મત બતાવે ખેલ તે આનંદથી જોવા
સહી ! - કલાપી

સહજ રીતે દેખવાની જે ક્રિયા છે તેને 'જોવું' કહે છે. આંખ વડે થતો સહજ અનુભવ. કોશકાર ભલે એમ કહે કે 'પ્રૂફ જોવાં' 'કામના કાગળો જોવા' 'જોશ જોવાં' વાક્યમાં, ધ્યાનથી જોવું, અભ્યાસ કરવો એવો અર્થ થાય છે, પરંતુ આવા કેટલાક વપરાશો બાદ કરતાં 'મારો થીસિસ જોયો ?' અથવા 'મારી પેન ક્યાંક મુકાઈ ગઈ છે, તમે જોઈ છે ?' એવા વપરાશ વધુ મળે છે. આ વપરાશોમાં 'થીસિસ જોયો ?' કેટલો સારી રીતે ટાઈપ થયો છે, બંધાવડાવ્યો છે વગેરેની, ઉપરછલ્લી રીતે જોવાની વાત જ હોય છે. ખોવાયેલી વસ્તુ જોઈ છે ? ના પ્રશ્નમાં 'સહજ રીતે ધ્યાન પડ્યું હોય અને જોઈ હોય.' એવો અર્થ છે. ઉપરનાં ત્રણે અવતરણોમાં 'જોવું' નો અર્થ 'સહજ રીતે જોવું, આંખના સહજ અનુભવ તરીકે જોવું' એવો થાય છે.

૩. 'ડોળા ફાડીને આમ મારી સમે શું તાક્યા કરે છે ?' 'ક્ષિતિજની પાર તાકી તાકી આંખ થાકે.'

ઉપરનાં વાક્યોમાં 'એક નજરે, એકી ટશે જોયા કરવું' એવો અર્થ તાકવાનો થાય છે. એ ઉપરથી 'એકાગ્ર થઈને નિશાન લેવું' એવો અર્થ

પણ થયો છે. ટૂંકમાં પાંપણ પટપટાવ્યા વિના જોવાની ક્રિયાને 'તાકવું' કહે છે.

૪. 'જાગીને જોઉં તો જગત દીસે નહીં.'

- નરસિંહ

'હું દીસતો રહ્યો ને એણે ચાલતી પકડી'.

'દીઠો ન દુનિયા ફરેલા'

...હો ! પરિમલ દાખવો હોય જો દીઠેલો'

- નાનાલાલ

'દીસવું' એટલે આછું આછું - ઝાંખું ઝાંખું દેખાવું. થોડોઘણો અનુભવ આંખને થવો. 'હું દીસતો રહ્યો' અથવા 'એ મને દીઠે ગમતો નથી' જેવાં વાક્યોમાં 'દીસવું' અથવા 'દીઠ્ઠ ગમવું'માં 'લાચારીથી જે જોવું પડે છે,' એવો અર્થ થાય.

૫. 'બૂરા જો દેખન મૈં ગયો બૂરા ન મિલિયા કોય'

- કબીર

'મુજને સર્વભૂતોમાં સર્વભૂતોને મુજમાં
જુએ છે તે જ દેખે છે....

- 'શ્રીમદ્ ભગવદ્ગીતા

'પેલો માણસ તેને જંગલોમાં દેખી શક્યો નહીં.'

- લે મિઝરાબ્લ

'જોવું'ની જેમ જ 'આંખ વડે થતો એક અનુભવ' એટલે 'દેખવું' એમ કહી શકાય. ગુજરાતીમાં 'દેખવું' એટલે 'પ્રયત્નપૂર્વક જોવું', 'સભાન થઈને જોવું', 'સાચા અર્થમાં જોવું' એવા વિશેષ અર્થોમાં એ વપરાવા માંડ્યો છે.

૬. 'ઓસરીની થાંભલીને ટેકે ઊભો રહી તે પૂર્વાકાશની શોભા નિહાળી રહ્યો હતો.'

- લે મિઝરાબ્લ

'કોઈ લાવણ્યમયી બાળાને નિહાળવી એ પુરુષજીવનનો મોટામાં મોટો લહાવો છે. કાકને અત્યારે તેમ જ લાગ્યું.'

- ક. મા. મુનશી

કોશમાં 'નિહાળવું' એટલે 'ધારી ધારીને જોવું' એ યોગ્ય અર્થ આપ્યો છે. પરંતુ નિરાંતે, આરામપૂર્વક, જરાય ઉતાવળ વિના, ચગળતા-ચગળતા, મમળાવતા-મમળાવતા જે જોવાની ક્રિયા છે તેને 'નિહાળવું' કહી શકાય, એટલું ઉમેરીએ.

૭. 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?'

- નરસિંહ

'મારાં નયણાંની આળસ રે,
ન નીરખ્યા હરિને જરી.'

- નાનાલાલ

'તેની સાથે વાત કરતી વખતે જાણે તે તેને નીરખીને જોઈ લેતો હતો.'

- લે મિઝરાબ્લ

'નીરખવું' એટલે બરાબર જોવું, ધ્યાનપૂર્વક જોવું એવો અર્થ ઉપરનાં ત્રણે અવતરણોમાંથી નીપજે છે. ત્રીજામાં તો 'નીરખીને જોઈ લેતો હતો.' એમ લખ્યું છે. 'નીરખતો હતો' એમ કહેવા કરતાં 'નીરખીને જોઈ લેતો હતો' એમ કહેવામાં જોઈ લેવાની ક્રિયા ધ્યાનપૂર્વક, ટીકી ટીકીને કરતો હતો એમ દર્શાવ્યું છે. 'નિરીક્ષવું' અને 'નિરીખવું' કોશકારે આપ્યા છે ખરા પણ વપરાશમાં જણાતા નથી તેથી તેમને 'નીરખવું' એ શબ્દની સાથે જ લઈ લેવા જોઈએ.

૮. 'જાગીને જોઉં તો જગત દીસે નહીં.
ઊંઘમાં અટપટા ભોગ ભાસે'

- નરસિંહ

ભાંસવું એટલે ઝાંખું ઝાખું - ખોટું ખોટું - ન હોય તેવું દેખાવું. 'ભાસ થવો' એમ 'ભાસવું' એ અપ્રયત્ન અનુભવ છે અને તેથી પ્રક્રિયા છે. એની સાથે સહાયકારક માત્ર થવું આવી શકે છે. ક્યારેક 'ભાસવા લાગ્યું','ભાસ થવા લાગ્યો' વપરાય છે.

૯. 'આંખ ખોલું ત્યારે ભાળું અંધારાને
મીચું ત્યાં તડકાને લ્હારા'

- સુંદરમ્ : 'યાત્રા'

'હમણાંથી એ ઓછું ભાળે છે.'

'ભાંળવું' એટલે સહજરીતે જોવું. કોશકારે 'અવલોકવું' એવો અર્થ કઈ રીતે આપ્યો છે તે સ્પષ્ટ થતું નથી. અલબત્ત, 'ભાળ મેળવવી' જેવામાં કે 'ભાળ કરવી', 'ભાળ લેવી' જેવામાં એ સભાનપણે થતી ક્રિયા તરીકે આવે છે, પણ તેથી 'અવલોકવું' તે કર્તૃત્વની કે જવાબદારીની ભાવના સાથે જોવું એવા અર્થમાં વ્યાપક રીતે વપરાય છે એમ કહેવું વધુ પડતું લાગે છે. 'જોવું' અને 'ભાળવું' આમ તો 'સહજરીતે જોવું' એવો અર્થ વ્યક્ત કરે છે, પરંતુ એક શિષ્ટમાન્ય વપરાશ છે જ્યારે 'ભાળવું' તળપદ વપરાશ મનાય છે. 'સરખું ભાળે છે કે નહીં ?' તેવું બોલચાલમાં વધારે વપરાય. એની સાથે કંઈક તિરસ્કારનો-તુચ્છતાનો ભાવ પણ જોડાયેલો છે.

તમે પણ એવાં વાક્યો નોંધો કે જેમાં આ શબ્દો આ રીતે અમુક નિશ્ચિત સંદર્ભમાં જ વપરાયા હોય.

('લે મિઝરાબ્લ'નાં અવતરણો શ્રીમતી રમીલાબેન ભટ્ટ અને કાવ્યોમાંથી અવતરણો (કેટલાંક) શ્રી સોમાભાઈ મીઠાપરાએ શોધી આપ્યાં છે.) □

## જાણીએ જોડણી

### રામજીભાઈ પટેલ

**નિયમ ૧૫ :** તદ્ભવ શબ્દોમાં જોડાક્ષર પૂર્વેના, થડકો લાગતા, ઇ/ઉ હ્રસ્વ હોય છે. તીવ્ર અનુસ્વાર પૂર્વેના ઇ/ઉ પણ હ્રસ્વ હોય છે.

**દાખલા :** કિત્તો, કિલ્લો, ખ્રિસ્ત, ગિલ્લી, ચિત્તો, જિલ્લો, પિત્તો, ભિલ્લુ, શિસ્ત, ઇસ્તરી, બારિસ્ટર; પિંડી, સિંધ, હિંગ, લવિંગ, શિંગડું, કલિંગડ; કુત્તો, ખુલ્લું, છુટ્ટી, જુસ્સો, તુક્કો, દુલ્હા, મુક્કો; ઉમ્મર, થુત્કાર, ડુક્કર, ધુમ્મસ, જુસ્સેદાર; ગુંડો, ઝુંડ, ઝુંબેશ, કચુંબર વગેરે.

**નોંધ :** (ક) કેટલાક શબ્દોમાં તીવ્ર અનુસ્વારના વિકલ્પે કોમળ અનુસ્વાર વપરાતો હોય છે. જેમ કે, ધિંગું-ધીંગું, શિંગ-શીંગ તથા સિંગ-સીંગ; ઢિંગલી-ઢીંગલી, અઢિંગણ-અઢીંગણ, કાલિંગડું-કાલીંગડું; ઉંદર-ઊંદર, કસુંબો-કસૂંબો, ડુંગળી-ડૂંગળી, છછુંદર-છછૂંદર આવે વિકલ્પ નથી ગણ્યા; કેમ કે દીર્ઘ ઈ/ઊવાળા અનુસ્વારો તીવ્ર રહેતા નથી, એમ નિયમ ૧૪ કહે છે.

(ખ) તદ્ભવ શબ્દનો પ્રથમાક્ષર તીવ્રાનુસ્વારી ઇ/ઉ હોય તો તેના કર્મણિ અને પ્રેરક રૂપમાં પણ તે યથાવત્ રહે છે. જેમ કે નિંદવું-નિંદાવું-નિંદાવવું; ચુંબવું-ચુંબાવું-ચુંબાવવું;

(ગ) કેટલાક શબ્દોમાં જોડિયા વ્યંજનમાંથી અર્ધો વ્યંજન દૂર કરીને લખતાં આગળનો હ્રસ્વ ઇ/ઉ દીર્ઘ કરવામાં આવે છે. જેમ કે, કિન્નો-કીનો, ખિસ્સું-ખીસું, ફિક્કું-ફીકું, ટિપ્પણી-ટીપણી; છુટ્ટી-છૂટી, જુઠ્ઠું-જૂઠું. બુઠ્ઠું-બૂઠું, ભુક્કો-ભૂકો, મુઠ્ઠી-મૂઠી, ઉચ્ચક-ઊચક વગેરે

(ઘ) ઈશ્વર, ચીત્કાર, સીત્કાર, મૂલ્ય, શૂન્ય, સૂત્ર, સૂક્ષ્મ, ફૂત્કાર વગેરે સંસ્કૃત તત્સમ શબ્દો છે.

નિયમ ૧૬ : તદ્ભવ શબ્દોમાં ય્ વર્ણની પૂર્વેનો ઇ હ્રસ્વ રહે છે.

દાખલા : ત્રિયા, પિયું, બિયું, મિયાં; આગિયો, ઇયળ, કજિયો, કાછિયો, કોડિયું, કોશિયો, ખોળિયું, ઘાસિયું, ચીપિયો, છાણિયું, જાંઘિયો, ઝિયાણું, ઢાળિયું તકિયો, તાજિયો, તૂરિયું, દિય(-યે)ર, ધોતિયું, પાટિયું, પિયત, પિય(-યે)ર, ફળિયું, બખિયો, ભજિયું, મોતિયો, રસિયું, રેંટિયો, શિયળ, હાંસિયો; અગિયારી, અડિયલ, કડિયાળી, કપાસિયું. કરંડિયો કરિયાણું, કરિયાતું.. કીડિયારું, ખશિ(-સિ)યાણું, ખંડિયેર, ખાબોચિયું, ખોડિયાર, ગુણિયલ, ગોવાળિયો, ઘડિયાળ, ચોકિયાત, જર્ગાતિયું ડાફોડિ(-ળિ)યું. ડામચિયો, દમિય(-યે)લ, નાિર(-ળિ)યેર, પાણિયારું, પુરબિ(-વિ)યો, પુસ્તકિયું, ફરિયાદ, ફોઇયાત, બજાણિયો, બળદિયો, બાળોતિયું, મોટિયાર, રેઢિયાળ, લોહિયાળ, વરિયાળી, સરિયામ, સહિયર, સહિયારું, સાલિયાણું, વાવણિયો, હથિયાર, હેસિયત; અકરાંતિયું, અઠવાડિયું, અજવાળિયું, આંગળિયાત, કરિયાવર, કંગાલિ(-ળિ)યત, ચામાચીડિયું, કોટવાળિયા, ખાટસૂરિયા, જરૂરિયાત, દાં(-ડાં)ડિયારાસ, નોકરિયાત, પરબીડિયું, ફરજિયાત, ફરફરિયું, રસોઇયણ, રળિયામણું, હૂંડિયામણ; અનુભવિયણ, બહારવટિયો વગેરે.

વિકલ્પ : પિપળ-પીપળ

અપવાદ : ચીયો, પીયો, અહીંયાં

નોંધ : (ક) કડિયો, ભાણિયો, સળિયો આ નિયમને અનુસરે છે; પણ કડીઓ, ભાણીઓ, સળીઓ નિયમ ૫ ને અનુસરે છે. બંને પદોના અર્થ ભિન્ન થયા છે તે આપણે અગાઉ જોઈ ગયા છીએ.

(ખ) પીયૂષ, ગરીયસી, પટીયસી, પરકીય, પ્રજાકીય, પંચવર્ષીય વગેરે સંસ્કૃત તત્સમ શબ્દો છે.

(ગ) વિશેષનામો પણ નિયમાનુસારી રહે તો ઘીયા, ગૌંધીઆ, મડીઆ, કાપડીઆ, મણીઆર, ઝાલાવાડીઆ, મોરપરીઆ વ. શબ્દો બરાબર ન ગણાય. આ નિયમ મુજબ આ શબ્દો આ રીતે લખાય : ઘિયા, ગૌંધિયા, મડિયા, કાપડિયા, મણિયાર, ઝાલાવાડિયા, મોરપરિયા. આ જ રીતે જાળિયા, બીલિયા, ભૂતિયા, ગોઝારિયા, છાબલિયા, નડિયાદ એવાં રૂપ યોગ્ય ગણાય. *

નિયમ ૧૭ : છીએ, કરીએ, ખાઈએ, ગાઈએ, જાણીએ, જોઈએ, ધોઈએ, મારીએ, રહીએ, હોઈએ, દેખાઈએ, સાંભળીએ વગેરે ક્રિયાપદોમાં શબ્દોનો ઈએ છે, ઇયે કે ઈયે નહીં.

દાખલા : (નિયમમાં આપેલા શબ્દો ઉપરાંત)

કૂદીએ, ખોદીએ, ખોલીએ, ચૂંટીએ ચૂંથીએ, જઈએ, નાચીએ, પૂછીએ, પૂરીએ, બાંધીએ, બોલીએ, મૂકીએ બોલીએ, મૂકીએ, વાંચીએ તેડાવીએ, બોલાવીએ, ભણાવીએ વગેરે

નોંધ : (ક) સામાન્યતઃ આવા શબ્દો બાદ 'છીએ' આવે છે. જેમ કે ભૂલીએ છીએ.

(ખ) જોઈએ છીએ અને જોઈએ છે - ના અર્થ જુદા પડે છે.

(ગ) શ્રી કે. કા. શાસ્ત્રી છીએ, કરીએ જેવા શબ્દોને છિયે, કરિયે જેવા કરી ઈએ નહીં પણ ઇયે રાખવાની હિમાયત કરે છે. આપણા નિયમ ૧૬ને મળતી આ બાબત ઉચ્ચારની દૃષ્ટિએ વધુ અનુકૂળ જણાય છે. પણ વ્યવસ્થાની દૃષ્ટિએ વિવાદ છે.

નિયમ ૧૮ : ધાતુના ભૂતકૃદંતનો મૂળ સંસ્કૃત પ્રત્યય 'એલ-એલું' લગાડતાં પૂર્વે જો અ, આ કે ઓ સ્વર હોય તો તદ્ભવ શબ્દોમાં 'યેલ-યેલું' લગાડવામાં આવે છે. અર્થાત્ આવા શબ્દોમાં ઉપાન્ત્ય સ્વર 'એ' પૂર્વે 'ય્' ઉમેરવામાં આવે છે.

દાખલા : થયેલ-થયેલું, ખવાયેલ-ખવાયેલું, ગવાયેલ-ગવાયેલું, જણાયેલ-જણાયેલું, દેખાયેલ-દેખાયેલું, બોલાયેલ-બોલાયેલું, શોધાયેલ-શોધાયેલું, ગોઠવાયેલ-ગોઠવાયેલું, સચવાયેલ-સચવાયેલું, સંભળાયેલ-સંભળાયેલું, સ્વીકારાયેલ-સ્વીકારાયેલું, ખોયેલ-ખોયેલું, જોયેલ-જોયેલું, ધોયેલ-ધોયેલું વગેરે. (ક્રમશઃ)

## પરિચયની ટ્રસ્ટની પુસ્તિકાઓ

**ઇંદિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી** (લેખક : રામલાલ પરીખ), **આચાર્ય કૃપાલાની** (પ્રકાશ ન. શાહ), **ભારત આંકડામાં : ૧૯૯૦** (દીપક દોશી), **આપણાં વાજિંત્રો** (સ્નેહલ મુઝુમદાર), **કવિ બાલાશંકર** (સુધા અંજારિયા) અને **ગ્રાહક સુરક્ષા** (પ્રબોધ જોશી)

પ્રત્યેક પુસ્તિકાના ૩૨ પાનાંના વિસ્તારમાં જે તે વિષયની વિગતે માહિતી અને સમજ આપતી છ પુસ્તિકાઓ. પ્રથમ ત્રણ દરેકની કિં. ૩ રૂ. અને છેલ્લી ત્રણની કિં. દરેકના ૪ રૂ.

**શેઠ મોતીશાહ.** લગભગ પોણા બસો વર્ષ પૂર્વે શત્રુંજયની ટૂંકમાં જિનમંદિરની રચના કરાવનાર ઉદાર અને ઉદાત્ત શેઠ મોતીશાહની આશ્ચર્યમુગ્ધ કરી નાખે તેવી જીવનઘટનાઓ સાથેનું પ્રેરક અને સંક્ષિપ્ત જીવનચરિત્ર (પૃ. ૬૦, કિ. ૧૦ રૂ.)

**અભિચિંતના.** સામાજિક, સાહિત્યિક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ રાજકીય ઇત્યાદી વિધવિધ વિષય પરના ચૌદ વિચારપ્રેરક લેખો. (પૃ.૧૬૫, કિં. ૪૫ રૂ.)

**બેરરથી બ્રિગેડિયર.** એન.સી.સી.માં અફસરપદોની વિધવિધ લશ્કરી તાલીમ દરમિયાન તે માટે યોજાએલા કેમ્પોમાં પરિચયમાં આવેલી વિવિધ લાક્ષણિકતાઓ અને વ્યક્તિત્વવાળી વ્યક્તિઓનાં સોળ રોચક રેખાચિત્રો. સત્ય ઘટનાત્મક આત્મલક્ષી પ્રકારનાં અંગત અનુભવો સાથે વણાએલાં આ રેખાચિત્ર માત્ર પરિચયો ન બની રહેતાં ટૂંકી વાર્તાઓની જેમ રજૂઆત પામતાં હોઈ તેની રોચકતા વિશેષ આકર્ષક બની રહી છે. (પૃ. ૨૪૮, કિં. ૬૦ રૂ.)

આ ત્રણે પુસ્તકના લેખક અને પ્રકાશક ડૉ. રમણલાલ ચી. શાહ. ત્રણે પુસ્તકો ક્રાઉન સાઈઝમાં અને પાકાં પૂઠાંની બંધાઈમાં છે. મુખ્ય વિક્રેતા : નવભારત સાહિત્ય મંદિર, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨

**સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧ થી ૫.** કાઠિયાવાડના લોકસાહિત્યને સંશોધીને સ્વ. ઝવેરચંદ મેઘાણીએ એકઠી કરેલી લોકકથાઓના અતિ લોકપ્રિય બનેલાં કથાનકોનો સંગ્રહ. શૌર્ય, સ્નેહ અને સતવાદીપણાની આમાંની એકેએક કથા પ્રતાપી ભૂતકાળને જીવતો કરી તેના અસલી માહાત્મ્યની સમજ આપે છે. (ક્રાઉન સાઈઝમાં કુલ ૮૦૩ પૃષ્ઠના વાચનના આ પાંચ ભાગની કુલ કિં. ૧૦૦ રૂ. પ્રકાશક: પ્રસાર, ૧૦૮૮, આનાભાઈ એવન્યુ, ભાવનગર ૩૬૪ ૦૦૨) □




આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે

ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું કે વરસાદ ભીંજવે

**રમેશ પારેખ**

## દાદાસાહેબ ફાળકે એવૉર્ડના આ વર્ષના વિજેતા

ભારતીય ચલચિત્ર જગતમાં પ્રતિષ્ઠાવંત ગણાતો દાદાસાહેબ ફાળકે એવૉર્ડ આ વર્ષે મરાઠી ફિલ્મક્ષેત્રમાં સવિશેષ ખ્યાત ફિલ્મનિર્માતા ભાલ પેંઢારકરને એનાયત થયો છે. ભાલચંદ્ર ગોવિંદ પેંઢારકર એ એમનું પૂરું નામ. ફિલ્મનિર્માતા ઉપરાંત રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના એક નિષ્ઠાવાન સ્વયંસેવક તથા વર્ષો સુધી કોલ્હાપુરના સંઘસંચાલક તરીકે તેમની ખ્યાતિ છે. લોકમાન્ય ટિળક એમના પ્રેરણાપુરુષ રહ્યા છે. સ્વાતંત્ર્યવીર સાવરકરના એ ભક્ત છે. બાબારાવ સાવરકરના એ ખાસ પ્રીતિપાત્ર હોઈ એમના થકી તેઓ સંઘના સ્થાપક ડૉક્ટર હેડગેવારના સંપર્કમાં આવ્યા અને ત્યારથી તેઓ સંઘની ભાવનાઓના ચુસ્ત અનુયાયી રહ્યા છે. ફિલ્મક્ષેત્રમાં આવ્યા પૂર્વે તેઓ પત્રકાર હતા.

ઈ. ૧૯૨૦માં એમણે ફિલ્મક્ષેત્રમાં પ્રવેશ કર્યો. મૂગી ફિલ્મોનો એ યુગ હતો. ૧૯૨૪માં એમણે પહેલી ફિલ્મ બનાવી - 'પૃથ્વીવલ્લભ.' ઈ. ૧૯૨૭માં એમણે 'વંદેમાતરમ્ આશ્રમ' નામની ફિલ્મ બનાવી દેશ પ્રત્યેની પોતાની ભાવનાઓને ભારે હિંમતથી રજૂ કરી હતી. 'વંદેમારમ્' ઉચ્ચારવા માટે પણ ભારે સજા થતી એવા અંગ્રેજ શાસનનાં એ વર્ષો હતાં. એમની આ ફિલ્મ ઉપર પણ સાતસાત વાર શાસનની કાતર ફરેલી. દાદાસાહેબ તોરણેની ફિલ્મ 'ભગવા ઝંડા'માં પણ એમનો મોટો સહયોગ હતો. સરસ્વતી સિનેટોન દ્વારા નિર્મિત આ ફિલ્મનું ૧૯૩૮ની ૧૭ જૂનના રોજ ડૉ. હેડગેવારના હસ્તે પૂણેના મિનર્વા થીએટરમાં ઉદ્‌ઘાટન થયેલું.

સિંહગઢ, શ્યામસુંદર, સાવિત્રી, રાજા ગોપીચંદ, નેતાજી પાલકર, ગોરખનાથ વગેરે એમની ઉત્કૃષ્ટ ફિલ્મો છે, જેમાં સ્થાપિત મૂલ્યો પ્રત્યેના આપણા સંઘર્ષોની ગૌરવમય ગાથા છે. આ બધી ફિલ્મો મરાઠીમાં હોઈ અન્ય પ્રાંતોમાં ઓછી ખ્યાત છે. આમાંની 'શ્યામસુંદર' એ રજતજયંતી ઉજવનાર કદાચ પહેલી ભારતીય ફિલ્મ હતી. ફિલ્મનિર્માણમાં એમનો ઉદ્દેશ મનોરંજન કરતા લોકકેળવણીનો વિશેષ રહ્યો છે. એમણે ૬૦થી યે વધુ મરાઠી અને ૮ જેટલી હિન્દી ફિલ્મો બનાવી છે. ૧૯૪૨માં રજૂ થયેલી એમની ફિલ્મ 'સૂનબાઈ'માં એમણે આધુનિક યુવતીના અંતરમનના સંઘર્ષને વિશદતાથી અભિવયક્ત કરી સમાજનાં નવાંજૂનાં પાસાંનું સુંદર વિશ્લેષણ કર્યું છે. મરાઠી સિનેસૃષ્ટિને એમણે અનેક અચ્છા કલાકારો આપ્યા છે. 'સાધી માણસ' અને 'તાંબડી માટી' એમનાં આ બે ચલચિત્રોને અનુક્રમે ૧૯૬૫ અને ૧૯૬૭માં રાષ્ટ્રિય તેમજ રાજ્યના પુરસ્કારો મળ્યા હતા.

સિનેઉદ્યોગને મજબૂત પાયા પર મૂકવામાં યે એમનો મોટો ફાળો રહ્યો છે. આજે જૈફ વયે પણ તેઓ લેખક, દિગ્દર્શક તેમજ નિર્માતાનાં કામમાં સક્રિય છે. એમનો પોતાનો સુસજ્જ સ્ટૂડિઓ પણ હતો. ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ ત્યારે આવેશમાં આવી ગએલા સંઘવિરોધી લોકોએ ત્યારના આ સંઘચાલકના સ્ટૂડિઓને બાળી નાખ્યો હતો. પણ એથી હતાશ ન થતાં હિંમત રાખી એમણે ફરી એ ઊભો કર્યો હતો.

## કેનોપનિષદ

**પ્રથમ ખણ્ડ**

केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः
प्रैतिक्तः ।
केनेषितां वाचामिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो
युनक्तिः ॥ १ ॥

श्रोत्रस्ग श्रोत्रं मनसो मनो यद् वाचो ह वाचं स
उ प्राणस्य प्राणः ।
चक्षुषश्चक्षुरतिमुच्य धीराः ।
प्रेत्गास्माल्लोकादमृता भवन्ति ॥ २ ॥

न तत्र चक्षुर् गच्छति न वाग् गच्छति नो मनो न
विद्‌मो न विजनीमो यथैतदनुशिष्यात् अन्यदेव
तद् विदितादथो अविदितादधि । इति शुश्रुम
पूर्वेषां ये नस्तद् व्याचचक्षिरे ॥ ३ ॥

ઇચ્છાથી કોની થતું પ્રેરિત આમ ચિત્ત?
કોના વડે પ્રથમ પ્રાણ ક્રિયાથી યુક્ત?
કોના કહ્યાથી વદતા સહુ આમ વાણી?
છે કોણ દિવ્ય, દૃગ-કર્ણનું દોરનાર ? ૧

તે કર્ણનું કર્ણ, મને રહ્યું મન,
વાણીની વાણી, ત્યમ પ્રાણ પ્રાણનો,
ને ચક્ષુનું ચક્ષુ; અતિક્રમી જતાં
આ લોક; પામે ચિર, ધીર, સમ્મુદા. ૨

વાણીની કે ચક્ષુની ના ગતિ ત્યહીં,
કે ના ત્યહીં છે ગતિ ચિત્તનીય તે.
અભિજ્ઞ ના એથી અમે, ન જાણીએ
જિજ્ઞાસુને બોધ અપાય કેમ તે.
જાણ્યાથી તે ભિન્ન, અને અજાણથી
તે છે સદાયે પર, એમ છે સુણ્યું
અમે પુરા પ્રાજ્ઞજનોથી, જેમણે
એના વિશે સ્પષ્ટ કીધી વિવેચના. ૩

**રાજેન્દ્ર શાહ**

પોતાની ફિલ્મોમાં એમણે કોઈ ને કોઈ સશક્ત સામાજિક સંદેશ આપવાની નેમ દાખવી છે. પોતાનું ગૌરવ, પોતાનું લક્ષ્ય અને પોતાનો આદર્શ જાતે જ નિશ્ચિત કરી એમણે પોતાના જીવનમાં એ સિધ્ધ કરી બતાવ્યાં છે. એમને માટે ફિલ્મનિર્માણ એ ધર્મ સમાન હોઈ ફિલ્મજગત ના અવનવા પ્રવાહોથી અવિચળ રહી એમણે પોતાના લક્ષ્યને વળગી રહીને એ કામ સતત જારી રાખ્યું છે. આછકલા-

વેડાથી ભરપૂર, પોકળ આદર્શોના ઢોલ પીટતી અને વેવલો પ્રેમ તથા મારફાડનાં ધમપછાડાવાળી ફિલ્મોના આ યુગમાં યે પોતાની ધ્યેયનિષ્ઠામાં દૃઢ રહી કોઈ ને કોઈ આવકાર્ય સંદેશ આપતી ફિલ્મોના આ નિર્માતાને આપણાં અભિનંદન.

('સાધના'માંથી તારવીને)

## આપણી તબીબી સેવાઓ

*(અમદાવાદમાં અનડા ટ્રસ્ટના સ્થાપક અને જાણીતી પ્રકાશન પેઢીના માલિક અનડા પરિવાર એક સ્થિતિસંપન્ન પરિવાર છે. આ વિશાળ પરિવારના એક સંતાન ભૂમિકની આઠ વર્ષની વયમર્યાદામાં એણે પોતાની દીર્ઘ માંદગી સામે હસતે મોંએ જે લડત આપી તથા તેની સાથેસાથે અભ્યાસ વગેરે ક્ષેત્રમાં જે કૌશલ દાખવ્યું તેની સ્મૃતિઓ સાથે 'અધૂરી કંડારેલી કેડી' નામે સ્મરણાંજલિ રૂપે એક પુસ્તિકા આ ટ્રસ્ટે પ્રકાશિત કરી છે. તેમાં સ્વ. ભૂમિકની ટૂંકી જીવનયાત્રાનાં મીઠાં સ્મરણો સાથે એની માંદગીની ઉપલબ્ધ બધી જ શ્રેષ્ઠ સારવાર પાછળ પરિવારે જે કંઈ કર્યું તેની વિગત પણ આપી છે. આ સારવાર દરમિયાન થયેલા અનુભવોના તારણ રૂપ 'આપણી તબીબી સેવાઓ' અંગે એક વિચારણીય પ્રકરણ પણ મૂક્યું છે. અહીં એ ઉદ્ધૃત કર્યું છે. - સં)*

આપણા દેશમાં દરેક ક્ષેત્રમાં પરિવર્તન આવી રહ્યું છે. તેવી રીતે દાક્તરી સેવાઓમાં પણ પરિવર્તન આવી ગયું છે. સરકાર આરોગ્ય સેવાઓ માટે દરેક જિલ્લામાં સરકારી સિવિલ હૉસ્પિટલ નિભાવે છે. તેની પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે.

અમદાવાદમાં આવેલી સરકારી સિવિલ હૉસ્પિટલ એશિયામાં સૌથી મોટી હૉસ્પિટલ તરીકે પ્રખ્યાત છે. પરંતુ તેની તબીબી સેવાઓનું જે અવમૂલ્યન થયું છે તે તરફ લક્ષ આપવાનું કે તેને સુધારવાનું આપણી સરકારનું લક્ષ જતું નથી. પ્રજાના પ્રતિનિધિ તરીકે આપણા આરોગ્યપ્રધાન કેટલીકવાર હૉસ્પિટલની મુલાકાત લે છે ત્યારે તેમની સાથે એવું લોખંડી કર્મચારીઓનું, પટાવાળાનું સંરક્ષણનું ચોકઠું ગોઠવી દેવામાં આવે છે કે પ્રજાની ફરિયાદો તેઓ જોઈ કે સાંભળી શકતા નથી. ફરિયાદો તેમને પહોંચતી જ નથી.

પ્રજાના ઉત્તમ આરોગ્ય માટે પર્યાવરણ અને સ્વચ્છતા એ પ્રથમ અગત્યનાં સાધનો છે. અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં ક્ષમા ના આપી શકાય તેટલી અસ્વચ્છતા દૃષ્ટિગોચર થાય છે. મુખ્ય ડૉક્ટરો હોશિયાર, પ્રામાણિક, નિષ્ઠાવાન, અને લાગણીશીલ હોવા છતાં હાથ નીચેના ડૉક્ટરો, નર્સો અને કર્મચારીઓની સદ્‌ભાવનાના અભાવે દર્દીઓ યોગ્ય સેવાઓ મેળવી શકતા નથી. યુનિયન પ્રવૃત્તિ, નોકરીની જડબેસલાક સલામતીથી નિષ્ઠાઓમાં ઊભો થયેલો અભાવ દર્દીઓને આપવાની સેવાઓમાં અવરોધક બને છે. સરકારનું વધુ પડતું વહીવટી અને તુમારી તંત્ર, હોશિયાર અને નિષ્ઠાવાન ડૉક્ટરોની સેવાઓનો ઉપયોગ લેવામાં અડચણરૂપ બને છે.

સામાન્ય નાગરિક માટે સરકારી હૉસ્પિટલની સેવાઓ સસ્તી છે. પણ દવાઓ ખૂબ મોંઘી છે. એટલે સામાન્ય નાગરિક સિવિલ હૉસ્પિટલ સિવાય ખાનગી હૉસ્પિટલમાં સેવા લેવી મુશ્કેલ બને છે. નબળી આર્થિક સ્થિતિને લીધે ઘણાની લાચારી છે.

દરેક નાગરિકને ઉત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે તેનો બંધારણીય અધિકાર છે. દરેક નાગરિક રાજયને તે માટે કર આપે છે. પ્રજાના પૈસાથી જ રાજ્ય સરકાર સિવિલ હૉસ્પિટલ ચલાવે છે. છતાં નાગરિકને પ્રજાના કરતાં પૈસાનું વળતર સેવારૂપે ના મળી રહે તો તેનો દોષ રાજ્ય સરકારનો છે. એશિયામાં સૌથી મોટી હૉસ્પિટલનું બિરુદ લેવા કરતાં ભલે નાની પણ એશિયામાં ઉત્તમ આરોગ્ય સેવાનું બિરુદ મળે તે વધુ યોગ્ય ગણાય. હવે તો અમદાવાદ શહેરનો વિસ્તાર સો ચોરસમાઈલથી પણ વધુ થયો છે. ત્યારે એક સરકારી હૉસ્પિટલને બદલે ચાર દિશાઓમાં ચાર નાની નાની હૉસ્પિટલો હોય તો જ સારી સેવાઓ આપી શકાય. 'Small is beautiful' એ પ્રજાના હિતમાં હોઈ તાકીદે અમલ કરવાની જરૂર છે.

સરકારી હૉસ્પિટલોની સેવાઓ ખાડે ગઈ છે. એટલે જ શહેરમાં ઠેરઠેર ખાનગી હૉસ્પિટલોનો રાફડો ફાટતો જાય છે. શહેરમાં એમ.બી.બી.એસ. થઈને જનરલ પ્રેક્ટિસ કરનારની ખોટ વધતી જાય છે. જ્યારે પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ નિષ્ણાતોની સેવાઓ વધતી જાય છે.

પ્રજાને સરકારી હૉસ્પિટલોની સેવાઓમાં વિશ્વાસ અને શ્રદ્ધા રહ્યાં નથી એટલે પ્રજા પોતાના વહાલા દર્દી માટે ના પરવડતું હોવા છતાં પેટે પાટા બાંધીને મોંઘી ખાનગી ડૉક્ટરોની સેવાઓ લેવા જાય છે.

ખાનગી ડૉક્ટરો અને હૉસ્પિટલોને પોતાને પોતાના પ્રશ્નો છે. ખાનગી હૉસ્પિટલો ચલાવવા માટે સારી સેવાઓ આપવા માટે ખાનગી ડૉક્ટરોને ખૂબ મૂડીરોકાણ કરવું પડે છે. રોકાણ કર્યા પછી પણ મોટી ફી આપવા કેટલા ગ્રાહકો આવશે તે પ્રશ્ન હોય છે. સામાન્ય રીતે હૉસ્પિટલો કરવા માટે ૨૫ થી ૩૦ લાખ રૂપિયાનું રોકાણ કરવું પડે છે. હૉસ્પિટલમાં સારી સેવાઓ મળી રહે તે માટે અદ્યતન સાધનો, ૨૪ કલાક ડૉક્ટર અને નર્સની સેવાઓ મળી રહે તેની ગોઠવણ રાખવી પડે છે. સ્વચ્છતા માટે સફાઈ કામદારો પણ રાખવા પડે છે. આ બધા ખર્ચ કર્યા બાદ દર્દીઓ મળશે કે કેમ તે સવાલ તો ઊભો જ રહેતો હોય છે.

ઘણા નિષ્ણાત ડૉક્ટરો હોવાથી અંદર અંદર હરીફાઈ પણ થાય છે. જૂના અને અનુભવી-જાણીતાને છોડીને આ સંજોગોમાં ઠેરઠેર ફાટી નીકળેલી હૉસ્પિટલો બધી જ સારી રીતે ચાલે છે એમ કહી શકાય તેમ નથી.

આ બધા ખર્ચા કાઢવા અને નિભાવવા માટે ખાનગી હૉસ્પિટલો અને ડૉક્ટરોએ યોગ્ય ફી પણ લેવી જ પડે. આ 'યોગ્ય' શું હોઈ શકે તે મોટો પ્રશ્ન છે. અને તે સાપેક્ષ છે. ખાનગી ડૉક્ટરો મોટેભાગે હૉસ્પિટલચાર્જ કે કન્સલ્ટેશન-ફીનાં કોઈ બિલ કે પહોંચ આપતા નથી. આ અંગે તેમનો બચાવ થઈ શકે તેમ નથી.

સરકારી હૉસ્પિટલ સામે ખાનગી હૉસ્પિટલો પ્રજાને સારી સેવાઓ આપે. નાગરિકો-દર્દીઓ તથા તેના વાલીઓ સાથે માનવીય વ્યવહાર કરે તો પ્રજા ખાનગી હૉસ્પિટલમાં વધુ પૈસા ખર્ચીને જાય તે સ્વભાવિક છે. ખાનગી હૉસ્પિટલોમાં લેબૉરેટરી રિપોર્ટ અમુક લેબૉરેટરીઓમાં કઢાવવાનો આગ્રહ રાખવામાં આવે છે. આની પાછળ રિપોર્ટની ચોકસાઈનું કારણ હશે, પરંતુ દર્દી સાથે દર્દીના સંબંધીઓને આ અંગે જે દોડાદોડ, ત્રાસ અને માનસિક ચિંતા અને આર્થિક બોજો ઉપાડવો પડે છે તે ભારે વિટંબણા ઉપજાવે છે. સરકારી હૉસ્પિટલમાં એક સ્થળે બધા જ રિપોર્ટ મળી જાય છે. તેમાં દર્દીને તેનાં સગાંઓને ચિંતા કે દોડાદોડ રહેતાં નથી. કહેવાય છે કે ખાનગી ક્ષેત્રની લેબૉરેટરીઓ સાથે સારા ડૉક્ટરોનાં ગઠબંધન હોય છે. એટલે જ અમુક ગોઠવાયેલી લેબૉરેટરીઓના રિપોર્ટ અંગે જ આગ્રહ રાખવામાં આવે છે. આ અંગે ડૉક્ટરોનાં મંડળ તરફથી અધિકૃત લેબૉરેટરીઓની યાદી શું ના બનાવી શકાય ?

(અનુસંધાન પાન ૩૧૦ ઉપર)

તુલસી પર ઘર જાયે કે, દુઃખ ન કહીએ રોય,
માન ગુમાવે આપણો, બાંટ ન લેવે કોય.

માઈકલ એન્જેલોના ટાંકણે ઘડાતી મૂર્તિને અઠવાડિયા પહેલાં જોઈ ગએલા એક મિત્રે આવી એને કહ્યું, 'આ અઠવાડિયે તેં કંઈ કામ કર્યું લાગતું નથી.' ત્યારે માઈકલે જવાબમાં કહ્યું, 'મેં એની પાછળ સખત પરિશ્રમ લીધો છે. કપાળની કરચલી જરા ઊંડી કોતરી છે. આંખનાં ભવાં લગભગ બદલી નાખ્યાં છે અને ચહેરા ઉપર નવી રેખાઓ પણ ઉમેરી છે.' મિત્રે કહ્યું, પણ એ બધા તો બહુ ઝીણા ફેરફારો છે.

'હા,' માઈકલે ઉત્તર વાળતા કહ્યું, 'પરંતુ એવી ઝીણવટથી જ કામ સંપૂર્ણ બને છે.'

¤

ઓરિસ્સાના દરિયાકિનારે પશ્ચિમ બંગાળમાં ગંગાના ડેલ્ટા પ્રદેશ પાસે તથા આંદામાન પાસેના કેટલાક ભાગમાં દરિયાનું પાણી ઓછામાં ઓછું ખારું હોય છે. લગભગ ૩ ટકા જેટલી જ તેમાં ખારાશ જાણવા મળી છે.

¤

દક્ષિણ અમેરિકામાં ચિલીમાં કેલામા નજીક ડેઝેર્ટો દ આરાકામા નામક વિસ્તારમાં વરસાદ જ પડતો નથી. સદીઓથી ત્યાં વરસાદ પડ્યો નથી.

¤

રસોઈ બનાવતી વખતે ક્યારેક તે દાઝીને તળિયે ચોંટી જતાં વાસણને સાફ કરવું મુશ્કેલ બને ત્યારે ડુંગળીનાં થોડાં પતીકાં અને એક-બે ચમચી મીઠું નાખેલું પાણી આખી રાત દાઝેલો ભાગ ડૂબે તે રીતે રાખી મૂકવાથી સવારે તે વાસણ સહેલાઈથી સાફ થઈ શકશે.

¤

જાણો છો કે વરસાદનું ટીપું કલાકના લગભગ સાત માઈલની ઝડપે પૃથ્વી પર પડે છે ?

¤

ઘડિયાળીની દુકાને જઈ એક તોફાની બારકસે પૂછ્યું, 'આ એલાર્મ ઘડિયાળ સાથે ભેટમાં શું આપો છો?'

દુકાનદારે જવાબ આપ્યો, 'ઊંઘની ગોળીઓ.'

¤

મોસ્કોમાં વસતા આર્તિમિયેવે ટેસ્ટ ટ્યૂબમાં લીલા રંગનું બનાવટી મરચું તૈયાર કર્યું છે. મરચામાં જદ પ્રકારનાં તત્ત્વો હોય છે. જે તેનાં સ્વાદ અને ગંધ બનાવે છે. આર્તિમિયેવે તેમાંથી માત્ર આઠ જ તત્ત્વોની મદદથી આ મરચું તૈયાર કર્યું છે.

¤

વાટેલી હિંગને ડૂંટીમાં ભરવાથી કે આંકડાનાં પાનને ગરમ કરી પેટ પર બાંધવાથી પેટનો દુઃખાવો મટે છે.

¤

દુનિયામાં લગભગ ડદદદ જેટલી ભાષાઓ બોલાતી હોવાની ગણતરી છે. આમા જઠડ જેટલી તો ભારતીય છે.

¤

ભાવનગરની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં કારકુનની ફરજ બજાવતા શ્રી ઉદય ઠક્કરે દિલ્હી ખાતે 'લિમકા બુક ઓફ રેકોર્ડ'ના કાર્યાલયમાં આ વર્ષના માર્ચ માસની કઠમી તારીખે સતત ક કલાક અને જ સેકન્ડ સુધી મટકું પણ માર્યા વગર આંખ ખુલ્લી રાખી નવો વિશ્વ વિક્રમ સ્થાપ્યો છે.

¤

'વેધર-ફિશ' નામની એક માછલી થાય છે. તે આગળ-પાછળ જાય તેના પરથી આગામી હવાઈ તોફાનની આગાહી થાય છે.

¤

હળદર અને આમળાનો ભૂકો સરખે ભાગે લઈ રોજ સવાર-સાંજ પાણી સાથે ફાકી જવાથી અમ્લપિત્તમાં ફાયદો થાય છે.

¤

જર્મનીના જરજન બ્રેમરે સૌર ઊર્જાથી સાઈકલ ચલાવી શકાય તેવું 'સોલર મોડ્યૂલ' નામનું યંત્ર તૈયાર કર્યું છે. આ યંત્રને સાઈકલના કેરિયર પર લગાવાય છે અને સૌર ઊર્જાથી સાઈકલ કલાકના ઠડ કિલોમીટર સુધીની ગતિએ ચલાવી શકાય છે.

¤

अकृत्वा पर संतापम्
अगत्वा खलनम्रताम् ।
अनुसृत्ये सतां मार्गम्
यत् स्वल्पमपि तद् बहु ॥

બીજાને બહુ કષ્ટ આપ્યા વગર, દુષ્ટ આગળ નમ્યા સિવાય, સત્પુરુષોનું અનુસરણ કરતાં કરતાં જો થોડું મળે તો તેને પણ ઘણું માનજો.

## ગણિતગમ્મત

તમે કોઈ એક સંખ્યા મનમાં ધારો. હવે તે સંખ્યાને બે વડે ગુણો. જે જવાબ આવે તેમાં ૧૦ ઉમેરીને બે વડે ભાગો. હવે જે સંખ્યા આવે તેમાંથી તમારી ધારેલી સંખ્યા બાદ કરશો તો જવાબ હમેશાં ૫ આવશે.

¤

કહેવતોના અર્થ: 'ઘાંયજાની કોથળીમાં સજાયો (અસ્ત્રો)' આ કહેવત છીછરા મનનાં માણસોને મોટી પ્રાપ્તિ થતાં અભિમાનથી ફૂલ્યા ફરે તે તોર દર્શાવે છે. આવી અન્ય કહેવતો: 'ગધેડી ફૂલેકે ચડી', 'હું પહોળી ને શેરી સાંકડી'.

¤

## કલાકણિકા



ઈસ્વી સન પૂર્વે ૧૨ થી ૧૧મી સદીનું એક ચીની પૂજાપાત્ર-ત્સુન, જેમાં બકરાની જોડનું સુંદર સંયોજન કર્યું છે.

¤